અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, મહા સુદ ૧૪ | અંક : ૨૨૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ०१५. ટેલિફોન : ०७૯-૨૬૭૬૫૭33 e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### પરીક્ષા પે ચર્ચામાં પીએમનો વિદ્યાર્થીઓને બોધપાઠ I બધાની પાસે ૨૪ કલાક જ હોય છે, એટલે ન વાંચવાનાં બહાનાં ના કરો I ટાઇમનું યોગ્ય મેનેજમેન્ટ શીખો

# વિદ્યાર્થીઓ ક્રિકેટમાંથી ધ્યાન કેન્દ્રિત કરવાનું શીખી શકે છે : વડાપ્રધાન મોદી





પીએમએ વિદ્યાર્થીઓને કહ્યું કે પરીક્ષા માટે પોતાની જાતને તમારે તૈયારી કરવી પડશે, તમારા પર દબાણ છે. વડાપ્રધાન મોદીએ ક્રિકેટનું ઉદાહરણ આપતાં કહ્યું હતું કે ક્રિકેટ રમતી વખતે સ્ટેડિયમમાંથી અવાજ આવે છે. કોઈ કહે છે ફોર, કોઈ કહે છે સિક્સ. પરંતુ બેટ્સમેન શું કરે છે? તે બોલને જુએ છે. જો તે આ બધામાં સામેલ થઈ જાય કે દર્શકોએ કહ્યું છે કે મારે સિક્સ ફટકારવાની છે લગાવી દઉં તો તે આઉટ થઇ જશે. જેનો અર્થ એ છે કે તેને દબાણની કોઈ પરવા નથી. તેનું સંપૂર્ણ ધ્યાન બોલ પર છે. પીએમ મોદીએ વિદ્યાર્થીઓને કહ્યું હતું કે જો તમે પણ તે પ્રેશરને મનમાં ન લેતા તમારુ ધ્યાન આજે મે આટલો અભ્યાસ કરવાનું નક્કી કરી લીધું હતું છે અને જો તેઓ કરી લો છો તો તમે તે પ્રેશરમાંથી બહાર નીકળી શકશો.

## પીએમ મોદીએ વિદ્યાર્થીઓને કહ્યું કે, તમારા માટે સ્વસ્થ આહાર લેવો મહત્ત્વપૂર્ણ છે, તેમજ અભ્યાસની સાથે સાથે સારી ઊંઘ લેવી પણ જરૂરી છે

I (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ I

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દર વર્ષે બોર્ડની પરીક્ષા પહેલાં બાળકો સાથે પરીક્ષા પે ચર્ચા યોજે છે. જેમાં સોમવારે પરીક્ષા પર ચર્ચાની ૮મી આવૃત્તિમાં, તેમણે દેશના વિવિધ રાજ્યોના ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી અને તેમને તણાવ મુક્ત અને સ્વસ્થ રહેવાની ટિપ્સ આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું કે કેવી રીતે લીડર બની શકાય છે. આ ઉપરાંત પીએમ મોદીએ વિદ્યાર્થીઓને તેમના લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત રાખવાની પણ શીખ આપી હતી. પીએમ મોદીએ વિદ્યાર્થીઓને કહ્યું કે, તમારા માટે સ્વસ્થ આહાર લેવો મહત્ત્વપૂર્ણ છે. તેમજ અભ્યાસની સાથે સાથે સારી ઊંઘ લેવી પણ ખૂબ જ જરૂરી છે. બાળકોએ ગૂગલ પર એ ન જોવું જોઈએ કે શું ખાવું અને શું ન ખાવું જોઈએ બસ જે હેલ્ધી છે એ જ ખાવું જોઈએ. તેમજ માતા-પિતા જે આપે છે તે ખાવું જોઈએ અને સ્વસ્થ રહેવું જોઈએ. આ ઉપરાંત લખવાની બાબતને લઈને પીએમ મોદીએ કહ્યું કે, લખવાની આદત ખૂબ જ જરૂરી છે. તમે ગમે તે લખો તો પણ આ આદત તમારા વિચારોને બાંધવાનું કામ કરશે. ટાઈમ મેનેજમેન્ટ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. પીએમ મોદીએ કહ્યું કે, સૌથી પહેલાં આપણે આપણા સમય વિશે વિચારવું પડશે કે હું મારા સમયનો વધુ ઉપયોગ કેવી રીતે કરી શકું. હું આ બાબતે ખૂબ જ સાવધ છું. સમયનો ઉપયોગ કેવી રીતે કરવો એ બધું કાગળ પર લખવું જોઈએ અને ટાઈમ મેનેજમેન્ટ કરવું જોઈએ. તેને દરરોજ માર્ક કરો અને જુઓ કે તમે કયા કાર્યો સમયસર પૂર્ણ કર્યા છે. પીએમ મોદીએ કહ્યું કે, વ્યક્તિએ હંમેશા પડકારોનો સામનો કરવો જોઈએ, કોઈપણ વિષયને પડકાર તરીકે જોવો જોઈએ. જે વિષય તમને ડરાવે છે તેને પહેલા ઉકેલવો જોઈએ. જ્ઞાન અને પરીક્ષા બે અલગ વસ્તુઓ છે. આ સાથે શિક્ષકોને ટાંકીને પણ પીએમ મોદીએ વાત કરી અને કહ્યું કે, શિક્ષકોનું કામ વિદ્યાર્થીઓની ક્ષમતાઓને ઓળખવાનું પણ છે. પીએમ મોદીએ બાળકોને એ પણ જણાવ્યું કે તેઓ તેમના મનને કેવી રીતે શાંત રાખી શકે છે. તેમણે કહ્યું કે, અર્થહીન વાત કરવાને બદલે પોતાના પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. જો તમે અન્ય બાબતો વિશે વધુ પડતી વાત કરશો તો તમારું મન ભટકશે. ધ્યાન કેન્દ્રિત કરવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તમારે નક્કી કરવાનું છે કે તમારે તમારી નિષ્ફળતાને તમારો શિક્ષક બનાવવો પડશે. જીવનનો મતલબ માત્ર પરીક્ષાઓ જ નથી. માતા-પિતાને અપીલ કરતાં પીએમ મોદીએ કહ્યું કે, દરેક માતા-પિતાની કેટલીક અપેક્ષાઓ હોય છે.

### દુનિયાનું દરેક બાળક એક સરખું નથી હોતું, કેટલાક બાળકો રમતમાં સારા અને અભ્યાસમાં નબળા હોય છે

તેમનું સોશિયલ સ્ટેટસ જ તેમના માટે અવરોધ બની જાય છે. હું માતાપિતાને અપીલ કરું છું કે તેઓ તેમના બાળકને દરેક જગ્યાએ એક મોડેલ તરીકે ઊભા ન કરે. દુનિયાનું દરેક બાળક એક સરખું નથી હોતું. કેટલાક બાળકો રમતમાં સારા અને અભ્યાસમાં નબળા હોય છે. બાળકોના માતા-પિતા અને શિક્ષકોએ તેમની અંદર છુપાયેલી પ્રતિભાને નિખારવાની જરૂર છે. આવડતની શક્તિ ઘણી વધારે છે. આપણે આવડત પર વધુ ધ્યાન આપવું જોઈએ. પીએમ મોદીએ શિક્ષકોને કહ્યું કે, વિદ્યાર્થીઓ વચ્ચે સરખામણી ન થવી જોઈએ, કોઈ પણ વિદ્યાર્થીને અન્ય વિદ્યાર્થીઓ વચ્ચે ટોકવો ન જોઈએ. આનાથી તે નિરાશ થશે અને તેઓ આગળ શીખવાનો પ્રયત્ન નહિ કરે. બાળકોએ પણ એવી વ્યક્તિ શોધવી જોઈએ જે તેમને સતત પ્રેરણા આપતા રહે. વ્યક્તિએ હંમેશા પોતાને હરાવવાનું શીખવું જોઈએ.

## ન્યૂઝ બ્રિફ

### ૧૨મી ફેબ્રુઆરીએ વડાપ્રધાનની અમેરિકા યાત્રા પર દુનિયાની નજર

I નવી દિલ્હી, તા.૧૦ I

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૨ ફેબ્રુઆરીથી અમેરિકાના પ્રવાસે જઈ રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પીએમ મોદીને આમંત્રણ મોકલ્યું છે. ઉલ્લેખનીય છે કે જ્યારે મોદી ૨૦૧૪ માં પહેલીવાર ભારતના વડાપ્રધાન બન્યા હતા, તે સમયે ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦૧૬ માં પહેલીવાર અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. પછી ૨૦૧૬ થી ૨૦૨૦ સુધી, પીએમ મોદી અને ટ્રમ્પની જોડી ખૂબ જ સફળ રહી. હવે ૫ વર્ષ પછી, વડા પ્રધાન મોદી અને ટ્રમ્પની જોડી ફરી બનવા જઈ રહી છે.

### રાજ ઠાકરે અને ફડણવીસની બંધ બારણે બેઠક યોજાઈ

I મુંબઈ, તા.૧૦ I

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી હલચલ શરુ થઈ ગઈ છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના અધ્યક્ષ રાજ ઠાકરે વચ્ચે બંધ બારણે બેઠક યોજાઈ છે. આ બંને દિગ્ગજોની મુલાકાત એટલા માટે પણ ખાસ હતી, કારણ કે, દેવેન્દ્ર ફડણવીસ ખુદ રાજ ઠાકરેના ઘરે તેમને મળવા માટે પહોંચ્યા હતા. આજે સવારે લગભગ ૯:૩૦ વાગ્યે ફડણવીસ રાજ ઠાકરેના નિવાસસ્થાન 'શિવતીર્થ' પહોંચ્યા હતા.

### પટિયાલામાં એક સ્કૂલ પાસે રોકેટ લોન્ચર મળી આવ્યા

I પટિયાલા, તા.૧૦ I

સોમવારે પંજાબના પટિયાલાથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. સોમવારે પટિયાલામાં એક સ્કૂલ પાસે રોકેટ લોન્ચર મળી આવતા સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. પટિયાલાના રાજપુરા રોડ પર એક સ્કૂલ પાસે કચરાના ઢગલામાંથી એક બેગમાં રોકેટ લોન્ચર મળી આવ્યું હતું.

### રાજ્યસભામાં સોનિયા ગાંધીના આકરા પ્રહાર

## સોનિયા ગાંધીએ વહેલી તકે વસ્તી ગણતરી હાથ ધરવાની માંગ કરી

I (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ I

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પક્ષના સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધીએ સોમવારે વહેલી તકે વસ્તી ગણતરી હાથ ધરવાની માંગ કરી હતી જેથી કરીને તમામ પાત્ર વ્યક્તિઓને ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ ગેરંટી આપવામાં આવેલ લાભો મળી શકે. રાજ્યસભામાં ઝીરો અવર દરમિયાન આ મુદો ઉઠાવતા તેમણે એમ પણ કહ્યું કે ખાદ્ય સુરક્ષા એ વિશેષાધિકાર નથી પરંતુ નાગરિકોનો મૂળભૂત અધિકાર છે.



તેમણે કહ્યું કે યુપીએ સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો એ એક ઐતિહાસિક પહેલ છે, જેનો ઉદ્દેશ્ય ૧૪૦ કરોડની વસ્તી માટે ખોરાક અને પોષણ સુરક્ષા સુનિશ્ચિત કરવાનો હતો. તેમણે કહ્યું કે આ કાયદાએ લાખો નબળા પરિવારોને ભૂખમરાથી બચાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે, ખાસ કરીને કોવિડ ૧૯ રોગચાળાની કટોકટી દરમિયાન અને આ કાયદાએ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો આધાર પણ પૂરો પાડ્યો છે. સોનિયા ગાંધીએ કહ્યું કે ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ, ૭૫ ટકા ગ્રામીણ અને ૫૦ ટકા શહેરી વસ્તી સબસિડીવાળા અનાજ મેળવવા માટે હકદાર છે. જો કે, લાભાર્થીઓ માટેનો ક્વોટા હજુ પણ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે નક્કી કરવામાં આવે છે જે હવે એક દાયકા કરતાં વધુ જૂનો છે એમ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું, 'સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પહેલીવાર વસ્તી ગણતરીમાં ૪ વર્ષથી વધુ સમય વિલંબ થયો છે. મૂળ રૂપે તે ૨૦૨૧ માટે નક્કી કરવામાં આવ્યું હતું પરંતુ હજુ પણ વસ્તી ગણતરી ક્યારે હાથ ધરવામાં આવશે તે અંગે કોઈ સ્પષ્ટતા નથી ગાંધીએ જણાવ્યું હતું કે બજેટ ફાળવણી દર્શાવે છે કે આ વર્ષે પણ વસ્તી ગણતરી હાથ ધરવામાં આવે તેવી શક્યતા નથી. તેમણે કહ્યું, 'આ રીતે લગભગ ૧૪ કરોડ પાત્ર ભારતીયોને ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ તેમના યોગ્ય લાભોથી વંચિત રાખવામાં આવ્યા છે. તે મહત્વનું છે કે સરકાર વહેલી તકે વસ્તી ગણતરી પૂર્ણ કરવા માટે પ્રાથમિકતા આપે અને ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ ગેરંટી આપવામાં આવેલ લાભો તમામ પાત્ર વ્યક્તિઓને મળે તે સુનિશ્ચિત કરે, તે એક મૂળભૂત અધિકાર છે.

### CM યોગી પણ સાથે હાજર રહ્યા

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મહા કુંભમાં લગાવી પવિત્ર ડૂબકી

### સંગમ ખાતે હોડીની સફર કરી અને પક્ષીઓને ચણ આપ્યું હતું : શહેરમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી

I પ્રયાગરાજ, તા.૧૦ I



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ મહાકુંભમાં પહોંચ્યા હતા, જ્યાં તેમણે આજે (૧૦મી ફેબ્રુઆરી) સંગમમાં ડૂબકી લગાવી હતી. આ દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તેમની સાથે હાજર હતા. મહામહિમએ સંગમ ખાતે હોડીની સફર કરી અને પક્ષીઓને ચણ આપ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની મુલાકાતને ધ્યાનમાં રાખીને શહેરમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

માતા ગંગા, યમુના અને અદૃશ્ય સરસ્વતીના સંગમમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આસ્થાની ડૂબકી લગાવીને સનાતન આસ્થાને મજબૂત પાયો આપ્યો. દેશના પ્રથમ નાગરિક માટે સંગમમાં પવિત્ર ડૂબકી લગાવવાનો આ એક ઐતિહાસિક ક્ષણ છે. ત્યારબાદ પોતાની ધાર્મિક શ્રદ્ધાને વધુ મજબૂત કરવા માટે તે અક્ષયવટની મુલાકાત લીધી હતી અને પૂજા પણ કરી હતી. મહાકુંભનો આજે ૨૯મો દિવસ છે. ૧૩મી જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૪૩.૫૭ કરોડથી વધુ ભક્તોએ સ્નાન કર્યું છે. આજે સવારે ૧૦ વાગ્યા સુધીમાં ૬૩ લાખ લોકોએ સ્નાન કર્યું છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ પણ પોતાના પરિવાર સાથે સંગમમાં ડૂબકી લગાવી હતી. હાલ પ્રયાગરાજમાં ભારે ભીડ છે. જેને ધ્યાનમાં રાખીને, અરૈલ ઘાટથી સંગમ સુધીની બોટ સેવા બંધ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, સંગમ સ્ટેશન ૧૪મી ફેબ્રુઆરી સુધી બંધ રાખવામાં આવ્યું છે. પ્રયાગરાજ જંકશન પર ભીડનું સંચાલન કરવા માટે ઈમરજન્સી ભીડ વ્યવસ્થાપન યોજના લાગુ કરવામાં આવી છે.

### કેનેડા અને મેક્સિકો જેવા દેશો માટે ચિંતાનું કારણ બની શકે છે

## અમેરિકા સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર ૨૫% ટેરિફ વસુલશે

I (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૦ I

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે, તે યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા અને મેક્સિકો સહિત તમામ સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર ૨૫% ટેરિફ લાદવાની યોજના છે. આ પગલું અમેરિકન ઉદ્યોગોને સુરક્ષિત રાખવા અને વેપાર અસંતુલનને સુધારવા માટે છે. સુપર બાઉલમાં હાજરી આપવા માટે ફ્લોરિડાથી ન્યૂ ઓર્લિયન્સ જતા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એરફોર્સ વનમાં આ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'યુનાઈટેડ સ્ટેટ્સમાં આવતા કોઈપણ સ્ટીલ પર ૨૫ ટકા ટેરિફ લાગશે. એલ્યુમિનિયમ પર પણ આ વેપાર દંડ લાગશે' ટ્રમ્પના આ નિર્ણયથી અમેરિકાની વેપાર નીતિમાં એક મોટો ફેરફાર દર્શાવે છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એ પણ સ્પષ્ટ કર્યું કે, 'જો અન્ય દેશો અમેરિકન ઉત્પાદનો પર ટેરિફ લાદે છે, તો અમેરિકા પણ આવી જ નીતિ અપનાવશે. જો અન્ય દેશો અમારી પાસેથી ૧૩૦ ટકા ડ્યુટી વસૂલતા હોય અને અમે તેમની પાસેથી કંઈ વસૂલતા ન હોઈએ.

### દિલ્હી તો હાથમાંથી ગઈ હવે પંજાબ સંભાળો

## અરવિંદ કેજરીવાલે તાત્કાલિક આપ ના ધારાસભ્યોને દિલ્હી બોલાવી લીધા

I (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ I

દિલ્હીમાં આમ આદમી પાર્ટીની હાર બાદ સંયોજક અરવિંદ કેજરીવાલ હવે પંજાબમાં સંભવિત બળવાને કંટ્રોલ કરવામાં લાગી ગયા છે. તેમણે ૧૧ ફેબ્રુઆરી એટલે કે મંગળવારના રોજ પંજાબના આપના ધારાસભ્યો અને સાંસદો અને નેતાઓને દિલ્હી બોલાવી લીધા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કેજરીવાલ પંજાબ સરકારના કામકાજની સમીક્ષા કરશે. તો વળી પંજાબ વિધાનસભા ચૂંટણી દરમ્યાન કરવામાં આવેલા વાયદાની પ્રગતિનું પણ નિરીક્ષણ કરશે. દિલ્હી ચૂંટણીમાં ભાજપે પંજાબમાં વાયદો પુરા નહીં કરવાનો મુદ્દો બનાવ્યો હતો. દિલ્હી ચૂંટણીમાં હાર બાદ રાજકારણમાં ચર્ચા છે કે પંજાબમાં પણ પાર્ટીમાં ફાડ પડવાની આશંકા વ્યક્ત કરી છે. કેટલાય રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે, અરવિંદ કેજરીવાલની બાર બાદ પાર્ટીના નેતા આપ છોડી શકે છે. કોંગ્રેસે કટાક્ષ કરતા કહ્યું કે, ખુદ ભગવંત માન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે સંપર્કમાં છે અને તેઓ કોઈ પણ સમયે બળવો કરી શકે છે.

### 'એરો ઇન્ડિયા ૨૦૨૫'માં જોવા મળશે સૈન્ય તાકાત

## પહેલીવાર SU-57, F-35 ફાઇટર જેટ કરશે શક્તિ પ્રદર્શન

I (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ I

ભારતીય નૌકાદળ એરો ઈન્ડિયા ૨૦૨૫માં ચોથી પેઢીના ફાઈટર એરક્રાફ્ટ મિગ-૨૯કે, સીકિંગ ૪૨બી અને એન્ટી-શિપ હેલિકોપ્ટર સહિત નૌકાદળ ઉડ્ડયનના વિવિધ વિમાનો અને સાધનોનું પ્રદર્શન કરશે. નૌકાદળ એરોનોટિકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (ADA) દ્વારા ડિઝાઈન કરાયેલી અને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા ઉત્પાદિત હળવા લડાયક વિમાન (નેવી)નું પણ પ્રદર્શન કરશે. સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ એશિયાના સૌથી મોટા એર શો એરો ઈન્ડિયાના ૧૫મા સંસ્કરણનું ઉદઘાટન કરશે. તેઓ બેંગલુરુમાં ઈન્ડિયા પેવેલિયનનું ઉદઘાટન પણ કરશે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પૉસ્ટ શેર કરતા સંરક્ષણ મંત્રીએ કહ્યું કે તેઓ એરો ઈન્ડિયા શરૂ કરતા પહેલા ફિજીના સંરક્ષણ મંત્રી પિયો ટિકોડુઆદુઆને મળ્યા હતા અને બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગને મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા કરી હતી. ઉપરાંત, ભારત-ફિજી સંયુક્ત કાર્યકારી જૂથ (JWG) ને સંસ્થાકીય બનાવવા માટે એક કરાર થયો હતો. બેંગલુરુ પહોંચ્યા પછી ફિજીના સંરક્ષણ પ્રધાન ટિકોદુઆદુઆએ સોશિયલ મીડિયા પર લખ્યું કે ફિજી અને ભારત વચ્ચે સહયોગનો લાંબો ઈતિહાસ છે અને બંને દેશો તેમના સંબંધોને વધુ મજબૂત બનાવવાની આશા રાખે છે.

## વન-ડે ડેબ્યૂમાં દ.આફ્રિકાના બેટરે ૧૫૦ રન ઠોકી દીધા

I (એજન્સી) લાહોર, તા.૧૦ I

દક્ષિણ આફ્રિકાના બેટર મેથ્યુ બ્રીટ્ઝકે પોતાની વનડે ડેબ્યૂ મેચમાં શાનદાર બેટિંગ



કરતા પહેલી જ મેચમાં ૧૫૦ રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. બ્રીટ્ઝકે ૧૪૮ બોલનો સામનો કરીને ૧૫૦ રન કરીને આઉટ થઈ ગયો હતો. જેમાં તેણે ૧૧ ચોગ્ગા અને ૫ છગ્ગા ફટકાર્યા હતા. આ પહેલા દુનિયાઓ કોઈ પણ બેટર આવું કારનામું કરી શક્યો નથી. તેણે લગભગ ૪૭ વર્ષ જુનો રેકોર્ડ તોડી નાખ્યો છે. મેથ્યુ બ્રીટ્ઝકે અગાઉ દ. આફ્રિકા માટે T20I અને ટેસ્ટમાં ડેબ્યૂ કરી ચૂક્યો છે. પરંતુ તેણે વનડેમાં હવે ડેબ્યૂ કર્યું હતું.

### સેન્સેક્સ ૫૪૮ પોઈન્ટ ડાઉન

## દિલ્હીના ચૂંટણી પરિણામોની શેરબજાર પર નેગેટિવ અસર!

I (એજન્સી) મુંબઈ, તા.૧૦ I

શેરબજાર રોકાણકારોને સતત એક પછી એક આંચકા આપી રહ્યું છે. સોમવારે, સ્થાનિક શેરબજાર ફરી એકવાર મોટા ઘટાડા સાથે બંધ થયું. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) બેન્ચમાર્ક, સેન્સેક્સ ૫૪૮.૩૯ પોઈન્ટના તીવ્ર ઘટાડા સાથે ૭૭,૩૧૧.૮૦ પર બંધ થયો. તેવી જ રીતે, નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) ઈન્ડેક્સ નિફ્ટી ૫૦ પણ ટ્રેડિંગના અંતે ૧૭૮.૩૫ પોઈન્ટ ઘટીને ૨૩,૩૮૧.૬૦ પર બંધ થયો. આજના કારોબારમાં, નિફ્ટીમાં ટ્રેન્ટ, પાવર ગ્રીડ કોર્પ, ટાટા સ્ટીલ, ટાઈટન કંપની, ONGC સૌથી વધુ ઘટ્યા હતા, જ્યારે કોટક મહિન્દ્રા બેંક, બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ, ભારતી એરટેલ, HCL ટેક્નોલોજીસ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ વધ્યા હતા. આજના કારોબારમાં નિફ્ટી મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકોમાં ૨-૨ ટકાનો ઘટાડો થયો. મેટલ, મીડિયા, ફાર્મા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, એનર્જી, રિયલ્ટીમાં ૨-૨ ટકાનો ઘટાડો થતાં તમામ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા. સોમવારે વૈશ્વિક શેરબજારોમાં મિશ્ર વલણ જોવા મળ્યું. શરૂઆતના વેપારમાં ફ્રાન્સનો CAC ૪૦ ૦.૨% વધીને ૭,૯૮૮.૨૯ પર બંધ રહ્યો હતો, જ્યારે જર્મનીનો DAX ૦.૩% વધીને ૨૧,૮૧૭.૭૯ પર બંધ રહ્યો હતો.

## કચ્છમાં ફરી એક વખત ભુકંપના આંચકા અનુભવાયા

| (એજન્સી) કચ્છ, તા.૧૦ |

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી ભૂકંપના આંચકા નોંધાઈ રહ્યા છે. ગત મોડી રાત્રે ૨:૪૬ વાગે આવેલા ભૂકંપના આંચકાનું કેન્દ્ર બિંદુ રાપર નજીક નોંધાયુ હતું. ગુજરાતમાં ભૂકંપના આંચકા ખાસ કરીને અમરેલી અને કચ્છમાં અનુભવતા હોય છે. જે બાદ ગત મોડી રાત્રે ફરી કચ્છમાં ૩.૧ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો છે. હમણાં થોડા દિવસ પહેલા જ કચ્છમાં આવેલ ભૂકંપથી લોકો ફફડી ઉઠ્યા હતા અને ઘરની બહાર દોડી આવ્યા હતા. જો કે હાલમાં આ ભૂકંપથી કોઈ જાનહાનિ કે આર્થિક નુકશાનના કોઈ સમાચાર નથી. મળતી માહિતી મુજબ ગત મોડી રાત્રે ૨:૪૬ વાગ્યાની આસપાસ કચ્છ પંથકમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૩.૧ ની નોંધાઈ હતી. અને તેનુ કેન્દ્રબિંદુ રાપર નજીક નોંધાયુ હતું. જો કે સદનસીબે આ ભૂકંપના આંચકાથી કોઈ જાનહાનિના થઈ નથી. સૌરાષ્ટ્ર-કચ્છમાં જાન્યુઆરી માસમાં પૃથ્વીના પેટાળમાં હલચલ,કંપન વધ્યા છે. ઈન્સ્ટીટયુટ દ્વારા માત્ર ૨.૫થી વધુ તીવ્રતાના ભૂકંપની જ વિગતો ઓનલાઈન જારી કરાતી હોય છે જે મુજબ ગત ડિસેમ્બર માસમાં ૨૩,૨૪ અને ૨૯ના કચ્છમાં ભચાઉ,દુધઈ અને લખપ તથી ૭૬ કિ.મી.અંતરે બોર્ડર પાસે એમ ત્રણ આંચકા નોંધાયા હતા. જ્યારે જાન્યુઆરી માસના ૨૩ દિવસમાં ભચાઉ, રાપર,દુધઈમાં પાંચ આંચકા અને તલાલામાં ૨ ઉના પાસે ૧ અને ઉત્તર ગુજરાતમાં વાવ વિસ્તારમાં ૧ સહિત ૯ ધરતીકંપ નોંધાયા છે. આમ, ૨૩ ડિસેમ્બરથી આજે ૨ ફેબ્રુઆરી સુધી દોઢ માસમાં ૧૫ ધરતીકંપ નોંધાયા છે. રિક્ટર સ્કેલ પર ૨.૫થી ઓછી તીવ્રતાના આંચકા તો અસંખ્ય આવ્યાની શક્યતા છે.

### આટલો ખર્ચ છતાં રસ્તા મહિનો પણ ટકતા નથી

# અમદાવાદમાં નવો રોડ બનાવવા કિમી દીઠ ૪.૭૭ કરોડનો ખર્ચ

### આગામી વર્ષના રજૂ થયેલા અંદાજ પત્રમાં ખુદ મ્યુનિસિપલ કોર્પોરેશને જ આ આંકડા રજૂ કર્યા છે

| (એજન્સી) અમદાવાદ, તા.૧૦ |

અમદાવાદ શહેરમાં મ્યુનિ. કોર્પોરેશન દ્વારા કરવામાં આવતા રસ્તાના કામ લોકોમાં કાયમી માટે ચર્ચાનું કેન્દ્ર રહે છે. કારણ કે ચોમાસામાં નવા બનેલા રસ્તાઓ પણ તૂટી જાય છે. જ્યારે ગટર અને પાણીની લાઈન માટે મનફાવે ત્યારે આડેધડ નવા રસ્તાઓ ખોદી નાખવામાં આવે છે. આ સ્થિતિ વચ્ચે બહાર આવતી વિગતો અનુસાર એક કિલોમીટર નવો રસ્તો બનાવવા માટે મ્યુનિ. દ્વારા સરેરાશ રૂ.૪.૭૭ કરોડની અધધ રકમનો ખર્ચ કરવામાં આવે છે! આગામી વર્ષના રજૂ થયેલા અંદાજ પત્રમાં ખુદ મ્યુનિ. તંત્રએ જ આ આંકડા રજૂ કર્યા છે. આટલી મોટી રકમ ચૂકવીને બનાવેલા રસ્તા ગણતરીના મહિનાઓ પણ ચાલતા નથી. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનનું વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ તાજેતરમાં મ્યુનિ. કમિશન દ્વારા રજૂ કરવામાં આવ્યું છે. આ બજેટમાં મ્યુનિ.ની ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ની ઉપલબ્ધીઓ વર્ણવી છે. જેમાં દર્શાવવામાં આવેલા આંકડા અનુસાર એક વર્ષમાં કુલ ૩૨૫ કિલોમીટરની લંબાઈના જુદા જુદા ૪૪૫ રસ્તા બનાવવા માટે રૂ.૧૫૫૨ કરોડનો ખર્ચ કરાશે. જેમાં બિટયુમીન એટલે કે ડામર રોડ, વ્હાઈટ ટોપિંગ એટલે કે આરસીસી રોડ અને ડસ્ટ ફ્રી રસ્તાનો સમાવેશ થાય છે. અગાઉના નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં રસ્તાના કામ માટે કુલ રૂ. ૮૯૯ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. તેમાં રૂ. ૬૫૩ કરોડનો વધારો ગત વર્ષમાં કરાયો છે. આ આંકડાનો હિસાબ કરતાં સરેરાશ એક કિલોમીટરનો રસ્તો બનાવવા માટે મ્યુનિ. તંત્ર દ્વારા રૂ. ૪.૭૭ કરોડની તોતિંગ રકમ ચૂકવવામાં આવે છે. આટલી અધધ રકમ ચૂકવાયા બાદ પણ અનેક રસ્તા ચોમાસાના પ્રથમ વરસાદથી જ તૂટવા માંડે છે. વરસાદી ઋતુ પુરી થાય ત્યાં સુધી તો સંખ્યાબંધ રસ્તા બિસ્માર બની જાય છે. આટલું અધુરૂ હોય હોય તેમ ખાસ કરીને પૂર્વ અમદાવાદમાં ગટર, પાણીની લાઈનો નવી નાખવા કે સમારકામ માટે ગમે ત્યારે રસ્તા ખોદી નાંખવામાં આવે છે.

### મે મહિના સુધીમાં ૧૦ લાખનો ટાર્ગેટ

# સમગ્ર દેશમાં ૫.૪૦ લાખ બોર થઈ થયા : સી આર પાટીલ

| (એજન્સી) સુરત, તા.૧૦ |

સુરત જ્વેલરી એસોસિએશન દ્વારા વરસાદી પાણી સંગ્રહ અભિયાન અંતર્ગત પાલ ગૌરવ પથ રોડ ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી આર પાટિલનાં હસ્તે બોરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.કેન્દ્રીય મંત્રી સી આર પાટીલે જળ શક્તિ મંત્રી પદ સંભાળ્યા બાદ દેશભરમાં વરસાદી પાણીને ભુગર્ભમાં ઉતારવાનું કામ પુર જોશમાં ચાલી રહ્યું છે. અત્યાર સુધી સમગ્ર દેશમાં ૫,૪૦,૦૦૦ બોર થઈ ગયા છે.મે મહિના સુધીમાં ૧૦ લાખ બોરનો ટાર્ગેટ પૂર્ણ થશે.



મોદી કેબિનેટમાં સ્થાન મેળવતાની સાથે જ કેન્દ્રીય જળ સંપત્તિ મંત્રી સી. આર. પાટીલ સક્રિય રીતે પોતાના વિભાગનું કામ શરૂ કરી દીધું છે. શાળા, કોલેજો, સોસાયટી, ઉદ્યોગો સહિત મોટા પ્રમાણમાં વરસાદી પાણીને ભુગર્ભમાં ઉતારવાની કામગીરી ચાલી રહી છે. છેલ્લા ઘણા વર્ષોથી સૌથી મોટો પડકાર જળસંગ્રહનો સામે આવી રહ્યો છે. આજે જમીનમાં પાણીનું સ્તર એટલું નીચું જતું રહ્યું છે કે, તેના કારણે બોરિંગ કરાવવા છતાં પણ ઝડપથી પાણી પ્રાપ્ત થતું નથી. જેનું સૌથી મોટું કારણ પાણીનું સ્તર જમીનમાં ખૂબ નીચે જતું રહ્યું હોવાને કારણે થઈ રહ્યું છે.ત્યારે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી આર પાટીલે પાણીનું સ્તર જમીનમાં વધારવા દેશ ભરવા મે મહિના સુધીમાં ૧૦ લાખ બોર નિર્માણ કરવાનો ટાર્ગેટ કર્યો છે. અત્યાર સુધીમાં ૫.૪૦ લાખ બોર થઈ ગયા છે.

આજે ગૌરવ પથ રોડ પર વધુ એક બોરનું સી.આર પાટીલનાં હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. સી આર પાટીલે જણાવ્યું હતુ કે પ્રધાનમંત્રી એક આહવાંથી લોકો જળસંચય કરવા જાગૃત થયા છે.અત્યાર સુધી સમગ્ર દેશમાં ૫,૪૦,૦૦૦ બોર થઈ ગયા છે. ચોમાસા પહેલા મે સુધીમાં ૧૦ લાખ બોર બનાવાનો ટાર્ગેટ છે.

દેશના ડેમની પાણી સંગ્રહ સંગ્રહની ક્ષમતા માત્ર ૨૫૦ BCM છે.આપણી જરૂરિયાત ૧૧૨૦ BCM છે. ૨૦૨૫ સુધીમાં આપણી જરૂરિયાત વધીને ૧૧૮૦ BCM થવાની છે.આપણે કુદરતી મહેર છે ૪૦૦૦ bcm વરસાદ પડે છે. આપણે માત્ર ૭૫૦ BCM પાણી બચાવી શકીએ છીએ.

# ધોરાજી પંથકમાં વાતાવરણમાં પલટો આવતા ખેડૂતોની ચિંતા વધી

### સારા ભાવ મળવાની આશાએ ખેડૂતોએ તુવેર અને મરચીના પાકનું વાવેતર કર્યું છે પરંતુ કુદરત રુઠી હોય તેમ લાગી રહ્યું છે

| (એજન્સી) રાજકોટ, તા.૧૦ |

રાજકોટ જિલ્લામાં ધોરાજી પંથકમાં વાતાવરણમાં પલટો આવતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. રાજ્યમાં સારો વરસાદ થવાને લીધે ખેડૂતોનો પાક સારો થવાની આશા બંધાઈ હતી. પરંતુ અસ્થિર વાતાવરણને કારણે જગતનો તાતને ભારે નુકસાની ભોગવાનો વારો આવે તેવી સ્થિતિ સર્જાઈ છે. ધુમ્મસને કારણે તુવેરના પાકમાં ઈયળનો રોગ આવ્યો છે. તો બીજી તરફ ભારે પવન ફૂંકાવાને કારણે મરચીનો ઉભો પાક ખરી પડે છે. ત્યારે સારા ભાવ મળવાની આશાએ ખેડૂતોએ તુવેર અને મરચીના પાકનું વાવેતર કર્યું છે. પરંતુ ધોરાજીના ખેડૂતો પર જાણે કુદરત રુઠી હોય તેમ લાગી રહ્યું છે. ખેડૂતોનું કહેવું છે કે એક તરફ પાકનાં



પૂરતા ભાવ મળતા નથી. તો બીજી તરફ વિપરીત વાતાવરણે કારણે ખેડૂતોની ચિંતા વધારી છે. પાકને બચાવવા ખેડૂતોએ મોંઘી દવાઓ છાંટી છે. જેના કારણે ખેડૂતોનો ઉત્પાદન ખર્ચ ૧૦થી ૧૫ હજાર પ્રતિ વિઘાએ પહોંચી ચૂક્યો છે. પરંતુ ઓછી ગુણવત્તા અને ઓછા ઉત્પાદનને કારણે ખેડૂતોને ઉત્પાદન ખર્ચ જેટલી પણ આવક ન મળે તેવી સ્થિતિ સર્જાઈ છે.

### સુરત હિટ એન્ડ રનનો આરોપી પકડાયો

# અકસ્માત સર્જનાર કિર્તનની ધરપકડ કરવામાં આવી, બે સગા ભાઈનો લીધો હતો ભોગ

### કીર્તન ડાખલા નામનો યુવક પોલીસ પકડમાં આવ્યા બાદ બે હાથ જોડી રડતા-રડતા માફી માંગવા લાગ્યો હતો

| (એજન્સી) સુરત, તા.૧૦ |

લસકાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા આઉટર રિંગ રોડ ઉપર બે દિવસ પહેલા બનેલી હિટ એન્ડ રનની ઘટનામાં અકસ્માત કરનાર આરોપીની પોલીસે ધરપકડ કરી છે. કીર્તન ડાખલા નામનો યુવક પોલીસ પકડમાં આવ્યા બાદ બે હાથ જોડી માફી માંગવા લાગ્યો હતો અને રડતા-રડતા પોતે કરેલી ભૂલનો સ્વીકાર કર્યો હતો.

બે દિવસ પહેલા સુરતના આઉટર રિંગ રોડ ઉપર એક ફોર વ્હીલ કાર ચાલકે બેફામ ગતિએ ગાડી હિટ એન્ડ રનની ઘટનાને અંજામ આપ્યો હતો. જેમાં એક આરોપીની સ્થાનિક લોકોએ ઝડપી પોલીસને હવાલે કર્યો હતો. ત્યારે ગાડીમાં સવાર અન્ય બે યુવાનો અને એક મહિલા ત્યાંથી ભાગવામાં સફળ રહ્યા હતા. જોકે અકસ્માતમાં પાંચ લોકોને ઈજા થવા પામી હતી. ત્યારે એક જ પરિવારના બે સગા ભાઈઓનું ઘટનાને લઈને કરુણ મોત થયું હતું. આ ઘટના બાદ પોલીસે ગુનો દાખલ કરી આરોપીને ઝડપી પાડવાની કામગીરી શરૂ કરી હતી. ત્યારે બે દિવસ બાદ આરોપી કીર્તન ડાખલા આજે પોલીસ સ્ટેશન ખાતે હાજર થયો હતો અને બે હાથ જોડી મીડિયા સમક્ષમાં માફી માંગી પોતે કરેલા ભૂલના સ્વીકાર સાથે રડવા લાગ્યો હતો. જોકે, અકસ્માતના સમયે તેને કોઈ પણ જાતનો નશો ન કર્યો હોવાની વાત કરી હતી. જો અકસ્માત થયો તો બે દિવસ સુધી પોલીસથી કેમ નાસતો રહ્યો?

નોંધનીય છે કે, સુરતના લસકાણા સ્થિત આઉટર રિંગરોડ પર ગત રોજ રાત્રિના સમય દરમિયાન બનેલી હિટ એન્ડ રનની ઘટનામાં બે સગા ભાઈઓના કરૂણ મોત થયા હતા, જ્યારે પાંચ જેટલા લોકો ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

સુરતના છેવાડા ખાતે આવેલા લસકાણા સ્થિત આઉટર રિંગ રોડ પર શુક્રવારના રોજ રાત્રે ૯:૩૦ વાગ્યાના સમય દરમિયાન પૂરપાટ ઝડપે દોડી આવેલી ફોર વ્હીલ કારના ચાલકે એક સાથે સાત જેટલા લોકોને અડફેટે લીધા હતા.

## સુરતથી મહાકુંભ જવા માટે સ્પેશિયલ ટ્રેન શરૂ કરાઈ

| (એજન્સી) સુરત, તા.૧૦ |

ગુજરાતના સુરતથી મહાકુંભ ૨૦૨૫માં જવા માંગતા શ્રદ્ધાળુઓ માટે સ્પેશિયલ ટ્રેન શરૂ કરવામાં આવી છે. સુરતથી મહાકુંભ વિશેષ ટ્રેન શરૂ કરવાને લઈને સાંસદ મુકેશ દલાલે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવને રજૂઆત કરી હતી. મહાકુંભ માટે સ્પેશિયલ ટ્રેન શરૂ થતા દક્ષિણ ગુજરાતના શ્રદ્ધાળુઓને લાભ મળશે. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાં ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે. દેશભરમાંથી શ્રદ્ધાળુઓ અહીં આવીને પવિત્ર સ્નાન કરી રહ્યા છે. આ દરમિયાન ભારતીય રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે સેંકડો વધારાની ટ્રેનો ચલાવવામાં આવી રહી છે, ત્યારે સુરતથી મહાકુંભ જવા માટે સ્પેશિયલ ટ્રેન શરૂ કરાતાં દક્ષિણ ગુજરાતના એક કરોડથી વધુ લોકોને લાભ મળશે. મહાકુંભ ૨૦૨૫માં જવા માટે સુરત સહિત દક્ષિણ ગુજરાતના શ્રદ્ધાળુઓનો ભારે ઘસારાને ધ્યાનમાં રાખીને સાંસદ મુકેશ દલાલે મહાકુંભની સ્પેશિયલ ટ્રેન દોડાવા અંગે રજૂઆત કરવાની ૨૪ કલાકમાં રેલવે વિભાગે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો.

# વાવ-થરાદ જિલ્લો બન્યા બાદ રાહ બનશે નવો તાલુકો?

| (એજન્સી) ગાંધીનગર, તા.૧૦ |

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લા બનાવવાને લઈને ૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં જાહેરાત કરવામાં આવી હતી. કેબિનેટની બેઠકમાં ચર્ચા વિચારણા બાદ બનાસકાંઠા જિલ્લાના વિભાજન કરીને વાવ-થરાદને નવા જિલ્લો જાહેર કરાયો. જેમાં નવા વાવ-થરાદ જિલ્લાનું મુખ્ય મથક થરાદ રહેશે. જ્યારે થરાદના કીયાલ ગામ ખાતે લોકોને સંબોધિત કરતી વખતે શંકર ચૌધરીએ મોટું નિવેદન આપ્યું હતું અને વાવ-થરાદ જિલ્લો બન્યા બાદ રાહ તાલુકો પણ બનાવવાના સંકેત આપ્યા હતા. રાજ્ય સરકારે નવા વર્ષની શરૂઆતમાં બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લા બનાવવાની જાહેરાત કરીને વાવ-થરાદને નવા જિલ્લો જાહેર કરાયો હતો. જેને લઈને શંકર ચૌધરીએ થરાદના કીયાલ ગામ ખાતે નિવેદન આપ્યું હતું. જેમાં વાવ-થરાદ જિલ્લો બન્યા બાદ રાહ તાલુકો પણ બનાવવાના શંકર ચૌધરીએ સંકેત આપ તાં તેમણે જણાવ્યું કે, આવનાર પેઢીના વિકાસ માટે ચર્ચા વિચારણા બાદ નિર્ણય લેવામાં આવશે અને કીયાલ ગામ નજીક જ તાલુકો પણ તમારા નજીક કરીશું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લાના વિવિધ પદાધિકારીઓ અને પ્રજાજનોની વર્ષો જુની માંગણી સકારાત્મક પ્રતિસાદ સાથે સંતોષતા હાલના બનાસકાંઠા જિલ્લામાંથી નવો વાવ-થરાદ જિલ્લો બનાવવાની ૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ જાહેરાત કરી હતી. હાલનો બનાસકાંઠા જિલ્લો રાજયમાં તાલુકાઓની સંખ્યાની દ્રષ્ટિએ સૌથી વધુ ૧૪ તાલુકાઓ ધરાવે છે એટલું જ નહી વિસ્તારની દ્રષ્ટિએ પણ બીજા ક્રમનો જિલ્લો છે. મુખ્યમંત્રીએ વસ્તી, વિસ્તાર અને તાલુકાઓનું ભારણ ઘટે અને લોકોને સરકારી સવલતો વધુ સુગમતાથી મળી રહે તે માટે વિશાળ જનહિતમાં આ બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લાઓ વાવ-થરાદ અને બનાસકાંઠા નામે બનશે.

# ઉમરપાડાના વિદ્યાર્થીઓ બીમારીના ઝપેટમાં આવ્યા

| (એજન્સી) ઉમરપાડા, તા.૧૦ |

સુરત જિલ્લામાં ફરીવાર ઉમરપાડા તાલુકાના વિદ્યાર્થીઓ બીમારીના ભરડામાં આવ્યા છે, વાયરલ ફીવર કે પછી ફરી વિદ્યાર્થીઓ ફૂડ પોઝનિંગનો બન્યા ભોગ? ઉમરપાડાની સૈનિક શાળાના વિદ્યાર્થીઓ ખાંસી, તાવ, ઉલ્ટી થતા અરોગ્ય વિભાગ દોડતું થયું, રિયાલિટી ચેકમાં શાળાના રસોઈ ઘરની આસપાસ ગંદકીનું સામ્રાજય, શાળા સંચાલકો ધાકપિછોડા કરતા હોવાની માહિતી આરોગ્ય વિભાગની સાથે સાથે સ્થાનિક નેતાઓ પણ દોડતા થયા. સુરત જિલ્લામાં ફરી એકવાર ઉમરપાડાના વિદ્યાર્થીઓ બીમારીના ઝપેટમાં આવ્યા છે. ઉમાગોટ શાળાના વિદ્યાર્થીઓ બાદ હવે ઉમરપાડાના નસારપુર ખાતે આવેલ સૈનિક શાળાના વિદ્યાર્થીઓ શરદી, ખાંસી, તાવ, અને ઉલ્ટીની બીમારીનો શિકાર થયાં છે. એક બાદ એક વિદ્યાર્થીઓને બીમારીના લક્ષણો દેખાતા તબિયત લથડતા ઝંખવાવ તેમજ માંગરોળ આરોગ્ય કેન્દ્રમાં સારવાર આપવામાં આવી રહી છે. ઉમરપાડાના વાડી ગામે આવેલી સૈનિક શાળા માં અચાનક એક પછી એક વિદ્યાર્થીની અચાનક બીમાર પડતા ફફડાટ મચી ગયો હતો. છેલ્લા ચાર દિવસથી સૈનિક ગર્લ્સ હોસ્ટેલમાં વિદ્યાર્થીની તબિયત લઠડતાં ૧૮ જેટલી બાળાઓને ઝંખવાવ અને માંગરોળ રેફરલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. જોકે એક પછી એક વિદ્યાર્થી બીમાર પડતા સ્થાનિક અને જિલ્લાનું આરોગ્ય તંત્ર દોડતુ થયું હતું. આ વિસ્તારના ધારાસભ્ય એ પણ સ્કૂલ અને હોસ્પિટલની મુલાકાત લીધી હતી. ધારાસભ્યએ વિદ્યાર્થીઓ સાથે વાત કરી વહેલા સારા થયો જશો ડરતા નહિનું આશ્વાસન આપ્યું હતું. સૈનિક શાળાના વિદ્યાર્થી ઓ વાલી ઓને પૂછતાં નામ ન કહેવાની શરતે અમને તેઓએ જમવાની ફરિયાદ કરી હતી. અને સ્કૂલ મેસ માં જમવાનું ગુણવતાસભર ના મળતું હોવાની ફરિયાદ કરતા અમે જયારે સ્કૂલ કેન્ટીન નું રિયાલિટી ચેક કરતા આવા દ્રશ્ય જોવા મળ્યા હતા.

## વિશેષ

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ‘પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫’ અંતર્ગત અમદાવાદની ક્રિસ્ટલ સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે અર્થસભર સંવાદ કર્યો

# ‘પરીક્ષા પે ચર્ચા’ની આઠમી કડી અંતર્ગત રાજ્યની ૪૦ હજારથી વધારે શાળાના ૬૧.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ વડાપ્રધાનના સંવાદનું પ્રસારણ નિહાળ્યું

| (માહિતી) અમદાવાદ |

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ના ‘પરીક્ષા પે ચર્ચા’ની આઠમી કડી અંતર્ગત વિદ્યાર્થીઓ સાથે કરેલા રાષ્ટ્ર વ્યાપી સંવાદનું પ્રસારણ અમદાવાદની શાળાઓમાં પણ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના વસ્ત્રાલમાં આવેલી ક્રિસ્ટલ ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે આ કાર્યક્રમનું પ્રસારણ નિહાળ્યું હતું તેમજ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સાથે અર્થસભર સંવાદ સાધ્યો હતો.

આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયા અને રાજ્ય સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિતિ રહ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે દરેક વિદ્યાર્થીએ પોતાના જીવનકાળમાં એકવાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લિખિત ‘એકઝામ વોરિયર’ પુસ્તક એકવાર અવશ્ય વાંચવું જોઈએ. આ પુસ્તકમાં બોર્ડની એક્ઝામને લઈને વિદ્યાર્થીઓનાં મનમાં ઊભા થતા દરેક સવાલોના જવાબ મળશે.

આ પુસ્તક વાંચીને સૌ વિદ્યાર્થીઓએ હળવા પણ થવું જોઈએ. તેમણે વધુમાં ઉમેર્યું કે ‘પરીક્ષા પે ચર્ચા’ની આ આઠમી શ્રેણી છે. ‘પરીક્ષા પે ચર્ચા’ કાર્યક્રમ આજે દેશ અને દુનિયામાં જાણીતો બન્યો છે. લાખો વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ આ



કાર્યક્રમમાં જોડાઈ રહ્યા છે, જે આ કાર્યક્રમની સફળતા સાબિત કરે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યુ હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એક એવું વ્યક્તિત્વ છે, જે દરેક જનમાનસ સાથે સંકળાયેલું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશની દરેક બાબતો અને વિષય પર ખૂબ ઝીણવટપૂર્વક કામ કરી રહ્યા છે, જેના કારણે ભારતને દેશ અને દુનિયામાં ગૌરવ મળ્યું છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ અવસરે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે ૨૧મી સદી એ જ્ઞાન અને વિજ્ઞાનની સદી છે. ૨૧મી સદીમાં દરેક વિદ્યાર્થીઓને શિક્ષણની ખૂબ આવશ્યકતા છે, શિક્ષણ વગર ચાલે એમ નથી એટલે માર્ક્સ ભલે વત્તા-ઓછા આવે પણ શિક્ષણ મેળવવું ખૂબ જરૂરી છે.

શ્રી પટેલે કહ્યું કે દરેક વિદ્યાર્થીએ પોતાના સમગ્ર દિવસનું ટાઈમશેડ્યૂલ બનાવવું જોઈએ. રમત-ગમત માટે કેટલો સમય આપવો? ટીવી માટે કેટલો સમય? તેમજ ભણવા માટે કેટલો સમય આપવો? તેનું યોગ્ય આયોજન કરવું જોઈએ. જે દરેક વિદ્યાર્થીઓને પોતાના જીવનકાળમાં ખૂબ ઉપયોગી સાબિત થશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા કહ્યું કે વિદ્યાર્થીઓએ ભણતર અને હોશિયાર આ બે બાબતોને મિક્સ ક્યારેય ન કરવી જોઈએ. ભણ્યા નથી એટલે આપણે હોશિયાર નથી, એવું વિદ્યાર્થીઓએ ક્યારે ન માનવું જોઈએ. દરેક વિદ્યાર્થીએ પોતાના વાલી-શિક્ષકોનું માર્ગદર્શન લઈને અવશ્ય ચાલવું જોઈએ. જે વિદ્યાર્થીઓ મેડિકલ કે એન્જિનિયરિંગ કે પછી કોઈપણ ક્ષેત્ર તરફ આગળ જવા માગતા હોય, આવા વિદ્યાર્થીઓએ પોતાનું ૧૦૦ ટકા યોગદાન આપવું જોઈએ. પછી ભલે પરિણામ ગમે તે મળે પણ પ્રયાસ પૂરેપૂરો હોવો જોઈએ એમ તેમણે વિદ્યાર્થીઓ ને પ્રેરણા આપતા વધુમાં ઉમેર્યું હતું.

વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાની ચિંતા અને તણાવના વાતાવરણને અત્યંત હળવું બનાવવા શિખ આપતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે કોઈપણ વિદ્યાર્થીઓએ તણાવમાં ન આવવું જોઈએ. પોતાની મહેનત પર ધ્યાન આપવું જોઈએ.

વિદ્યાર્થીઓએ સવારે વહેલા ઊઠીને વાંચવાની પ્રેક્ટિસ પાડવી જોઈએ એમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતનો જે સંકલ્પ કર્યો છે, તેમાં યુવા પેઢી નો મહત્વનો ફાળો રહેવાનો છે તેની ભૂમિકા આપતા તેમણે વિદ્યાર્થીઓ વિકસિત ગુજરાત થી વિકસિત ભારત માટે સહભાગી થાય એવી અપીલ પણ મુખ્યમંત્રીશ્રીએ કરી હતી. આ અવસરે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશ અને દુનિયાને નવો રાહ ચીંધી રહ્યા છે. ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાને લઈને દરેક વિદ્યાર્થીઓમાં તણાવ કે પછી સફળતા અને નિષ્ફળતાનો ભય રહેતો હોય છે. આ જ તણાવ અને ભયને દૂર કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ’પરીક્ષા પે ચર્ચા’ના માધ્યમથી દરેક સમસ્યાને હળવી બનાવી છે. તેમણે વધુમાં કહ્યું કે દુનિયામાં એવા અનેક મહાનુભાવો થઈ ગયા છે, જેઓને શરૂઆતમાં નિષ્ફળતા મળી હતી અને પછી જ તેઓ સફળ થયા છે. એટલે દરેક વિદ્યાર્થીએ નિષ્ફળતાની ચિંતા ન કરવી જોઈએ. ફળની આશા રાખ્યા વિના જ મહેનતરૂપી કર્મ કરતાં રહેવું જોઈએ. પોતાની અનંત શક્તિઓનો ઉપયોગ પોઝિટિવ વિચાર માટે કરવો જોઈએ એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ પ્રસંગે અમદાવાદનાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, ધારાસભ્યો સર્વ શ્રી બાબુસિંહ જાદવ, શ્રી અમૂલભાઈ ભટ્ટ, શ્રી હસમુખભાઈ પટેલ, પૂર્વમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રી મુકેશકુમાર, જિલ્લા કલેકટર શ્રી સુજીતકુમાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, ક્રિસ્ટલ ઈન્ટરનેશનલ સ્કૂલના ટ્રસ્ટી શ્રી શૈલેષભાઈ પટેલ સહિત અગ્રણીઓ, અધિકારીઓ-પદાધિકારીઓ, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

ન્યૂઝ બ્રિફ

## ગાયકનો મંજૂરી હોવાનો દાવો, બેંગલુરુ પોલીસે કર્યો ઈનકાર

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૦ ।

ભારતમાં મેથેમેટિક્સ ટૂર થીમ પર કોન્સર્ટ કરી રહેલા પ્રખ્યાત બ્રિટિશ સિંગર એડ શીરન બેંગ્લુરૂમાં મુશ્કેલીમાં મૂકાયો હતો. તેને બેંગ્લુરૂમાં રસ્તા પર પર્ફોર્મન્સ કરવું ભારે પડ્યું હતું. બેંગ્લુરૂ પોલીસે ચાલુ પર્ફોર્મન્સમાં તેને અધવચ્ચે અટકાવી કાર્યક્રમ બંધ કરાવ્યો હતો. બેંગ્લુરૂમાં ચર્ચ સ્ટ્રીટ પર એડ શીરને પર્ફોર્મન્સ શરૂ કરતાં ભીડ એકઠી થઈ હતી. કોન્સર્ટ જેવો માહોલ સર્જાયો હતો. ચાલુ કોન્સર્ટમાં અચાનક પોલીસ આવી હતી. અને તેણે માઈક અને ગિટાર લઈને પરફોર્મન્સ બંધ કરવા આદેશ આપ્યો હતો. ભીડને પણ જતાં રહેવા કહ્યું હતું. આ ઘટનાથી ચાહકો હેબતાઈ ગયા હતાં. આ સમગ્ર ઘટનાનો ચાહકો દ્વારા વીડિયો રેકોર્ડ કરવામાં આવ્યો હતો. જેમાં એડ શીરને કહ્યું હતું કે, અમારી પાસે અહીં રહેવાની મંજૂરી છે. પરંતુ પોલીસ તેમને રોકી રહી છે. આ વીડિયો સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થયો હતો. થોડા કલાકો બાદ શીરને પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પણ લખ્યું હતું કે, તેની પાસે પર્ફોર્મન્સ કરવાની મંજૂરી હતી. આ અચાનક થયેલું પર્ફોર્મન્સ ન હતું. પરંતુ તેની મંજૂરી લેવામાં આવી હતી. બીજી તરફ પોલીસે આ પર્ફોર્મન્સની મંજૂરી આપી ન હોવાનો દાવો કર્યો હતો.

## ભારે કરી: જુગારમાં પત્નીને હારીને ઘરે આવ્યો પતિ

। (એજન્સી) છતરપુર, તા.૧૦ ।

મધ્ય પ્રદેશના છતરપુરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક જુગારિયા પતિએ પોતાની પત્નીને દાવ પર લગાવી દીધી અને ઘરે આવીને પત્નીને કહ્યું કે, "તે જુગારમાં પત્નીને હારી ગયો છે." સાથે જ પત્નીને ધમકી આપી કે "મારી સાથે રહેવું હોય તો પૈસા આપવા પડશે." જ્યારે પત્નીએ પૈસા આપવાની ના પાડી તો તેને નગ્ન કરી તેની સાથે મારપીટ કરી. જેના કારણે તેના પ્રાઈવેટ પાર્ટ પર ગંભીર ઈજાઓ થઈ છે. પીડિત રશ્મિ સિંહ ઠાકુરનો આરોપ છે કે તેના પતિ પ્રદીપ સિંહ ગૌડે તેને નગ્ન કરીને મારપીટ કરી અને કરંટ ઝટકા પણ આપ્યા હતા. આ ઘટનામાં પીડિત રશ્મિ ઘાયલ થઈ છે, જે બાદ સ્થાનિક લોકો આવી પહોંચ્યા અને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ લખાવી હતી. યોગ્ય કાર્યવાહી ન થતાં પીડિત પોતાના માતા-પિતાને લઈને છતરપુર એસપી ઓફિસે પહોંચી હતી. પીડિત મહિલાના જણાવ્યા અનુસાર, પતિએ લોખંડના પાઈપથી તેને નગ્ન કરીને મારી હતી. જે પણ હાથમાં આવ્યું તેને લઈને મારપીટ કરી, પ્રાઈવેટ પાર્ટમાં પણ ગંભીર ઈજાઓ થઈ છે. પીડિતે જણાવ્યું કે, "તેને ૫ લોકોએ મળીને મારી છે."

૩૦૦૦ કર્મચારીઓનું લિસ્ટ તૈયાર

# ગૂગલ-એમેઝોન બાદ ફેસબુકમાં આજથી મોટાપાયે છટણી શરૂ

### મેટાની છટણી પ્રક્રિયાના ભાગરૂપે કંપની ૧૧ ફેબ્રુઆરીએ કર્મચારીઓને ટર્મિનેશનની નોટિસ મોકલશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૦ ।

ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની પેરેન્ટ કંપની મેટામાં મોટાપાયે છટણીની શરુઆત થઈ છે. મીડિયા રિપોર્ટ અનુસાર, મેટા લગભગ ૩,૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી હાંકી કાઢશે. ગત શુક્રવારે કંપનીએ ઈન્ટરનલ મેમો મારફત કર્મચારીઓને છટણી અંગે માહિતી આપી હતી. આજથી છટણી પ્રક્રિયા શરુ થશે. મેટાની છટણી પ્રક્રિયાના ભાગરૂપે કંપની ૧૧ ફેબ્રુઆરીએ કર્મચારીઓને ટર્મિનેશનની નોટિસ મોકલશે. મેટાના એચઆરના વાઈસ પ્રેસિડન્ટ જેનેલ ગેલેએ છટણી અંગેની વિગતો વર્કપ્લેસ ફોરમ પર રજૂ કરી હતી. મેટાએ ગયા મહિને જ છટણી અંગેની વિગતો કર્મચારીઓને આપી હતી. જેમાં કુલ સ્ટાફમાંથી ૫ ટકા લોકો છટણીનો ભોગ બનશે તેવું જણાવ્યું હતું. અર્થાત્ કંપનીના કુલ વર્કફોર્સના આધારે લગભગ ૩,૦૦૦ લોકોની છટણી થવાનો સંકેત છે. ઉલ્લેખનીય છે કે, કંપનીએ કયા વિભાગ અને કયા કર્મચારીઓની છટણી કરશે તેની વિગતો જાહેર કરી નથી. આ છટણી પાછળના કારણો અંગે કંપની દ્વારા હજી સુધી કોઈ વિગતો આપવામાં આવી નથી. અહેવાલોમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે મેટા મશીન લર્નિંગ એન્જિનિયર્સ અને અન્ય AI સંચાલિત ભૂમિકાઓ માટે ભરતી પ્રક્રિયાઓને વેગ આપવાના હેતુ સાથે છટણી કરી રહ્યું છે. વિશ્વની મોટી ટેક કંપનીઓમાં વર્ષ ૨૦૨૨થી સતત છટણી ચાલુ છે. આ પહેલીવાર નથી કે જ્યારે મેટાએ છટણીની જાહેરાત કરી હોય. જણાવી દઈએ કે ઝૂકરબર્ગે વર્ષ ૨૦૨૩ને કંપનીનું 'યર ઑફ એફિશિયન્સી' જાહેર કર્યું હતું અને ત્યારબાદ મેટાએ ૧૦ હજાર કર્મચારીઓની છટણી કરવાની જાહેરાત કરી હતી. મેટાએ વર્ષ ૨૦૨૨થી લગભગ ૨૧ હજાર નોકરીઓ પર કાપ મૂક્યો છે. મેટા જ માત્ર છટણી કરી રહ્યું નથી. ગૂગલ, માઈક્રોસોફ્ટ, એમેઝોન અને સ્ટ્રાઈપ જેવા અન્ય ટેક જાયન્ટ્સે પણ ૨૦૨૫માં તેમના કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો કર્યો છે.

કેનેડિયન પોલીસનો ચોંકાવનારો દાવો

# ટ્રૂડો સરકારની નીતિઓના કારણે ૯ વર્ષમાં ડ્રગ ઓવરડોઝથી ૫૦,૦૦૦ મોત

। (એજન્સી) ઓટાવા, તા.૧૦ ।



કેનેડામાં ટ્રૂડો સરકારનું પતન થયા બાદ ધીમે ધીમે સરકારના રહસ્યો બહાર આવી રહ્યા છે. તાજેતરમાં કેનેડાની પોલિસ દ્વારા મોટો ઘટસ્ફોટ કર્યો છે કે કેનેડામાં છેલ્લાં એક દાયકામાં ડ્રગ્સનું ચલણ મોટાપાયે વધી ગયું છે. ડ્રગ્સનો વેપાર અતિશય વધ્યો છે. કેનેડાની રોયલ કેનેડિયન પોલિસે જણાવ્યું કે, ટ્રૂડો સરકારની બેદરકારીના કારણે સમગ્ર દેશ ડ્રગ્સના ભરડામાં આવ્યો છે અને ડ્રગનું આંતરરાષ્ટ્રીય હબ બન્યો છે. છેલ્લાં ૯ વર્ષમાં કેનેડામાં ડ્રગના ઓવરડોઝના કારણે ૫૦,૦૦૦ લોકોનાં મોત થયા છે. કેનેડામાં ૪૦૦૦ જેટલા ગુનેગારોના સંગઠનો કામ કરી રહ્યા છે જેઓ મોટાભાગે ડ્રગ્સનો ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ સપ્લાય કરવાનું કામ કરે છે. આ ડ્રગ્સ માફિયાઓના તાર ચીન સાથે જોડાયેલા છે. પોલીસ સૂત્રોનો દાવો છે કે, કેનેડામાં સત્તામાં આવ્યા બાદ ટ્રૂડો અને તેના અધિકારીઓ દ્વારા દેશના કાયદો અને વ્યવસ્થાને ખૂબ જ નબળા બનાવી દેવાયા હતા. તેના કારણે કેનેડામાં ગુનાખોરીનું પ્રમાણ સતત વધવા લાગ્યું છે. તેમાંય ૨૦૧૬થી ડ્રગ્સનું ચલણ એટલું બધું વધી ગયું કે, તેના ઓવરડોઝથી ૫૦ હજાર લોકોનો જીવ ગયો. માદક પદાર્થોની તસ્કરી કરનારા અને તેનું સેવન કરનારા લોકોની ધરપકડ કરીને જેલમાં રાખવાની સમય મર્યાદા ટ્રૂડો સરકારે કાઢી નાખી. આ ઉપરાંત ડ્રગ્સ વેચનારને સરળતાથી જામીન મળવા લાગ્યા અને તેના પગલે ડ્રગ્સ માફિયાઓ બેફામ થવા લાગ્યા. કેનેડામાં ડ્રગનું સેવન, વેચાણ અને આંતરરાષ્ટ્રીય વેપાર ખૂબ જ મોટો થઈ ગયો. સૂત્રોના જણાવ્યા પ્રમાણે કેનેડામાં ડ્રગ્સનું સેવન અને આંતરરાષ્ટ્રીય વેચાણ વધ્યું છે તેની પાછળ એશિયાઈ તાકાતો અને દેશોનો હાથ હોવાના દાવા છે.



ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહા કુંભ મેળા દરમિયાન સંગમ પર ભક્તોનો ભારે ઘસારો.

## મહિલાએ કહ્યું- સંચાલક વ્યક્તિ દીઠ ૫૦૦ રૂપિયા આપતો!

### પોલીસે દેહવ્યાપારમાં સંડોવાયેલી બે વિદેશી મહિલાઓ સહિત ચાર મહિલાઓની અટકાયત કરવામાં આવી હતી

। (એજન્સી) સોનીપત, તા.૧૦ ।

સોનીપતમાંથી પસાર થતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૪૪ પર સ્થિત મુરથલ તેના ઢાબા માટે પ્રખ્યાત છે પરંતુ આજકાલ અહીં અનૈતિક પ્રવૃત્તિઓ પણ થઈ રહી છે. શુક્રવારે મોડી રાત્રે જ્યારે મુર્થલ પોલીસ સ્ટેશન અન્ય અનેક પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ સાથે ૫૧ માઈલસ્ટોન બિલ્ડિંગ પર પહોંચ્યું, ત્યારે તેઓ ત્રીજા માળે ફાઈવ સ્ટાર હોટલ જેવું સ્પા સેન્ટર જોઈને દંગ રહી ગયા. પોલીસે દેહવ્યાપારમાં સંડોવાયેલી બે વિદેશી મહિલાઓ સહિત ચાર મહિલાઓની અટકાયત કરી હતી. ઓપરેટર સહિત ચાર લોકોની પણ ધરપકડ કરવામાં આવી હતી. હરિયાણાના સોનીપત જિલ્લામાં આવેલું મુરથલ તેના ઢાબા અને પરાઠા માટે પ્રખ્યાત છે, પરંતુ અહીં દેહવ્યાપાર પણ ફૂલીફાલી રહ્યું છે. મુર્થલમાં ૫૧ માઈલ સ્ટોન બિલ્ડિંગના ત્રીજા માળે રિબોર્ન નામનું સ્પા સેન્ટર ખોલવામાં આવ્યું છે. તે ફાઈવ સ્ટાર હોટલની જેમ બનાવવામાં આવ્યું છે.

# ભારતમાં ભાગલા પાડવા USAIDએ પાંચ હજાર કરોડ રૂપિયા ખર્ચ્યા!

### ટ્રમ્પનો આરોપ છે કે સોરોસે આ પૈસાનો ઉપયોગ ભારત અને બાંગ્લાદેશ સહિત ઘણાં દેશોમાં અસ્થિરતા ફેલાવવા કર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) પર પ્રતિબંધો લાદ્યા છે, ત્યારથી સમગ્ર વિશ્વમાં હોબાળો મચી ગયો છે. અગાઉ, ટ્રમ્પે દાવો કર્યો છે કે હંગરી-અમેરિકન અબજોપતિ જ્યોર્જ સોરોસના સંગઠનોને યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) તરફથી ૨૬૦ મિલિયન ડોલર એટલે કે ૨૬ કરોડ મળ્યા છે. ટ્રમ્પ નો આરોપ છે કે સોરોસે આ પૈસાનો ઉપયોગ ભારત અને બાંગ્લાદેશ સહિત ઘણાં દેશોમાં અસ્થિરતા ફેલાવવા અને રાજકીય બાબતોને પ્રભાવિત કરવા માટે કર્યો હતો. હવે આ મુદ્દો ભારતની સંસદમાં ઊઠાવવામાં આવ્યો છે. ભારતીય જનતા પાર્ટીના સાંસદ નિશિકાંત દુબેએ માંગ કરી હતી કે સરકારે આ મામલાની તપાસ કરવી જોઈએ અને દોષિતોને જેલમાં મોકલવા જોઈએ. કોંગ્રેસને અમેરિકન ઉદ્યોગપતિ જ્યોર્જ સોરોસ સાથે સંબંધ છે. ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ જણાવ્યું હતું કે, 'અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુએસએઆઈડી સંસ્થાને સંપૂર્ણપણે બંધ કરી દીધી છે કારણ કે તે વર્ષોથી વિવિધ સરકારોને ઉથલાવી પાડવા માટે પૈસા ખર્ચી રહી હતી.

કોમેડીના નામે અશ્લીલતા

# પોલીસ ફરિયાદ થતાં રણવીર અલ્હાબાદિયાએ માફી માંગી

### કોમેડિયન સમય રૈનાના શો ઇન્ડીયાઝ ગોટ લેટેન્ટ પર કરવામાં આવેલી એક અશ્લીલ મજાક કરવાની ભારે પડી

। (એજન્સી) મુંબઈ, તા.૧૦ ।

મશહૂર યુટ્યુબર અને પોડકાસ્ટ હોસ્ટ રણવીર અલ્હાબાદિયાને કોમેડિયન સમય રૈનાના શો ઈન્ડીયાઝ ગોટ લેટેન્ટ પર કરવામાં આવેલી એક અશ્લીલ મજાક કરવાની ભારે પડી ગઈ છે. જેને લઈને હવે તેની ખૂબ ટીકા થઈ રહી છે. મામલો એટલો બધો આગળ વધી ગયો કે રણવીર સહિત ઘણાં લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. જેન લઈને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસનું એક નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું હતું કે, કોઈપણ નિયમ તોડશે તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. હકીકતમાં કોમેડિયન સમય રૈનાના શો ઈન્ડીયાઝ ગોટ લેટેન્ટમાં હાજર રણવીર અલ્હાબાદિયાએ એક સ્પર્ધકને તેના માતા-પિતાના અંગત જીવન સાથે જોડાયેલો એક સવાલ પૂછ્યો હતો. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થયો હતો. જેને લઈને લોકો તરત જ ગુસ્સે ભરાયા ગયા હતા અને લોકોએ સમય અને રણવીર વિરુદ્ધ કાર્યવાહી કરવાની માંગ કરી હતી. આ કેસમાં હવે રણવીર અલ્હાબાદિયા, સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અપૂર્વ માખીજા ઉર્ફે રેબેલ કીડ, કોમેડિયન સમય રૈના અને શો ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ ના આયોજકો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. હવે આ મામલે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે, મને પણ આ અંગે માહિતી મળી છે.

ટ્રમ્પનો વધુ એક ચોંકાવનારો નિર્ણય

## એક સેન્ટના સિક્કાનું પ્રોડક્શન બંધ કરવાનો આપ્યો આદેશ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૦ ।



અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ એક ચોંકાવનારો નિર્ણય લીધો છે. તેમણે Penny એટલે કે ૧ સેન્ટના સિક્કાનું પ્રોડક્શન બંધ કરવા ટ્રેઝરી ડિપાર્ટમેન્ટને આદેશ આપ્યો છે. પેની એટલે કે ૧ સેન્ટ અમેરિકામાં સૌથી નાની કરન્સી છે. પેનીના પ્રોડક્શનમાં થતા ખર્ચને જોતા આ નિર્ણય લેવાયો છે. એક પેનીના પ્રોડક્શનમાં ૩ સેન્ટ કરતા વધુ ખર્ચ થાય છે. એટલે જ ઘણા વર્ષોથી તેને બંધ કરવાની માગ ઉઠી રહી હતી. એક પેની અમેરિકન ડોલરના ૧૦૦મા હિસ્સા બરાબર હોય છે. અમેરિકામાં ૧૮૫૭માં હાફ સેન્ટનું પ્રોડક્શન બંધ કરાયું હતું અને તે પછીથી અત્યાર સુધી પેની એટલે કે એક સેન્ટના સિક્કા અમેરિકાની સૌથી નાની કરન્સી છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું કે, ઘણા વર્ષોથી અમેરિકામાં પેનીનું પ્રોડક્શન થઈ રહ્યું છે અને જેની પડતર ૨ સેન્ટથી વધુ છે. તેમણે તેને પૈસાની બરબાદી જણાવતા તેમણે ટ્રેઝરી સેક્રેટરીને નવી પેનીનું પ્રોડક્શન બંધ કરવા કહ્યું હોવાનું જણાવ્યું હતું. ગત મહિને ઈલોન મસ્કના ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)એ ૧ સેન્ટના સિક્કાની પડતર અંગે વાત કરી હતી. તે પછીથી તેનું પ્રોડક્શન બંધ કરવાની માગ જોર પકડવા લાગી હતી. વર્ષ ૨૦૨૩માં યુએસ મિન્ટે લગભગ ૪.૧ અબજ પેનીનું પ્રોડક્શન કર્યું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૪માં યુએસ મિન્ટે કહ્યું હતું કે, એક પેનીના પ્રોડક્શનમાં ૩.૭ સેન્ટનો ખર્ચ આવે છે. જે ગત વર્ષની સરખામણીમાં ૨૦ ટકાથી વધુ છે. ઝિંક અને કોપર સહિતના મેટલ્સની કિંમતમાં થયેલા વધારાના કારણે સિક્કા બનાવવા મોંઘા પડી રહ્યા છે. ૨૦૧૩માં બ્રુકિંગ ઈન્સ્ટીટ્યૂશને પણ પેનીનું પ્રોડક્શન બંધ કરવાની તરફેણ કરી હતી.

વિશ્વનો સૌથી મોટો ટ્રાફિક જામ

# કટનીથી પ્રયાગરાજ સુધી ૩૦૦ કિમી લાંબો ટ્રાફિક જોવા મળ્યું

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૦ ।



ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહા કુંભ મેળા તરફ જતા રસ્તાઓને ૩૦૦ કિલોમીટર સુધી લાંબો કારનો ટ્રાફિક જામ થયો હતો. વિશ્વના સૌથી મોટા ધાર્મિક મેળામાં હાજરી આપવા માટે ઉત્સુક લાખો યાત્રાળુઓ રવિવારે મેળા સ્થળથી સેંકડો કિલોમીટર દૂર પોતાની કારમાં ફસાયેલા જોવા મળ્યા હતા. પ્રયાગરાજ મહાકુંભમાં જતા શ્રદ્ધાળુઓ માટે જબલપુર, કટની, રેવા થઈને પ્રયાગરાજ જતા મુખ્ય માર્ગ પર છેલ્લા ઘણા કલાકોથી લાંબો જામ છે. કટની પોલીસે તો લોકોને હાથ જોડીને પાછા ફરવા અપીલ પણ કરી છે.

આ જામનું મુખ્ય કારણ મહાકુંભમાં ભાગ લેવા માટે લાખો ભક્તોનું રસ્તાઓ પર આગમન છે. ટોલ બેરિયર્સ પર મનસ્વી વસૂલાત પણ આ સમસ્યાને વધારી રહી છે. દક્ષિણ ભારતમાંથી આવતા ભક્તો પણ આ માર્ગનો ઉપયોગ કરે છે, જેના કારણે ટ્રાફિકનું દબાણ વધુ વધી ગયું છે. વહીવટીતંત્રની અપૂરતી તૈયારી પણ સામે આવી છે. એક રિપોર્ટ અનુસાર, ૨૦૦-૩૦૦ કિમી સુધી ટ્રાફિક જામ થયો હતો જેમાં મધ્યપ્રદેશ થઈને મહા કુંભ મેળા તરફ જતા યાત્રાળુઓના વાહનોનો સમાવેશ થતો હતો અને રવિવારે ત્યાંની પોલીસે વિવિધ જિલ્લાઓમાં ટ્રાફિક બંધ કરી દીધો હતો, જેના કારણે લોકો ઘણા કલાકો સુધી રસ્તાઓ પર અટવાઈ ગયા હતા. કટની જિલ્લામાં પોલીસ વાહનોએ જાહેરાત કરી કે સોમવાર સુધી ટ્રાફિક બંધ છે, જ્યારે મૈહર પોલીસે વાહનોને કટની અને જબલપુર તરફ પાછા ફરવા અને ત્યાં જ રહેવા કહ્યું હતુ. પીટીઆઈએ એક રિપોર્ટમાં પોલીસને ટાંકીને કહ્યું હતું કે "આજે પ્રયાગરાજ તરફ આગળ વધવું અશક્ય છે કારણ કે ૨૦૦-૩૦૦ કિલોમીટરનો ટ્રાફિક જામ છે. સોશિયલ મીડિયા પરના ઘણા વીડિયોમાં મધ્યપ્રદેશના કટની, જબલપુર, મૈહર અને રેવા જિલ્લાઓના રસ્તાઓ પર હજારો કાર અને ટ્રકની મોટી કતારો જોવા મળી રહી છે. પ્રત્યક્ષદર્શીઓએ દાવો કર્યો છે કે રેવા જિલ્લાના ચકઘાટ ખાતે કટનીથી એમપી-યુપી સરહદ સુધીના ૨૫૦ કિલોમીટરમાં ભારે ટ્રાફિક જામ છે. મુસાફરોએ સોશિયલ મીડિયા પર ટ્રાફિક જામ અંગે વાત કરી હતી. જેમાં એક યુઝરે કહ્યું, "જબલપુરથી ૧૫ કિમી પહેલા ટ્રાફિક જામ છે. હજુ પણ પ્રયાગરાજથી ૪૦૦ કિમી દૂર છે. પ્રયાગરાજ મહાકુંભમાં પવિત્ર ડૂબકી લગાવવા માટે લાખો ભક્તો એકઠા થયા છે. આના કારણે જબલપુર, કટની અને રીવા થઈને પ્રયાગરાજ જતો મુખ્ય રસ્તો સંપૂર્ણપણે જામ થઈ ગયો છે. આ જામ લગભગ ૧૦ થી ૧૫ કિમી લાંબો છે. રવિવારે પરિસ્થિતિ વધુ વણસી ગઈ હતી. દૂર દૂર સુધી વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે. કટનીમાં પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે પોલીસે લોકોને પાછા ફરવા માટે અપીલ કરવી પડી હતી.

હવામાન વિભાગની ખતરનાક આગાહી

# વચ્ચેથી ગાયબ થઈ જશે એક આખી ઋતુ, સીધો ઉનાળો આવશે

### અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમી વધવાની આગાહી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।



અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમી વધવાની આગાહી કરવામાં આવી છે. અફઘાનિસ્તાન પાસે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થયું છે. ત્રણ દિવસમાં તાપમાનમાં ત્રણ ડિગ્રીનો વધારો થઈ શકે છે. ફરી ઉત્તર-પૂર્વના પવનો શરૂ થતા ઠંડીમાં ઘટાડો થયો છે. તો હાલ અમદાવાદમાં મહત્તમ તાપમાનનો પારો ૩૩ ડિગ્રીને પાર થયો છે. હવામાન વિભાગે એવી પણ આગાહી કરી છે કે, આ વખતે વસંત ઋતુ આવશે નહીં અને સીધો ઉનાળો શરૂ થઈ જશે. ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયા અથવા તો માર્ચની શરૂઆતમાં તાપમાનમાં ઝડપથી વધારો થશે. ફેબ્રુઆરીમાં તાપમાન સામાન્યથી વધારે રહેશે. ગ્લોબલ વોર્મિંગની ઝડપથી હવામાન પર અસર પડી રહી છે, આ વખતે ક્લાયમેટ ચેન્જના કારણે ઠંડી અપેક્ષા કરતા ઓછી રહી હતી. હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે આ વર્ષે વસંત ઋતુ નહીં આવે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ વર્ષે વસંતને બદલે સીધો ઉનાળો આવશે. IMD એ હવામાનને લઈને માહિતી આપી છે કે, ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં અથવા માર્ચની શરૂઆતમાં તાપમાન ઝડપથી વધશે. હવામાન વિભાગનો અંદાજ છે કે ઉત્તર-પશ્ચિમથી મધ્ય અને પૂર્વ ભારતના મોટાભાગના વિસ્તારોમાં ફેબ્રુઆરીમાં વરસાદ સામાન્ય કરતાં ૨૦ ટકા ઓછો રહેશે. વરસાદના અભાવે હવામાં ભેજ ઘટશે અને તાપમાનમાં ઝડપથી વધારો થશે. આવી સ્થિતિમાં ફેબ્રુઆરીમાં તાપમાન સામાન્ય કરતા વધુ પહોંચવાની સંભાવના છે. દક્ષિણના રાજ્યોમાં તાપમાન સામાન્ય કરતા વધારે નોંધવાનું શરૂ કરી દીધું છે. સામાન્ય રીતે અહીં ફેબ્રુઆરીમાં તાપમાન ૩૦-૩૨ ડિગ્રી સેલ્સિયસ રહે છે, આ વખતે ઘણા વિસ્તારોમાં તાપમાન ૩૩થી ૩૭ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. અહેવાલો અનુસાર, કેરળના પલક્કડમાં રાત્રિનું તાપમાન ૨૬.૬ ડિગ્રી હતું, જે સામાન્ય રીતે ૨૦-૨૧ ડિગ્રી હોય છે. જો આ સ્થિતિ ચાલુ રહેશે તો આગામી સમયમાં ઠંડી સંપૂર્ણપણે ખતમ થઈ જશે અને ગરમીથી લોકોની હાલત કફોડી થશે.

## તંત્રી લેખ...

# દિલ્હી બાદ હવે બિહારમાં પણ જામશે મહામુકાબલો

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં શાનદાર જીત બાદ હવે ભાજપની નજર બિહાર પર છે, જ્યાં ઓક્ટોબર-નવેમ્બરમાં ચૂંટણી યોજાવા જઈ રહી છે. ભાજપના નેતૃત્વ હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)એ ૨૪૩ સભ્યોની વિધાનસભામાંથી ૨૨૫થી વધુ બેઠકો જીતવાનું લક્ષ્ય રાખ્યું છે. પરંતુ બિહારમાં ચૂંટણી જંગ અન્ય કોઈપણ રાજ્ય કરતા સંપૂર્ણપણે અલગ છે. ત્યાંનું ગઠબંધન પણ નવા પ્રકારનું છે અને મુખ્ય ચહેરાઓ કેન્દ્રની રાજનીતિથી અલગ છે. જ્યાં NDA બિહાર વિધાનસભાની ચૂંટણી મુખ્યમંત્રી નીતિશ કુમારના ચહેરા પર લડશે, ત્યાં બીજી તરફ મહાગઠબંધનનો ચહેરો તેજસ્વી યાદવ હશે. બિહારની રાજનીતિ પર છેલ્લા ત્રણ દાયકાથી બે નેતાઓનો પ્રભાવ રહ્યો છે. આ નેતાઓ છે નીતિશ કુમાર અને લાલુ પ્રસાદ યાદવ. ભલે લાલુ યાદવ હવે રાજકીય રીતે એટલા સક્રિય નથી, પરંતુ બિહારમાં તેમનો પ્રભાવ ઓછો નથી થયો. લાલુના રાજકીય વારસાને હવે તેમના પુત્ર તેજસ્વી યાદવ ખૂબ જ સારી રીતે આગળ ધપાવી રહ્યા છે. નીતિશ કુમારની વાત કરીએ તો તેઓ બે દાયકાથી બિહારના મુખ્યમંત્રી છે. તેમણે ૨૦૧૫માં થોડા મહિના માટે પદ છોડી દીધું હતું અને જીતન રામ માંઝીને મુખ્યમંત્રી બનાવ્યા હતા. નીતીશે આ દરમિયાન ચોક્કસપણે ગઠબંધન સાથીદારો બદલ્યા છે, પરંતુ મુખ્યમંત્રીની ખુરશી તેમની પાસે જ રહી છે. બિહારમાં કિંગ પણ છે, કિંગમેકર પણ છે અને ગઠબંધનનો જાદુ પણ છે. જો આપણે કહીએ કે બિહારનું રાજકારણ ભારતના અન્ય તમામ રાજ્યો કરતાં ઘણું જટિલ છે, તો તે અતિશયોક્તિ નહીં ગણાય. બિહારની આગામી વિધાનસભા ચૂંટણીમાં એક તરફ ભાજપના નેતૃત્વ હેઠળનું નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) હશે તો બીજી તરફ રાષ્ટ્રીય જનતા દળ (RJD) ના નેતૃત્વ હેઠળનું મહાગઠબંધન હશે. NDAમાં ભાજપની સાથે JDU, લોજપા(રામ વિલાસ), હિન્દુસ્તાની આવામ મોરચા સેક્યુલર (HAM) અને રાષ્ટ્રીય લોક મોરચા (R LM) સામેલ છે. બીજી તરફ મહાગઠબંધનમાં આરજેડી, કોંગ્રેસ, ડાબેરી પક્ષો અને વિકાસશીલ ઈન્સાન પાર્ટી સામેલ છે.

## એરો ઇન્ડિયા ૨૦૨૫ ઉડાન શરૂ; રક્ષા મંત્રીએ બેંગાલુરુમાં એશિયાના સૌથી મોટા એરોસ્પેસ અને સંરક્ષણ પ્રદર્શનના ૧૫મા સંસ્કરણનું ઉદઘાટન કર્યું

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ કર્ણાટકના બેંગાલુરુમાં યેલાહંકા એરફોર્સ સ્ટેશન ખાતે એરો ઈન્ડિયાની ૧૫મી આવૃત્તિનું ઉદઘાટન કરતાં જણાવ્યું હતું કે, "એરો ઈન્ડિયા ૨૦૨૫ મહત્વપૂર્ણ અને ફ્રન્ટિયર ટેકનોલોજીનો સંગમ છે. જે આજની અનિશ્ચિતતાઓને પહોંચી વળવા માટે પારસ્પરિક આદર, પારસ્પરિક હિત અને પારસ્પરિક લાભ પર આધારિત સમાન વિચારધારા ધરાવતા દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરવા માટે એક મંચ પ્રદાન કરશે." તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, એરો ઈન્ડિયા ૨૦૨૫ દેશની ઔદ્યોગિક ક્ષમતા અને ટેકનોલોજીકલ પ્રગતિને દુનિયા સમક્ષ પ્રદર્શિત કરશે ત્યારે મૈત્રીપૂર્ણ દેશો સાથે સહજીવનનાં સંબંધો વધારે મજબૂત કરશે. તેમણે વધુમાં કહ્યું હતું કે, સ્થાયી શાંતિ ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે. જ્યારે રાષ્ટ્રો સાથે મળીને મજબૂત બને અને વધુ સારા વિશ્વ વ્યવસ્થા માટે કામ કરે. રક્ષા મંત્રીએ જણાવ્યું હતું કે, પાંચ દિવસનાં આ કાર્યક્રમમાં ભારતનાં સરકારી પ્રતિનિધિઓ, ઉદ્યોગ અગ્રણીઓ, વાયુસેનાનાં અધિકારીઓ, વૈજ્ઞાનિકો, સંરક્ષણ ક્ષેત્રનાં નિષ્ણાતો, સ્ટાર્ટ-અપ્સ, શૈક્ષણિક સંસ્થાઓ અને સમગ્ર વિશ્વનાં અન્ય હિતધારકો સામેલ થશે તથા આ સંગમ ભારતનાં ભાગીદારોને તમામનાં લાભની નજીક લાવશે. રાજનાથ સિંહે કહ્યું કે, "અમે ઘણીવાર ખરીદદારો અને વેચાણકર્તાઓ તરીકે વાતચીત કરીએ છીએ, જ્યાં અમારા સંબંધો વ્યવહારિક સ્તરે હોય છે. આમ છતાં, અન્ય એક સ્તરે અમે અમારી ભાગીદારી ખરીદનાર અને વેચનારના સંબંધથી આગળ વધીને ઔદ્યોગિક સહયોગના સ્તર સુધી બનાવીએ છીએ. સમાન વિચારધારા ધરાવતા દેશો સાથે સહ-ઉત્પાદન અને સહ-વિકાસના ઘણા સફળ ઉદાહરણો અમારી પાસે છે. અમારા માટે કોઈ ભારતીય સુરક્ષા કે ભારતીય શાંતિ અલગ-થલગ નથી. સુરક્ષા, સ્થિરતા અને શાંતિ એ પારસ્પરિક બાંધકામો છે. જે રાષ્ટ્રીય સરહદોને ઓળંગી જાય છે. શ્રી રાજનાથ સિંહે ઉમેર્યું હતું કે, અમારા વિદેશી મિત્રોની હાજરી એ વાતનો પુરાવો છે કે, આપણા ભાગીદારો એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્યનાં આપણાં દ્રષ્ટિકોણને વહેંચે છે. રક્ષા મંત્રીએ ધ્યાન દોર્યું હતું કે વૈશ્વિક અનિશ્ચિતતાના વર્તમાન વાતાવરણમાં ભારત એક એવો મોટો દેશ છે, જે શાંતિ અને સમૃદ્ધિનો સાક્ષી છે. તેમણે વધુમાં કહ્યું કે, "ભારતે ક્યારેય કોઈ દેશ પર હુમલો કર્યો નથી કે ન તો તે કોઈ મહાન સત્તાની દુશ્મનાવટમાં સામેલ થયું છે. આપણે હંમેશા શાંતિ અને સ્થિરતાના હિમાયતી રહ્યા છીએ. તે આપણા મૂળભૂત આદર્શોનો એક ભાગ છે. શ્રી રાજનાથ સિંહે આ પ્રસંગે ઉપસ્થિત સંરક્ષણ મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ અને વિદેશી ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સના પ્રતિનિધિઓને જણાવ્યું હતું કે, વૈશ્વિક શાંતિ, સમૃદ્ધિ અને સ્થિરતા માટે ભારત સાથે તેમનો સહકાર મહત્ત્વપૂર્ણ છે. રાજનાથ સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત કાયાપલટનાં તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે જે વિકાસશીલમાંથી વિકસિત રાષ્ટ્ર તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં સરકાર દ્વારા સંકલિત, સ્થાયી અને સુવિચારિત રોડમેપને કારણે દેશમાં એક જીવંત અને સમૃદ્ધ સંરક્ષણ ઉદ્યોગની ઈકોસિસ્ટમ ઊભી થઈ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સંરક્ષણ ઔદ્યોગિક ક્ષેત્ર જેને અગાઉ રાષ્ટ્રીય અર્થતંત્રનાં ઘટક તરીકે જોવામાં આવતું ન હતું. તે આજે સંપૂર્ણ અર્થતંત્ર સાથે સંપૂર્ણપણે સંકલિત થઈ ગયું છે. તેમણે જણાવ્યું હતું કે આ ક્ષેત્ર હવે એક મોટર છે, જે ભારતીય અર્થતંત્રના ગ્રોથ એન્જિનને પાવર આપે છે. રક્ષા મંત્રીએ જણાવ્યું હતું કે કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬માં સંરક્ષણ મંત્રાલયને ૬.૮૧ લાખ કરોડ રૂપિયાની વિક્રમી ફાળવણી, જેમાં મૂડી સંપાદન માટે ૧.૮૦ લાખ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. તે એ વાતનો પુરાવો છે કે, સરકાર સંરક્ષણને ટોચની પ્રાથમિકતાવાળા ક્ષેત્ર તરીકે ગણે છે. તેમણે ઉમેર્યું હતું કે, અગાઉના બજેટની જેમ આધુનિકીકરણ બજેટ-નો ૭૫ ટકા હિસ્સો સ્થાનિક સ્ત્રોતો મારફતે ખરીદી માટે અનામત રાખવામાં આવ્યો છે. જેનો ઉદ્દેશ ભારતનાં સંરક્ષણ ઔદ્યોગિક સંકુલની ક્ષમતાઓને વિસ્તૃત અને ગાઢ બનાવવાનો છે. શ્રી રાજનાથ સિંહે આ સંપૂર્ણ વિકાસગાથામાં ખાનગી ખેલાડીઓની ભાગીદારી વધારવાની દિશામાં સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. "ખાનગી ક્ષેત્ર આર્થિક મુખ્ય પ્રવાહમાં મોટી ભૂમિકા ભજવશે.

**જ્ઞાનીઓ જ્ઞાનથી અદ્વૈત સિદ્ધ કરે છે, આનું નામ અદ્વૈતમુક્તિ, કૈવલ્ય મુક્તિ, ભક્તિથી અદ્વૈત સિદ્ધ કરે છે તે ભાગવતી મુક્તિ**

# જ્ઞાનીઓ જ્ઞાનથી અદ્વૈત સિદ્ધ કરે છે, આનું નામ અદ્વૈત મુક્તિ, કૈવલ્ય મુક્તિ, ભક્તિથી અદ્વૈત સિદ્ધ કરે છે તે ભાગવતી મુક્તિ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જે વ્યાપક બ્રહ્મમાં લીન થયો તે તેમાંથી કેમ છૂટો પડી શકે? પાણીમાં સર્વ રીતે ડૂબી ગયેલો પાણીનો સ્વાદ લઈ શકતો નથી, તેવી રીતે જીવ ઈશ્વર ડૂબી ગયા પછી જીવ ઈશ્વરના સ્વરૂપનો સાનુભાવ કરી શકતો નથી, માટે વૈષ્ણવ મહાપુરુષો થોડું દ્વૈત રાખી ભગવાનની સેવા-સ્મરણમાં હું ઉતાર્થતા અનુભવે છે, આ બંને સિદ્ધાંતો સત્ય છે, ખંડનમંડનની ભાંજગડમાં પડશો નહીં, ગૌરાંગ પ્રભુ પાદ ભેદાભેદ ભાવમાં માને છે.**

મહાકુંભમાં માનવ મહેરામણ ઉમટયો છે ચોથું મહા સ્નાન માઘ પૂર્ણિમાએ થશે. સનાતન ધર્મની આસ્થા શ્રદ્ધાની દિવ્ય જ્યોત અખંડ પ્રજ્વલિત રહે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો દયાનમાં મન સ્થિર ન થાય તો તેને મરણની બીક બતાવજો.તેથી તે સ્થિર થશે. મનને સમજાવજો, પટાવજો, છેવટે ધમકાવજો. એકનાથ મહારાજને એક વૈષ્ણવે પૂછ્યું કે, મારું મન ઈશ્વરમાં સ્થિર થાય છે, સદાસર્વદ તમારું મન શ્રીકૃષ્ણમાં સ્થિર કેમ રહે છે? તમારું મન ચોવીસે કલાક પ્રભુમાં સ્થિર છે,ને મારું મન અર્ધો કલાક પણ પ્રભુમાં સ્થિર થતું નથી, માટે મનને સ્થિર કરવાનો કાંઈ ઉપાય બતાવો. એકનાદ મહારાજે કહ્યું, એ વાત હમણાં જવા દે. હમણાં તો એક મહત્ત્વની વાત મારે તને કહેવી છે અને તે એ કે તારું મૃત્યુ નજીક છે. મરતાં પહેલાં વેર અને વાસનાનો ત્યાગ કર. વેર અને વાસના મરણને બગાડે છે. જા, સાત દિવસ પછી તું મારી પાસે આવજે. પેલા વૈષ્ણવના તો મૃત્યુનું નામ સાંભળ્યું કે હોશકોશ ઊડી ગયા. ઘરે જઈ તરત ધનની પુત્રોને સોંપણી કરી દીધી. સર્વની ક્ષમા યાચના માગી. ઈશ્વરનું ધ્યાન કરવા લાગ્યો. સાત દિવસ પછી તે એક નાથ મહારાજ પાસે આવ્યો. મહારાજે પૂછ્યું, બોલ, આ સાત દિવસ તેં શું કર્યું? વૈષ્ણવ ઉત્તર આપે છે,મને તો મરણની બીક એવી લાગી કે, હું તો સર્વ છોડીને ઈશ્વરના ધ્યાનમાં જ લાગી ગયો. એકનાથ મહારાજે કહ્યું બસ, તો મારી એકાગ્રતાનું પણ એ જ રહસ્ય છે. હું મૃત્યુને રોજ યાદ રાખું છું.હું મૃત્યુની બીક રાખી સતત ઈશ્વર ભજન કરું છું, એટલે મારું મન સર્વ વિષયોમાંથી હટી જાય છે અને મારું મન સદા સર્વદા શ્રીકૃષ્ણમાં એકાગ્ર રહે છે. પરમા ત્માનું ધ્યાન કરતાં જીવ ઈશ્વરમાં મળીજાય.ધ્યાન કરનારો ધ્યેયમાં મળી જાય. ધ્યાતા,ધ્યાન અને ધ્યેય ત્રણે એક થઈ જાય. આજ મુક્તિ, આજ શુદ્ધ અદ્વૈત. ધ્યાતા,ધ્યાન અને ધ્યેય એક



થવાં જોઈએ તે એક થાય તો સમજવું કે,ધ્યાનમાં અને દર્શનમાં એકતાનતા થઈ. એક્લાનતા થઈ એટલે તેને ઈશ્વર સિવાય બીજું કાંઈ દેખાતું નથી. લોકો ઈશ્વરને આપે છે ધન, પરંતુ પરમાત્મા તો સૌની પાસે માગે છે મન. વ્યવહાર કરો, પણ ઈશ્વરમાં મન રાખી વ્યવહાર કરવો. પનિહારીઓ પાણીનાં બેડાં ભરીને રસ્તેથી ઘરે આવતી હોય ત્યારે રસ્તામાં તેઓ એક બીજી સાથે વાતો કરતી હોય છેપણ વાતચીત માં તેઓનું ધ્યાન સતત માથા ઉપરનાં બેડાં ઉપર જ હોય છે. આવી રીતે સંસારના વ્યવહારો ઈશ્વરનું સ્મરણ રાખીને કરો. ખાંડની પૂતળી સાગરનું ઊંડાણ પામવા ગઈ. તે સાગરમાં વિલીન થઈ ગઈ. પાછી ન જ આવી. તે સાગર સાથે મળી ગઈ તેમ ઈશ્વર માં મળેલા મનને કોઈ જુદું કરી શકતું નથી.જેમ જેમ મન ધ્યાન કરે છે, તેમ તેમ જીવનો લય પરમાત્મામાં થાય છે.પછી જીવમાં જીવપણું રહેતું નથી. ભાગવતમાં જ્ઞાનમાર્ગ અને ભક્તિ માર્ગ બંને બતાવ્યા છે. જ્ઞાનમાર્ગમાં જીવ ઈશ્વરમય સાથે એક થાય છે, ઈશ્વરમાં મળી જાય છે, ત્યારે વૈષ્ણવાચાર્યો થોડું દ્વૈત રાખીને દ્વૈત માને છે. ભક્તિનો આરંભ ભલે દ્વૈતથીથાય પણ તેની સમાપ્તિ અદ્વૈતમાં થાય છે. ભક્ત અને ભગવાન જુદા રહી શકતા નથી. જે જીવ ભગવાનમાં મળી ગયો તેને પછી ભગવાન પોતાના સ્વરૂપથી અલગ કરી શકતા નથી.ઈશ્વર રસરૂપ છે.જે બ્રહ્મરસમાં ડૂબી ગયો જે બ્રહ્મરૂપ થયો તે પછી પરમાત્માના રસાત્મક સ્વરૂપનો અનુભવ કરી શકતો નથી. જીવ બ્રહ્મરૂપ થાય એટલે દુઃખનિવૃત્તિ તો થાય છે,પણ આનંદનો અનુભવ થતો નથી. બ્રહ્મ જે રસાત્મક છે, આનંદાત્મક છે તેનો અનુભવ લેવા તેણે થોડું અલગ રહેવું પડે. થોડું દ્વૈત રાખવું પડે. તેથી ભક્ત કહે છે કે,હું મારા ભગવાનનો અંશ છું,હું મારા ભગવાનની ગોપી છું,મારે પરમાત્મા સાથે એક થવું નથી. મારે પરમાત્માની સેવા કરવી છે. ભક્ત જ્યારે લૌકિક દેહ છોડી અપ્રાકૃત શરીર ધારણ કરીગોલોક ધામમાં પ્રવેશ કરે છે ત્યારે ભગવાનને આનંદ થાય છે કે,મારો અંશ મને મળવા આવ્યો. ભકિત કરતાં તુકારામ પાંડુરંગ બની ગયા. પણ તુકારામ કહે છે, કીર્તન કરવા માં મને આનંદ આવે છે તે પાંડુરંગ થવામાં નથી. જીવ ઈશ્વર થી જુદો રહે,તો તે રસનો અનુભવ કરી શકે છે. વૈષ્ણવાચાર્યો જીવ ઈશ્વરથી થોડો અલગ રહે તેમ ઈચ્છે છે. ઈયળ ભમરીનું ચિંતન કરતાં કરતાં ભમરીરૂપ બની જાય છે, તેજ પ્રમાણે જીવ બ્રહ્મનું ચિંતન કરતાં બ્રહ્મરૂપ બની જાય છે. આ થઈ કૈવલ્ય મુક્તિ,પણ વૈષ્ણવો આવી કેવલ્ય મુક્તિ ઈચ્છતા નથી. તેઓ ઈશ્વરની પૂજા-સેવા કરવા માટે અને તેનો રસાસ્વાદ માણવા માટે થોડું દ્વૈત રાખે છે. જે વ્યાપક બ્રહ્મમાં લીન થયો તે તેમાંથી કેમ છૂટો પડી શકે? પાણીમાં સર્વ રીતે ડૂબી ગયેલો પાણીનો સ્વાદ લઈ શકતો નથી, તેવી રીતે જીવ ઈશ્વર ડૂબી ગયા પછી જીવ ઈશ્વરના સ્વરૂપનો સાનુભાવ કરી શકતો નથી. માટે વૈષ્ણવ મહાપુરુષો થોડું દ્વૈત રાખી ભગવાનની સેવા-સ્મરણમાં હું ઉતાર્થતા અનુભવે છે.આ બંને સિદ્ધાંતો સત્ય છે. ખંડનમંડનની ભાંજગડમાં પડશો નહીં. ગૌરાંગ પ્રભુ પાદ ભેદાભેદ ભાવમાં માને છે. લીલામાં ભેદ માને છે, પરંતુ તત્ત્વ દૃષ્ટિથી અભેદ છે. અભિન્નહવ છતાં સૂક્ષ્મભેદ છે. એકનાથ મહારાજે ભાવાર્થ રામાયણમાં આ સિદ્ધાંત મુજબ સમજાવતાં દૃષ્ટાંત આપ્યું છે.અશોકવનમાં રામવિરહમાં સીતાજી રામનું અખંડ ધ્યાન- સ્મરણ કરે છે. સીતાજી ધ્યાનમ તન્મય રહે છે કે, હું સીતા છું. તેમને થાય છે કે, હું જ રામ છું. આ કૈવલ્યમુક્તિ. તેમણે એકવાર ત્રિજટાને કહ્યું કે, ઈયળ ભમરીનું ચિંતન કરતાં કરતાં ભમરી બની જાય છે.એમ રામજી નું ચિંતન કરતાં કરતાં હું રામ થઈ જઈશ?તો પછી રામજી ની સેવા કોણ કરશે.પછીજગતમાં રામ સીતાની જોડી નહીં રહે. સીતાજીને રામ રૂપ થવું નથી. તેમને તો રામજન ચિંતા છે. સીતા થઈ રામજીની સેવા કરવામાં જે આનંદ છે,તે રામરૂપ થવામાં નથી. તેમને રામ થવામાં આનંદ નથી. ત્યારે ત્રિજટા કહે છે,ચિંતા ન કરો! પ્રેમ અન્યોન્ય હોવાથી રામજી તમારું ચિંતન કરતાં કરો સીતારૂપ થશે. રામ સીતાની જોડી જગતમાં કાયમ રહેશે. આ જ ભાગવતી મુક્તિનું રહસ્ય છે વૈષ્ણવ આચાર્યો પહેલા દ્વૈતનો નાશ કરે છે અને અદ્વૈત પ્રાપ્ત કરે છે. ત્યારબાદ તેમ કાલ્પનિક દ્વૈત રાખે છે, જેથી કનૈયાને ગોપી ભાવે ભજી શકાય. કહે છે મારે શ્રીકૃષ્ણ થવુંનથી મારે તો ગોપી થઈ શ્રીકૃષ્ણની સેવા કરવી છે. જ્ઞાનીઓ જ્ઞાનથી અદ્વૈત સિદ્ધ કરે છે.આનું નામ અદ્વૈતમુક્તિ,કૈવલ્ય મુક્તિ,ભક્તિથી અદ્વૈત સિદ્ધ કરે છે તે ભાગવતી મુક્તિ. વિચારમાનો ક્યો જ્ઞાનમાર્ગ પસંદ કરે છે.ભાવનાપ્રધાન મનુષ્યો જેનું હૃદય કોમળ છે, દ્રવે છે તેવા મનુષ્યો ભકિત માર્ગ પસંદ કરે છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે માઘ માસના અંતિમ સ્નાન સાથે હવે પછી મહાકુંભ સ્નાન મહા વદ તેરસ મહાશિવરાત્રીએ થશે. અસ્તુ


**૧૦ ફેબ્રુઆરીથી ૧૧૧ સ્થાનિક જિલ્લાઓમાં ૧૭.૫ કરોડથી વધારે વસતિને દવાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવશેઃ જે પી નડ્ડાએ**

# કેન્દ્રીય આરોગ્યમંત્રીએ ૧૩ જેટલાં લિમ્ફેટિક ફાઇલેરિયાસિસ અસરગ્રસ્ત રાજ્યોમાં લિમ્ફેટિક ફાઇલેરિયાસિસ નાબૂદ કરવા માટે રાષ્ટ્રીય માસ ડ્રગ એડમિનિસ્ટ્રેશનનો શુભારંભ કરાવ્યો

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડાએ આજે અહીં ૧૩ જેટલાં ઓળખાયેલા એલએફ અસરગ્રસ્ત રાજ્યોના આરોગ્ય મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ દ્વારા લિમ્ફેટિક ફાઈલેરિયાસિસ (LF)ના નાબૂદી માટે વાર્ષિક રાષ્ટ્રવ્યાપી માસ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (MDA) અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. સહભાગીઓને ઝુંબેશ, તેના ઉદ્દેશ્યો, હાથ ધરવામાં આવતી મુખ્ય વ્યૂહાત્મક પ્રવૃત્તિઓ અને MDA કાર્યક્રમનું ઉચ્ચ કવરેજ અને પાલન સુનિશ્ચિત કરવામાં ભાગ લેનારા રાજ્યોની મહત્વપૂર્ણ ભૂમિકા વિશે માહિતી આપવામાં આવી હતી. આ ઝુંબેશ ૧૩ રાજ્યોના ૧૧૧ અસરગ્રસ્ત જિલ્લાઓને આવરી લે છે, જ્યાં ઘરે ઘરે જઈને ફાઈલેરિયાસિસ નિવારણ દવાઓ આપવામાં આવે છે. આ બેઠકમાં વિવિધ રાજ્યનાં આરોગ્ય મંત્રીઓ શ્રી સત્ય કુમાર યાદવ (આંધ્રપ્રદેશ), શ્રી અશોક સિંઘલ (આસામ), શ્રી શ્યામ બિહારી જયસ્વાલ (છત્તીસગઢ), શ્રી ઋષિકેશ ગણેશભાઇ પટેલ (ગુજરાત), શ્રી ઈરફાન અન્સારી (ઝારખંડ), શ્રી દિનેશ ગુંડુ રાવ (કર્ણાટક), શ્રી રાજેન્દ્ર શુક્લા (મધ્યપ્રદેશ), શ્રી મુકેશ મહાલિંગા (ઓડિશા), શ્રી મંગલ પાંડે (બિહાર), શ્રી પ્રકાશરાવ આબિટકર (મહારાષ્ટ્ર) અને શ્રી બ્રિજેશ પાઠક (ઉત્તરપ્રદેશ)નો સમાવેશ થાય છે, એમડીએ અભિયાન ભારતની એલએફ નાબૂદી વ્યૂહરચનાનો મુખ્ય ઘટક છે. જેનું નેતૃત્વ સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળ નેશનલ સેન્ટર ફોર વેક્ટર બોર્ન ડિસીઝ કન્ટ્રોલ (એનસીવીબીડીસી) દ્વારા કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ એન્ટિ-ફિલેરિયલ દવાઓના ડોર-ટુ-ડોર વહીવટ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જે સુનિશ્ચિત કરે છે કે દરેક પાત્ર વ્યક્તિ રોગના સંક્રમણને રોકવા માટે સૂચવેલી દવાનું સેવન કરે છે. એલએફ સામાન્ય રીતે "હાથીપગા" તરીકે ઓળખાય છે, તે ચેપગ્રસ્ત મચ્છરો દ્વારા ફેલાતો પરોપજીવી રોગ છે. તે લિમ્ફોએડેમા (અંગોમાં સોજો) અને હાઇડ્રોસેલ (સ્કોટલ સોજો) જેવી શારીરિક વિકલાંગતા તરફ દોરી જઈ શકે છે અને અસરગ્રસ્ત વ્યક્તિઓ અને પરિવારો પર લાંબા ગાળાનો બોજો લાદી શકે છે. આ કાર્યક્રમમાં બોલતા કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "એલએફ-મુક્ત ભારત એ અમારી પ્રતિબદ્ધતા છે અને આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે દરેક નાગરિકની ભાગીદારી અને સક્રિય સમુદાયની ભાગીદારીની જરૂર છે. સહિયારી જવાબદારીની ભાવના સાથે આપણે લિમ્ફેટિક ફાઈલેરિયાસિસને નાબૂદ કરી શકીએ છીએ અને કરોડોનું રક્ષણ સુનિશ્ચિત કરી શકીએ છીએ." તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "આપણાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનાં સક્ષમ નેતૃત્વ હેઠળ, આ અભિયાન જન ભાગીદારીની ભાવનાથી પ્રેરિત હશે, જે તેને જન આંદોલનમાં પરિવર્તિત કરશે. તેમજ સમુદાયની સક્રિય ભાગીદારી અને સામૂહિક માલિકીની ભાવના સાથે ભારત લિમ્ફેટિક ફાઈલેરિયાસિસને નાબૂદ કરી શકે છે, જેથી લાખો લોકો આ રોગથી સુરક્ષિત રહે." લિમ્ફેટિક ફાઈલેરિયાસિસ લોકોને અશક્ત બનાવે છે અને તેમના જીવનની ગુણવત્તાને બગાડે છે. તેની નોંધ લઈને શ્રી નડ્ડાએ વર્ષ ૨૦૩૦ના સ્થાયી વિકાસ લક્ષ્યાંકથી ઘણા આગળ આ રોગ નાબૂદ થાય તે સુનિશ્ચિત કરવા માટે પાંચ પાંખિયાવાળી વ્યૂહરચના અમલમાં મૂકવાની અપીલ કરી હતી. તેમણે ૧૩ રાજ્યોના ૧૧૧ જિલ્લાઓમાં વર્ષમાં બે વખત યોજાતા એમડીએ અભિયાન દરમિયાન કોઈ પણ વ્યક્તિ બાકાત ન રહે તે સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "૧૦ ફેબ્રુઆરીથી, આ દવાઓ સ્થાનિક જિલ્લાઓમાં ૧૭.૫ કરોડથી વધુની વસ્તીને વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ વિસ્તારોના રહેવાસીઓ આ રોગથી પોતાને અને તેમના પરિવારોને બચાવવા માટે દવાઓનું સેવન કરે તે જરૂરી છે." તેમણે ઉચ્ચ વ્યાપ હાંસલ કરવાનાં મહત્ત્વ પર ભાર મૂકીને ભારપૂર્વક જણાવ્યું હતું કે, "સ્થાનિક જિલ્લાઓએ એ સુનિશ્ચિત કરવું પડશે કે લાયકાત ધરાવતા લોકોમાંથી ૯૦ ટકાથી વધારે લોકો ફિલેરિયા વિરોધી દવાઓનો વપરાશ કરે. અમારી સામૂહિક પ્રતિબદ્ધતા અને દ્રઢ નિશ્ચય જીવનમાં પરિવર્તન લાવવામાં મદદ કરશે અને લિમ્ફેટિક ફાઈલેરિયાસિસથી મુક્ત ભવિષ્યને સુનિશ્ચિત કરશે." શ્રી નડ્ડાએ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને રાજ્ય સ્તરે આ અભિયાન પર નજર રાખવાનો આગ્રહ કર્યો હતો કે જેથી અસરગ્રસ્ત લોકોનું ઝડપથી નિદાન સુનિશ્ચિત થઈ શકે. તેમણે આ માટે ઓળખાયેલા રાજ્ય/જિલ્લા સ્તરે રાજકીય અને વહીવટી નેતૃત્વની વ્યક્તિગત સંડોવણી માટે પણ અપીલ કરી હતી. કેન્દ્રીય મંત્રીએ અભિયાનની પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે વિવિધ મંત્રાલયો અને વિભાગોને જોડીને સંપૂર્ણ સરકારી અભિગમ અપનાવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે એ બાબત પર પ્રકાશ પાડ્યો હતો કે, આ સંકલિત અભિગમ અને સંલગ્ન મંત્રાલયોમાં ઉચ્ચ-સ્તરીય હિમાયત સાથે આંતરક્ષેત્રીય સમન્વયને પ્રોત્સાહન આપશે. શ્રી નડ્ડાએ રાજ્યોને લોકોમાં જાગૃતિ લાવવા માટે અસરકારક આઈઈસી પ્રવૃત્તિઓ લાગુ કરવા અપીલ કરી હતી. તેમણે વ્યાપક પહોંચ માટે ડિજિટલ ટેકનોલોજીને જોડવાની અપીલ કરી હતી. આ નોંધ પર, તેમણે યુપી અને ઓડિશા દ્વારા કરવામાં આવેલા સારા કાર્યો પર પ્રકાશ પાડ્યો હતો અને ડિજિટલ તકનીકોનો અસરકારક રીતે ઉપયોગ કરીને તેમની પ્રશંસા કરી હતી. તેમણે રાજ્યનાં સ્વાસ્થ્ય મંત્રીઓની રાજકીય સંડોવણીનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે તેમને અન્ય ચૂંટાયેલા પ્રતિનિધિઓ, ખાસ કરીને સાંસદો અને ધારાસભ્યો અને પરિષદો તેમજ પંચાયતી રાજ સંસ્થાઓને સામેલ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા અને એમડીએની પ્રવૃત્તિઓના અસરકારક અમલીકરણને સુનિશ્ચિત કરવા સમુદાયોને એકત્રિત કરવામાં તેમની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપ્યું હતું. શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે, આયુષ્માન આરોગ્ય મંદિર (એએએમ) સુવિધાઓમાં એમએમડીપી સેવાઓને સંપૂર્ણપણે સંકલિત કરવાનાં પ્રયાસો ચાલી રહ્યાં છે. જેથી વધારે સારી સ્વ-સંભાળ મેળવી શકાય અને આશરે ૫૦ ટકા લિમ્ફોડેમાનાં કેસોમાં દર વર્ષે મોર્બિડિટી મેનેજમેન્ટ એન્ડ ડિસેબિલિટી પ્રિવેન્ટેનિયન (એમએમડીપી) કિટ્સ પ્રાપ્ત થાય છે. તેમણે જણાવ્યું હતું કે, એનએચએમ હેઠળ હાઈડ્રોકલેક્ટોમી સર્જરીની જોગવાઈ છે અને પીએમજેએવાય યોજના લાભાર્થીઓ માટે હાઈડ્રોકલેક્ટોમીનો વિકલ્પ પણ ધરાવે છે. તેમણે માહિતી આપી હતી કે ૨૦૨૪માં સ્થાનિક રાજ્યોમાં લગભગ ૫૦% હાઈડ્રોસિલ સર્જરી કરવામાં આવી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ પ્રયાસો મારફતે આરોગ્ય મંદિરો એલએફનું ભારણ ઘટાડવામાં મદદ કરશે. અસરગ્રસ્ત લોકોને તંદુરસ્ત જીવન જીવવાની તક આપશે અને રોગમુક્ત, વિકસિત ભારતના વિઝનને પ્રોત્સાહન આપશે. કેન્દ્રીય આરોગ્ય પ્રધાને ઉચ્ચ મૃત્યુદર ધરાવતા આ રોગને અસરકારક રીતે સંચાલિત કરવાના મહત્વને પુનરાવર્તિત કરીને તેમના સંબોધનનું સમાપન કર્યું હતું. આ છેલ્લો પડકાર છે એ બાબતનો ઉલ્લેખ કરીને તેમણે સ્વાસ્થ્ય કાર્યકર્તાઓને જમીની સ્તરથી લક્ષિત વિસ્તારોમાં કેન્દ્રિત રીતે કામ કરવા અપીલ કરી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "ભારત લિમ્ફેટિક ફાઈલેરિયાસિસને નાબૂદ કરવાની પોતાની પ્રતિબદ્ધતામાં અડગ રહ્યું છે અને રહેશે. અમારો સંકલ્પ વર્ષ ૨૦૨૭ સુધીમાં આ લક્ષ્યાંક હાંસલ કરવાનો છે." MDA વિશેઃ એમડીએ અભિયાન આંધ્રપ્રદેશ, આસામ, બિહાર, છત્તીસગઢ, ગુજરાત, ઝારખંડ, કર્ણાટક, કેરળ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળના ૧૧૧ સ્થાનિક જિલ્લાઓને આવરી લેશે. આ ઝુંબેશ વ્યાપક નિવારણ વ્યૂહરચનાઓ, ઉન્નત જાગૃતિ અને એમડીએ સાથે વ્યાપક અનુપાલનને સુનિશ્ચિત કરીને લિમ્ફેટિક ફાઈલેરિયાસિસને નાબૂદ કરવાની સરકારની અતૂટ પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરે છે. માસ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (MDAS) ઝુંબેશમાં એલએફ-એન્ડેમિક વિસ્તારોમાં તમામ લાયક વ્યક્તિઓને પછી ભલેને તેઓ લક્ષણો ધરાવતા હોય કે નહીં, એન્ટિ-ફિલેરિયલ દવાઓના સંયોજન નિરીક્ષણ હેઠળ રાખવામાં આવે છે. દવાની પદ્ધતિમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ ડબલ ડ્રગ રેજિમેન્ટ (DA): ડાયેથાઈલકારબામાઝાઈન સાઈટ્રેટ (DEC) અને એલ્બેન્ડાઝોલ, ટ્રિપલ ડ્રગ રિજિન (IDA): આઈવરમેક્ટિન, ડાયેઈથિલકારબામાઝિન સાઈટ્રેટ (DEC) અને એલ્બેન્ડાઝોલ, એમડીએનો ઉદ્દેશ ચેપગ્રસ્ત વ્યક્તિઓના લોહીના પ્રવાહમાં હાજર માઈક્રોસ્કોપિક ફિલેરિયલ પરોપજીવીઓને દૂર કરીને એલએફના ફેલાવાને ઘટાડવાનો છે. આમ તે મચ્છરો દ્વારા વધુ સંક્રમણને અટકાવે છે. એમડીએની દવા અત્યંત સલામત અને અસરકારક હોવા છતાં ખાલી પેટે તેનું સેવન ન કરવું જોઈએ. નીચેના જૂથોએ ઔષધિઓનું સેવન ન કરવું જાઈએઃ ૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકો, ગર્ભવતી મહિલાઓ, ગંભીર રીતે બીમાર વ્યક્તિઓ, અન્ય તમામ પાત્ર વ્યક્તિઓએ યોગ્ય વપરાશની ખાતરી કરવા અને બગાડ અથવા દુરૂપયોગને ટાળવા માટે પ્રશિક્ષિત આરોગ્ય કાર્યકરની હાજરીમાં દવાનું સેવન કરવું જોઈએ. આ બેઠકમાં શ્રીમતી પુણ્ય સલિલા શ્રીવાસ્તવ, કેન્દ્રીય આરોગ્ય સચિવ; શ્રીમતી આરાધના પટનાયક, અધિક સચિવ અને આરોગ્ય મંત્રાલયનાં એમડી (NHM), કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ અને રાજ્યોના અધિક મુખ્ય સચિવ, અગ્ર સચિવ અને એમડી (એનએચએમ) ઉપસ્થિત રહ્યા હતા.

### આખી રાત બંધાયેલો રહ્યો અને વિકી કૌશલનો હાથ ખોટો પડી ગયો

# છાવાના આ ટોર્ચર સીન પછી વિકીને દોઢ મહિનો બ્રેક લેવો પડ્યો




વિકી કૌશલની 'છાવા'ના ટીઝર અને ટ્રેલરથી ફિલ્મ રસિકોમાં હાલ તો ફિલ્મ બાબતે ઘણો ઉત્સાહ છે, કારણ કે છત્રપતિ સંભાજી મહારાજના રોલ માટે વિકી કૌશલે ઘણી મહેનત કરી છે. આ ફિલ્મના પ્રમોશનના ભાગરૂપે તાજેતરમાં ફિલ્મના ડિરેક્ટર લક્ષ્મણ ઉટેકરે વિકી વિષે કહ્યું હતું કે તેણે કઈ રીતે આ ફિલ્મમાં જીવ અને આત્મા રેડી દીધાં હતાં.લક્ષ્મણ ઉટેકરે એક કિસ્સો કહ્યો હતો જેમાં વિકી કૌશલને એક શૂટ માટે આખી રાત બાંધી રાખ્યો હતો. તેમાંથી કંઈ પણ કરવા માટે વિકીએ જરા પણ આનાકાની કરી નહોતી. આ શૂટના અંતે વિકીને ઈજાઓ પણ થઈ હતી અને તેના કારણે તેને દોઢ મહિનો બ્રેક પણ લેવો પડ્યો હતો. લક્ષ્મણ ઉટેકરે કહ્યું, ''ટોર્ચર સીન શૂટ કરતી વખતે અમને અંદાજ આવ્યો કે એ જ દિવસે છત્રપતિ સંભાજી મહારાજને પણ ટોર્ચર કરવામાં આવ્યા હતા. યોગાનુયોગ અમે એ જ દિવસે એ જ ઘટના શૂટ કરી રહ્યા હતા.''વિકીની ઈજાઓ વિશે ઉટેકરે કહ્યું, ''આખી રાત વિકીના હાથ દારેરડાં સાથે બંધાયેલાં હતાં. જ્યારે અમે એ દોરડાં કાઢ્યાં તો એના હાથ નીચે થઈ શકતા નહોતા. એ જકડાઈ ગયા હતા. અમારે તેના કારણે દોઢ મહિનો બ્રેક લેવો પડ્યો હતો. એ સમય દરમિયાન અમારે સેટ તોડી પાડવાનો હતો. તેથી અમે તેને રિકવરીનો સમય આપ્યો. પછી અમે ફરી સેટ બનાવ્યો અને આગળનું શૂટિંગ શરૂ કર્યું.'' આ ફિલ્મ ૧૪ ફેબ્રુઆરીએ રિલીઝ થશે.

# 'ઇક્કીસ'માં જયદીપ આહલાવત અને ધર્મેન્દ્ર સાથે સિકંદર ખેર પણ જોડાયો

### હું નસીબદાર છું કે આ ફિલ્મનો ભાગ બનવા મળ્યું, મને આશા છે કે આ ફિલ્મ સારી ચાલશે : સિકંદર ખેર

શ્રીરામ રાઘવનની ફિલ્મ અણધાર્યા વળાંકો અને ધારી ન શકાય એવી વાર્તાઓ માટે જાણીતી હોય છે. તેઓ હવે એક નવા વિષય સાથે આવી રહ્યા છે, તે વૉર ફિલ્મ 'ઈક્કિસ' બનાવી રહ્યા છે. જેમાં જયદીપ આહલાવત, ધર્મેન્દ્ર તેમજ અગત્સ્ય નંદા જેવા ટેલેન્ટેડ કલાકારો કામ કરી રહ્યા છે. હવે તેમની સાથે આ ફિલ્મમાં હવે સિકંદર ખેર પણ જોડાયો છે. સ્વાભાવિક છે કે, સિકંદર પણ કોઈ આર્મી ઓફિસરના રોલમાં જ જોવા મળશે, ભારતીય સેના જે પ્રકારની કોઈ પણ પડકારો સામે લડી લેવાની ક્ષમતા, શિસ્ત અને વીરતા માટે જાણીતી છે તે પણ આ ફિલ્મમાં જોવા મળશે જ. આ રોલ માટેની તૈયારી સિકંદરે શરૂ કરી દીધી છે.આ ફિલ્મ અંગે પોતાની ઉત્સુકતા વ્યક્ત કરતા સિકંદરે કહ્યું, ''મને હંમેશા શ્રીરામ રાઘવનની ફિલ્મમાં કામ કરવાની ઈચ્છા હતી. તેમની ફિલ્મ મેકિંગના ભાષા ઘણી અલગ હોય છે. આ વાર્તાનો દૃષ્ટિકોણ ઘણો અલગ હશે, તે જે રીતે ખુલે છે અને પકડ જમાવે છે, ખાસ મારા માટે એક કલાકાર તરીકે મને હંમેશા તેમની ફિલ્મનો ભાગ બનવાની ઈચ્છા હતી.''આગળ સિકંદરે જણાવ્યું, ''અમારી સાથે દિનેશ વિજાન જેવા લિજેન્ડરી પ્રોડ્યુસર છે. તેમણે જે પ્રકારની ફિલ્મો બનાવી છે અને આજે તેઓ જે પ્રકારની ફિલ્મનો ટેકો કરી રહ્યા છે અને વિષયમાં જે રીતે ભરોસો મુકે છે તે જોરદાર હોય છે. તેમની સાથે મેડોકના પૂનમ વિજાન મળીને એક જોરદાર ટીમ બને છે.









એક્ટર હોવાની એક સૌથી મજાની વાત એ છે કે તમને એવા કામ કરવા મળે છે, જે તમે સામાન્ય રીતે કરી શકતા નથી. તમને એવી અને એટલી બધી વસ્તુઓ શીખવા અને જોવા મળે છે જે જે તમને એ સિવાય અનુભવ કરવા ન મળે.''સિકંદર ખેરે અંતે જણાવ્યું, ''આવું જ કંઈક ઈક્કિસમાં પણ થઈ રહ્યું છે. સૈનિકોના જીવન પર આધારીત ફિલ્મ, જેમાં યુદ્ધ અને અમે જે વીર સૈનિકોનો રોલ કરીએ છીએ તે માત્ર ગૌરવ જ નહીં પણ ભાગ્યશાળી અનુભવાય છે. હું નસીબદાર છું કે આ ફિલ્મનો ભાગ બનવા મળ્યું, મને આશા છે કે આ ફિલ્મ સારી ચાલશે.''સિકંદર પહેલી વખત એક સૈનિકનો રોલ કરતો જોવા મળશે. આ ફિલ્મમાં જે પ્રકારની કાસ્ટ છે, તેની પહેલાંથી જ ચર્ચા છે, સાથે જ અમિતાભ બચ્ચનના દોહિત્ર અગત્સ્ય નંદાની પણ આ પહેલાં થિએટ્રીકલ રિલીઝ હશે.

### લકી અલીએ કહ્યું કે- 'મારું સપનું ફરી લગ્ન કરવાનું છે'

# ૬૬ વર્ષની ઉંમરે ચોથી વખત લગ્ન કરી શકે લકી અલી



### થોડા દિવસો પહેલા જ રફ્તારના લગ્ન થયા અને હવે પ્રિયંકા ચોપરાનો ભાઈ પણ તેની પત્ની સાથે નવી સફર પર નીકળ્યો

૬૬ વર્ષના સિંગર અને એક્ટરે તાજેતરમાં એક કાર્યક્રમ દરમિયાન પોતાના ચોથા લગ્નનો સંકેત આપ્યો હતો. જે બાદ સોશિયલ મીડિયા પર લોકો દંગ રહી ગયા છે. આ સિંગર બોલિવૂડનો ફેમસ ચહેરો છે. બોલિવૂડમાં લગ્નની સિઝન શરૂ થઈ ગઈ છે. થોડા દિવસો પહેલા જ રફતારના લગ્ન થયા અને હવે પ્રિયંકા ચોપરાનો ભાઈ પણ તેની પત્ની સાથે નવી સફર પર નીકળ્યો છે. પરંતુ હવે લાગે છે કે, ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પ્રખ્યાત ૬૬ વર્ષનો સિંગર અને એક્ટર પણ લગ્નનું પ્લાનિંગ કરી રહ્યો છે. હાલમાં જ તેણે એવી હિંટ આપી હતી જેને લોકો ચોથા લગ્નનાના સંકેત તરીકે જોઈ રહ્યા છે.આ સિંગર અને એક્ટર બીજું કોઈ નહીં પણ લકી અલી છે. લકી અલી તાજેતરમાં એક ઈવેન્ટમાં આવ્યો હતો જેમાં તેણે એવી વાત કહી હતી કે, લોકો તેને ચોથા લગ્નના સંકેત તરીકે જોઈ રહ્યા છે. આ ઈવેન્ટ દિલ્હીની સુંદર નર્સરી ખાતે યોજાયેલ ૧૮મો કથાકર ઈન્ટરનેશનલ સ્ટોરી ટેલર ફેસ્ટિવલ હતો. જેમાં સિંગરે પોતાના સપનાની વાત કરી, જેને સાંભળીને ત્યાં હાજર દરેક લોકો દંગ રહી ગયા.મારું સપનું છે લગ્ન કરવાનુંલકી અલીએ આ કાર્યક્રમમાં પરફોર્મ કર્યુ હતું અને આઈકોનિક ગીતો વિશે વાત કરી હતી. આ દરમિયાન લકી અલીને પૂછવામાં આવ્યું કે, તેનું આગામી સપનું શું છે. ત્યારે ૬૬ વર્ષના સિંગરના મોઢામાંથી એવી વાત નીકળી કે લોકો દંગ રહી ગયા. લકી અલીએ કહ્યું કે- 'મારું સપનું ફરી લગ્ન કરવાનું છે.' લકીના આ નિવેદન બાદથી લોકો તેના ચોથા લગ્ન વિશે અટકળો લગાવી રહ્યા છે.

# પૂર્વ સીએમની પુત્રી સાથે કરી રૂ. ૪ કરોડની ઠગાઇ

ફિલ્મમાં રોલ આપવાના નામ ઉપર ઉતરાખંડના પૂર્વ સીએમ અને ભાજપના કદાવર નેતાની પુત્રી સાથે ચાર કરોડ રૂપિયાની ઠગાઈ થઈ હોવાનો સનસનીખેજ મામલો જાણવા મળ્યો છે. પોલીસે આ કેસમાં ફિલ્મ નિર્માતા સહિત બે લોકો સામે કેસ દાખલ કર્યો છે. આ ઘટના ઉત્તરાખંડના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન રમેશ પોખરીયાલ નિશંકની પુત્રી આરુષિ પોખરીયાલ નિશાન સાથે બની છે. આ કેસમાં મહિલા ફિલ્મ નિર્માતા સહિત બે લોકો સામે શહેરના પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ




કરવામાં આવ્યો છે. આરુષિએ આ લોકો પર તેના પિતાને ખોટા કેસમાં ફસાવવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો પણ આરોપ લગાવ્યો છે.આરુષીએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે તે માત્ર ફિલ્મોનું નિર્માણ જ નહીં પરંતુ અભિનયનું પણ કામ કરે છે. તેની મુલાકાત માનસી અરુણ વાગલા અને વરૂણ પ્રમોદકુમાર વાગલા સાથે થઈ હતી. બંને ફેરી લેન્ડ જુહુ મુંબઈના રહેવાસીઓ છે. તેઓ તેને દહેરાદૂનમાં તેના ઘરે મળ્યા હતા. બંનેએ જણાવ્યું હતું કે તેઓ મીની ફિલ્મ્સ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર છે અને 'આંખો કી ગુસ્તાખીયાં' ફિલ્મ બનાવી રહ્યા છે, જેમાં શનાયા કપૂર અને વિક્રાંત મેસી જેવા મોટા કલાકારો કામ કરી રહ્યા છે. તેમણે આરુષિને એક ભૂમિકાની ઓફર કરી અને તેને પોતાની કંપનીમાં અથવા તેના કોઈ પરિચિત વ્યક્તિ દ્વારા પાંચ કરોડ રૂપિયાનું રોકાણ કરવા કહ્યું હતું અને જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટનો ૧૫% નફો એટલે કે ૧૫ કરોડ રૂપિયા તેને આપવામાં આવશે.

### નીતા અંબાણીએ દીકરી અને પુત્રવધૂ સાથે લગ્નમાં હાજરી આપી

# પ્રિયંકા ચોપરાએ ભાઈનાં લગ્ન મન મૂકીને માણ્યાં



પ્રિયંકા ચોપરાના ભાઈ સિદ્ધાર્થના લગ્ન મુંબઈ ખાતે ધામધૂમથી થયા હતા. પ્રિયંકાએ લગ્નના વરઘોડામાં બ્લ્યૂ ડ્રેસ સાથે મન મૂકીને ડાન્સ કર્યો હતો. સિદ્ધાર્થની જાનમાં પ્રિંયકા અને નિક જોનાસે પરિવાર સાથે બોલિવૂડના હિટ ગીતો સાથે પોતાની ખુશી વ્યક્ત કરી હતી. સિદ્ધાર્થના લગ્ન માણી રહેલા પ્રિયંકા અને નિક જોનાસના ફોટોગ્રાફ વીડિયોએ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી હતી. પ્રિયંકા ચોપરા બીજી ફેબ્રુઆરીએ હેદરાબાદથી મુંબઈ પરત આવી હતી. નીલમ ઉપાધ્યાય સાથે સિદ્ધાર્થના લગ્ન નિમિત્તે પ્રિયંકાએ માતા કી ચૌકી સાથે પ્રસંગોની શરૂઆત કરી હતી. બાદમાં પીઠીના પ્રસંગના ફોટોગ્રાફ પણ તેણે શેર કર્યા હતા. બાદમાં મહેંદી સુધીમાં નિક જોનાસ અને તેના માતા-પિતા પણ લગ્નમાં જોડાઈ ગયા હતા. પ્રિયંકાની કઝિન મનારા ચોપરાએ લગ્નના દરેક પ્રસંગમાં હાજરી આપી હતી. પ્રિયંકાને પોતાની કઝિન મનારા



અને પરિણિતી સાથે ખાસ નહીં ફાવતું હોવાનું કહેવાય છે. જો કે પ્રિયંકાના ભાઈના લગ્નમાં મનારા ઉપરાંત પરિણીતીએ પણ હાજરી આપી હતી. પરિણીતી અને રાઘવ ચઢ્ઢાએ પોતાના ઘરનો પ્રસંગ હોય તેમ લગ્નમાં ભાગ લીધો હતો. લગ્ન પૂર્વ સંગીત નાઈટમાં પણ પ્રિયંકા અને નિકે બોલિવૂડના હિટ ગીતો પર મન મૂકીને ડાન્સ કર્યો હતો. પ્રિયંકા ચોપરાને અંબાણી પરિવાર સાથે નિકટતા છે. નિક જોનાસ-પ્રિયંકાના લગ્નમાં પણ ઈશા અંબાણી સહિત પરિવારે હાજરી આપી હતી.

# રિતેશની 'રાજા શિવાજી'માં અભિષેક, ફરદીન અને સંજય દત્ત મુઘલ બનશે

### રિતેશે ૨૦૨૪માં 'રાજા શિવાજી' નામની ફિલ્મની જાહેરાત કરી હતી, જે તે પોતે ડિરેક્ટ કરવાનો છે




રિતેશ દેશમુખે ૨૦૨૪માં 'રાજા શિવાજી' નામની ફિલ્મની જાહેરાત કરી હતી, જે તે પોતે ડિરેક્ટ કરવાનો છે. આ પહેલાં તેણે 'વેડ' નામની ફિલ્મ સાથે ડિરેક્શનમાં ડેબ્યુ કર્યું હતું. આ ફિલ્મ હિન્દી અને મરાઠી બંને ભાષામાં રિલીઝ થશે. સાથે જ થિયેટરમાં જોવા માટે આ ફિલ્મ એક અનોખા અનુભવ સમાન બની જશે.આ ફિલ્મ પર કામ શરૂ થઈ ચૂક્યું છે, આ અંગે સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ,''મુંબઈમાં રાજા શિવાજી માટે સ્પેશિયલ સેટ ઊભો કરવામાં આવ્યો છે. રસપ્રદ વાત એ છે કે, સંજય દત્ત, ફરદીન ખાન અને અભિષેક બચ્ચન આ ફિલ્મમાં મુઘલોના પાત્રો ભજવશે, જ્યારે રિતેશ દેશમુખ પોતે છત્રપતિ શિવાજી મહારાજનો રોલ કરતો જોવા મળશે.''ગયા વર્ષે શિવાજી જયંતિ નિમિત્તે રિતેશે આ ફિલ્મની જાહેરાત કરી હતી તેમજ એક્સ પર તેનું પોસ્ટર પણ શેર કર્યું હતું. તેણે લખ્યું હતું, ''છત્રપતિ શિવાજી મહારાજ માત્ર એક નામ નથી પરંતુ એક લાગણી છે. તેમની જન્મજયંતિના પવિત્ર દિવસે, આ ધરતીના મહાન પુત્રને આપની સાથે મળીને શ્રદ્ધાંજલિ પાઠવું છું. આવનારી પેઢીઓ સુધી તેમનો વારસો આપણને પ્રેરિત કરતો રહેશે. અમે આ નવી સફર શરૂ કરતાં આપના આશીર્વાદ માગીએ છીએ. જય શિવરાય.''‘રાજા શિવાજી' રિતેશ દેશમુખ ડિરેક્ટ કરશે અને જ્યોતિ દેશપાંડે તેમજ જેનિલિયા દેશમુખ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે.

# તમન્ના ભાટિયાનો બોયફ્રેન્ડ રાશા સાથે મસ્તીની પળોમાં જોવા મળ્યો

### ફિલ્મ 'આઝાદ'થી બોલિવૂડમાં એન્ટ્રી કરનાર રાશા થડાની આ દિવસોમાં વિદેશમાં વેકેશન પર





બોલીવુડમાં સ્ટારકિડની હમણા બોલબાલા છે, તેમાંય વળી શાહરુખ ખાન, અજય દેવગન કે રવિના ટંડન જ કેમ ના હોય. હાલમાં ટોચના સ્ટારના દીકરા-દીકરીઓની ફિલ્મોની જાણે મોસમ આવી ગઈ છે. રવિનાની લાડલી રાશા થડાનીએ હજી એક જ ફિલ્મ કરી છે, પણ તે સોશિયલ મીડિયા પર છવાઈ ગઈ છે.ચાહકો તેના વિશેની નાનામાં નાની વાતો જાણવા ઉત્સુક રહે છે. અજય દેવગનની ફિલ્મ 'આઝાદ'થી બોલિવૂડમાં એન્ટ્રી કરનાર રાશા થડાની આ દિવસોમાં વિદેશમાં વેકેશન માણી રહી છે. આ દરમિયાન અભિનેત્રી એકલી નહીં, પરંતુ તમન્ના ભાટિયાના બોયળેન્ડ સાથે મસ્તી કરતી જોવા મળી હતી.રાશા થડાનીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર વેકેશનની ઘણી તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં અભિનેત્રી ગ્લેમરસ લૂકમાં જોવા મળી હતી. રાશાની આ તસવીરો દુબઈની છે. જ્યાં તે એકલી નહીં, પરંતુ વિજય વર્મા સાથે મસ્તી કરતી જોવા મળે છે. આ તસવીરોમાં વિજય અને રાશા બુર્જ ખલીફાની સામે ઊભા છે અને કેમેરા માટે અલગ-અલગ પોઝ આપી રહ્યા છે.આ તસવીરો શેર કરતી વખતે રાશાએ કેપ્શનમાં લખ્યું હતું કે 'ફક્ત પ્રવાસ સંબંધિત વસ્તુઓપ દુઃખનું કારણ એ છે કે ત્રીજો બંદૂકધારી ગુમ હતો. તમન્ના ભાટિયા તમને યાદ આવે છે એક ફોટોમાં રાશા અને વિજય સેલ્ફી લેતા જોવા મળ્યા હતા, જેમાં બંનેએ એક સરખા ચશ્મા પહેર્યા હતા.વેકેશનની આ તસવીરોમાં રાશા સફેદ ટોપ સાથે કાર્ગો જીન્સમાં ખૂબ જ સ્ટાઈલિશ લાગી રહી છે. અભિનેત્રીના આ ફોટા સોશિયલ મીડિયા પર લોકપ્રિય છે. જેના પર ચાહકો પણ ઘણો પ્રેમ વરસાવી રહ્યા છે. વિજય સાથે તેની મસ્તી પણ પસંદ કરી રહ્યા છે.

### 'ધ ડિપ્લોમેટ'નું ટીઝર શુક્રવારે લોંચ થયું

# કંઈ પણ છુપાવવાની કોશિશ કરશો તો મુશ્કેલી થઈ શકે : જોન અબ્રાહમ

જોન અબ્રાહમની ફિલ્મ 'ધ ડિપ્લોમેટ'નું ટીઝર શુક્રવારે લોંચ થઈ ચૂક્યું છે. ફિલ્મની ટીમ દ્વારા એક મિનિટનું ટીઝર લોંચ કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં જોન અબ્રાહમ એક ઈન્ડિયન ડિપ્લોમેટ ઓફિસરનું વાસ્તવિક પાત્ર ભજવે છે. શિવમ નાયરે આ ફિલ્મ ડિરેક્ટ કરી છે અને રિતેશ શાહ દ્વારા લખવામાં આવી છે. આ ફિલ્મ એક એવી ઘટના પર આધારિત છે, જેણે સમગ્ર દેશને ધ્રુજાવી દીધો હતો. કોઈ બાબતે સખત ચિંતામાં રહેલી એક મુસ્લિમ મહિલા સાથે જોન અબ્રાહમ વાત કરી રહ્યો છે, ત્યાંથી આ ફિલ્મનું ટીઝર શરૂ થાય છે. તે બોલી રહી છે કે તે એક ઈન્ડિયન સિટીઝન છે. તે આગળ કશું પણ બોલે તે પહેલાં જોહ્ન તેને પાણી આપે છે અને કહે છે, ''કંઈ પણ છુપાવવાની કોશિશ ન કરશો નહીંતર તમારા માટે એ વધુ મુશ્કેલ બની જશે.'' એક મિનિટના ટીઝરમાંથી ખ્યાલ આવે છે કે આ કોઈ મોટા ષડયંત્રનો ભેદ ખોલવા મથી રહ્યો છે. ડ્રામાથી ભરપૂર આ ફિલ્મમાં જોન એક નવા અવતારમાં જોવા મળશે. જોહ્ન સૂટ-બૂટમાં મૂછ સાથે જોવા મળે છે. આ પાત્ર જોઈને ખ્યાલ આવે છે કે તેણે આ કેસમાં સંકળાયેલી દરેક વ્યક્તિથી અઢી કદમ આગળ રહેવું પડશે. આ ફિલ્મ ટી સિરીઝ અને ભૂષણ કુમાર, જોહ્નનું જેએ એન્ટરટેઈન્મેન્ટ, વિપુલ શાહ, અશ્વિન વાર્ડે, વાકૂ ફિલ્મ્સ, ફોર્ચ્યુન પિક્ચર્સ અને સીતા ફિલ્મ્સ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે. આ ટીઝરમાં જોહના વખાણ થઈ રહ્યા છે. આ ફિલ્મ ૭ માર્ચે થીયેટરમાં રિલીઝ થશે.

**'ધ ડિપ્લોમેટ'માં જોન અબ્રાહમે બંદૂક ચલાવવાના ના બદલે ડીપ્લોમસીથી ષડયંત્રનો સામનો કર્યો**





તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના મુનપુર ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ પંચાલ સમાજ દ્વારા મહાપ્રભુ વિશ્વકર્મા દાદાની કથાનું આયોજન મહા સુદ તેરસને સોમવાર તા. ૧૦/૦૨/૨૫ ના રોજ કરવામાં આવેલ હતું. યજમાન ડોક્ટર યોગેશભાઈ આર. પંચાલ (સાલયા) દ્વારા તેઓના નિવાસ્થાને (ડોક્ટર હાઉસ) સમાજની સુખાકારી માટે તેમજ ઉત્કર્ષ માટે યાચના કરવામાં આવેલ હતી. ભરતભાઈ એ. પંડ્યા દ્વારા કથા કરવામાં આવેલ હતી. અંતે થાળ આરતી કરી સર્વે ગ્રામ પરિવાર જનો ભોજન પ્રસાદી લઈ દર્શન કરી છૂટા પડ્યા હતા.

# ઝાલોદ વિશ્વકર્મા જયંતિ નિમિતે પંચાલ સમાજ દ્વારા ત્રિદિવસીય પ્રોગ્રામનુ આયોજન કરવામાં આવ્યું

## બાળ રમતોત્સવ, આનંદ મેળો, સાંસ્કૃતિક પ્રોગ્રામ તેમજ શોભાયાત્રા જેવા કાર્યક્રમો કરવામાં આવ્યા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

ઝાલોદ નગરના પંચાલ સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતિ નિમિતે ત્રિદિવસીય પ્રોગ્રામોનુ આયોજન કરી આ ઉત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવ્યો હતો. તારીખ ૦૮-૦૨-૨૦૨૫ શનિવારના રોજ પંચાલ સમાજની મહિલા મંડળની બહેનો દ્વારા બાળ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું આ સ્પર્ધામાં પંચાલ સમાજના બાળકોએ ઉમંગભેર ભાગ લીધો હતો તેમજ રમતોત્સવનો આનંદ લીધો હતો. તારીખ ૦૯-૦૨-૨૦૨૫ ના રોજ સમાજના વિશ્વકર્મા મંદિરે આનંદ મેળો, સિંગલ તેમજ ગ્રુપ ડાંસ, નાટક જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ નૃત્યમાં બાળકો દ્વારા ધર્મ આધારિત ભગવાનની વિવિધ છબીના દર્શન થાય તેવા સુંદર નૃત્ય કર્યાં હતાં. આજનો સમાજ ધાર્મિક પ્રવૃત્તિ તરફ પાછળ જઈ રહેલ છે તેવામાં બાળકો દ્વારા આવા સુંદર નૃત્ય એ સમાજમાં સુંદર છાપ છોડી હતી.

તારીખ ૧૦-૦૨-૨૦૨૫ મહાસુદ તેરસના રોજ સવારે વિશ્વકર્મા ભગવાનનો કેસર દૂધ થી અભિષેક કરવામાં આવ્યો હતો. ભગવાન વિશ્વકર્માનો શણગાર ખૂબ જ મનમોહક તેમજ આકર્ષક લાગતો હતો. ત્યારબાદ ભગવાન વિશ્વકર્માની વિશેષ પૂજા હવન કરવામાં આવ્યો હતો અને ભગવાન વિશ્વકર્માના મંદિરે ધ્વજા આરોહણ કરવામાં આવી હતી. બપોરે સમાજ દ્વારા વિશ્વકર્મા મંદિરે થી નગરમાં વિશ્વકર્મા ભગવાનની શોભાયાત્રા યોજવામાં આવી હતી. આ શોભાયાત્રા નગરના અલગ અલગ રાજમાર્ગો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

પર ફરી હતી. ભજન અને રાસ ગરબાની રમઝટ સાથે ભક્તિમય વાતાવરણની વચ્ચે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રામાં પંચાલ સમાજના સહુ વર્ગના લોકો મોટા પ્રમાણમાં જોડાતા સમાજની એક જુટતાનુ ઉત્તમ ઉદાહરણ નગરમાં જોવા મળતું હતું. શોભાયાત્રાના સમાપન પછી વિધાર્થી પ્રોત્સાહન યોજના અંતર્ગત સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં ઈનામ વિતરણ તેમજ ભગવાન વિશ્વકર્માની મહાઆરતી અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વકર્મા તેરસ નિમિતે ઝાલોદ નગર તેમજ આજુબાજુના વિસ્તારના પંચાલ સમાજના લોકો મોટા પ્રમાણમાં જોડાઈ સમગ્ર પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો. આજના દિવસે પંચાલ સમાજ દ્વારા વ્યાપાર રોજગાર બંધ રાખી સહુ લોકો આ ઉત્સવમાં જોડાઈ સમાજની એકતાનો પરિચય આપ્યો હતો. અંદાજીત ૧૦૦૦ થી વધુ લોકો આજના દિવસે પંચાલ સમાજના લોકો અહીંયા આવેલ હતા.આ સમગ્ર આયોજન વિશ્વકર્મા મંદિર કારોબારી સમિતિ, પંચાલ યુવક મંડળ, પંચાલ મહિલા મંડળ દ્વારા કરવામાં આવેલ હતું.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા પાંડેસરા ખાતે યોગાસન સ્પર્ધા યોજાઈ



। (માહિતી) સુરત, તા.૧૦ ।

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ગુજરાતમાં યોગનો વ્યાપ વધારવા તેમજ યોગ દ્વારા તંદુરસ્ત જીવનશૈલીને પ્રચલિત કરવા માટે દર વર્ષે યોગાસન સ્પર્ધા યોજવામાં આવે છે, જેના ભાગરૂપે પાંડેસરામાં સવારે ૭.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા દરમિયાન યોગાસન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સુરત શહેર તેમજ તાલુકાકક્ષાએથી આવેલા યોગાર્થીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. અલગ અલગ કેટેગરીની યોગસ્પર્ધામાં કુલ ૨૫૦ યોગપ્રેમીઓ તેમજ ૩૦ યોગ ટ્રેનર્સ અને કોચએ પણ ભાગ લઈ યોગને દૈનિક જીવન શૈલીનો ભાગ બનાવવા લોકોને પ્રેરિત કર્યા હતા.

# દિવ્યાંગ ભાઈઓ બહેનોની ક્રિકેટ સ્પર્ધા યોજાઈ



। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, અમદાવાદ જિલ્લા રમત વિકાસ અધિકારી અને જિલ્લા રમત ગમત અધિકારી તથા નેશનલ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડના સંયુક્ત ઉપક્રમે ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત દિવ્યાંગ ભાઈઓ બહેનોની ક્રિકેટ સ્પર્ધા યોજાઈ હતી.

સેંટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ ખાતે યોજાયેલી ક્રિકેટ સ્પર્ધામાં ૧૩૦ જેટલા પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ભાઈઓ માટેની સ્પર્ધાઓમાં ૧૮ વર્ષથી નીચેની ઉંમરના તથા બહેનો માટેની સ્પર્ધાઓમાં ૧૮ વર્ષથી નીચેની અને ઉપરની ઉંમરના ખેલાડીઓએ ભાગ લીધો હતો.

બહેનોની સ્પર્ધાઓમાં પ્રથમ નંબરે સ્ટેટપ મહિલા ટીમ તથા દ્વિતિય અને તૃતીય નંબરે અંધ કન્યા પ્રકાશ ગૃહ, મેમનગરની ટીમો વિજેતા બની હતી. ભાઈઓની સ્પર્ધાઓમાં પ્રથમ નંબરે અંધજન મંડળ-વસ્ત્રાપુરની ટીમ, દ્વિતિય નંબરે અંધશાળા - નવરંગપુરાની ટીમ તથા તૃતિય નંબરે અંધજન મંડળની ટીમો વિજેતા બની હતી. સ્પર્ધાનું સંપૂર્ણ આયોજન શ્રી દિનેશભાઈ પંડ્યા તથા શ્રી તારકભાઈ લુહાર અને તેમની ટીમે કર્યું હતું.

# પ્રથમ મહિલા ખો-ખો વર્લ્ડ કપ વિજેતા ટીમના ખેલાડી અને ડાંગની દીકરી કુ.ઓપીના ભીલારનુ ડાંગ જિલ્લામા ભવ્ય સ્વાગત



। (માહિતી) ડાંગ, તા.૧૦ ।

ડાંગના છેવાડાના ગામ બિલિઆંબાથી વિશ્વના મંચ પર ઝળહળતી સિદ્ધિ મેળવનાર કુ.ઓપીના ભીલારે, ખો-ખોની રમતમા ડાંગ સહિત સમગ્ર ગુજરાતનુ નામ રોશન કર્યુ છે. ખો-ખો વર્લ્ડ કપ-૨૦૨૫મા ભારતીય મહિલા ટીમે પ્રથમ વિશ્વ કપ ટ્રોફી જીતાડી, ગુજરાત અને ભારતનુ નામ રોશન કરી નવો ઈતિહાસ રચ્યો છે. દેશનુ નામ રોશન કરનાર ભારતીય રાષ્ટ્રીય હોકી ટીમના એક ખેલાડી તરીકે સફળ રહેલી કુ.ઓપીના ભીલારની માતૃભૂમિ, તેમજ પ્રાથમિક શાળા-બિલિઆંબા ખાતે આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, તથા ગ્રામ વિકાસ વિભાગના રાજ્ય મંત્રી-વ-ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ, તેમજ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક-વ-ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ સહિત ગ્રામજનોએ તેણીનુ ભવ્ય સ્વાગત કર્યુ હતુ. ગૃપ ગ્રામ પંચાયત-કેશબંધ તથા પ્રાથમિક શાળા બિલિઆંબા દ્વારા આયોજિત આ કાર્યક્રમમા, પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યુ હતુ કે, ડાંગના છેવાડે આવેલા ગામથી, સિંહની માફક છલાંગ લગાવી ઓપીના ભીલારે, વિશ્વમા જિલ્લા, રાજ્ય અને દેશનુ નામ રોશન કર્યુ છે. રાજ્ય સરકાર વતી ઓપીનાની આ સિધ્ધિ બદલ મંત્રીશ્રીએ તેણીને અભિનંદન પાઠવ્યા હતા. ખો ખો ની આ તેજસ્વી ખેલાડી એવી ઓપીનાની દરેક પ્રગતિમા, રાજ્ય સરકાર તેણીની સાથે જ છે તેમ જણાવી, આગામી સમયમા ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમા, ડાંગની દિકરીનુ ભવ્ય સ્વાગત/સન્માન સમારોહ કાર્યક્રમ યોજવામા આવશે તેમ પણ જણાવ્યુ હતુ. દેશના વર્તમાન વડાપ્રધાન અને રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ, દિકરીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શિક્ષણની ચિંતા કરીને, વર્ષ ૨૦૦૩મા શાળા પ્રવેત્શોવ કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. તો બાળ ખેલાડીઓને રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય, અને ઓલિમ્પિક સ્તર સુધી લઈ જવા માટે, વર્ષ ૨૦૧૦મા ખેલ મહાકુંભ જેવા કાર્યક્રમની પણ શરૂઆત કરાવી હતી. જેની ફળશ્રુતી રૂપે આજે ગોલ્ડન ગર્લના નામે જાણીતી દોડવીર કુ.સરિતા ગાયકવાડ સહિત ડાંગ એક્સપ્રેસના હુલામણા નામે જાણીતો થયેલો દોડવીર મુરલી ગાવિત જેવા ખેલાડીઓએ, વિશ્વ કક્ષાએ ડાંગનુ નામ રોશન કર્યુ છે. આવા જ કાર્યક્રમો થકી વિશ્વ ફલક ઉપર ડાંગનુ ફરી એકવાર નામ રોશન કરનાર, ડાંગની દીકરી કુ.ઓપીના ભીલારે વિશ્વ વિજેતા ખો-ખો ટીમના એક ખેલાડી તરીકે, વર્લ્ડ કપમા પ્રથમ મેડલ મેળવી ભારતને ગૌરવ અપાવ્યુ છે, તેમ મંત્રીશ્રીએ વધુમા જણાવ્યુ હતુ.

# દાહોદ જિલ્લાના ભાજપ સાંસદ જસવંતસિંહ ભાભોર નગર પાલિકાની ચૂંટણી પ્રચાર અર્થે આવતા ત્રણ સભાઓ સંબોધી




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

ઝાલોદ નગરપાલિકાની ચૂંટણી ૧૬ ફેબ્રુઆરીએ યોજાવવા જઈ રહેલ છે ત્યારે ભાજપ પાર્ટી તરફથી ચૂંટણી લડતા નગરના સાત વોર્ડનાં સત્તાવીસ ઉમેદવારો જંગી બહુમતી થી જીતી તે અંતર્ગત નગરના લુહારવાડા, મુવાડા તેમજ ડબગર વાસમાં ચૂંટણી સભા યોજાઈ હતી.દરેક વિસ્તારમાં આમંત્રિત મહેમાનોનું સ્વાગત ઢોલ નગારા ફટાકડા ફોડી તેમજ હાથમાં ભાજપના ઝંડા સાથે કર્યુ હતું. વાજતે ગાજતે સભા મંડપ સુધી આમંત્રિત મહેમાનો આવતા વંદે માતરમ્, ભારત માતા કી જય સાથે વાતાવરણ ગુંજી ઉઠયું હતું. તેમજ રાત્રીના સમયમાં ડબગર વાસમા સભા સંબોધતા મોટા પ્રમાણમાં માનવ મહેરામણ ઉમટી પડેલ હતું ત્યાં ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત આ વિસ્તારની શાન એવી આદિવાસી બંડી તેમજ પાઘડી પહેરાવી કર્યુ હતું. આ વખતે ભાજપ જંગી બહુમતી થી મહત્તમ શીટ જીતે તે માટે દાહોદ જિલ્લાના ભાજપના સાંસદ જસવંતસિંહ ભાભોર વિશેષ ઉપસ્થિત રહેલ હતા.

દરેક વિસ્તારોમાં ચૂંટણી સભાનુ સંબોધતા કરવા આવેલ મહેમાનોનું સ્વાગત ઉપસ્થિત સ્થાનિક કાર્યકર્તા તેમજ ઉમેદવારો એ કર્યુ હતું. દાહોદ જિલ્લા કોષાધ્યક્ષ પંકજ અગ્રવાલ દ્વારા દરેક કાર્યકર્તાઓને વોટ નાખવા તેમજ દરેક મતદારો વોટીંગ કરે તે અંગે પૂરતી તકેદારી રાખી મતદાન કરાવવા હાકલ કરી હતી. ઝાલોદ ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા નગરના દરેક વોર્ડનો સમાન વિકાસ થાય તેમજ તે માટે ૧૬ તારીખે સહુ ઉમેદવારોને જીતાડવા ઉપસ્થિત મતદારોને હાકલ કરી હતી. નગરના વિવિધ વોર્ડમા ભાજપ સરકાર વિવિધ યોજનાઓ હેઠળ જે વિકાસના કામો થયેલ છે તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

દાહોદ જિલ્લા સાંસદ જસવંત સિંહ ભાભોર દ્વારા ચૂંટણી લડતા ભાજપના દરેક ઉમેદવારોની ભવ્યાતિભવ્ય જીત થાય તે માટે સહુ કાર્યકર્તાઓને હાકલ કરી હતી. કેન્દ્રમાં ભાજપ અને ગુજરાતમાં ભાજપ સરકાર હોવાથી ડબલ એન્જિનની સરકાર ને વિકાસ પથ પર આગળ વધારવા તેમજ ભાજપના હાથ વધુ મજબૂત કરવા ઉમેદવારોને જીતાડવા માટે સહુએ ભેગા થઈ કાર્યરત થઈ જવા સૂચન કર્યુ હતું. નગરમા પૂર્વ તેમજ હાલ જે પણ સ્થાનિક ભાજપ કાર્યકર્તાઓ છે તેમની પ્રસંશા કરતા તેઓ ચૂંટણી જીતવા પ્રેરક બનશે તેમ પણ કહ્યું હતું. ઝાલોદ નગર કેવી રીતે વિકાસની હરણફાળ ભરે છે તેમજ આગામી સમયમાં પણ આ અવિરત પ્રવાહ ચાલુ રહે તે માટે ભાજપના ઉમેદવારોને જીતાડવા તેમજ દેશમા ભાજપના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જે રીતે ગેરન્ટી આપી દરેક કાર્યો સુમેળ રીતે કરે છે તે રીતે આપણે પણ નગરના દરેક કાર્યો માટે ગેરન્ટી આપી વિકાસના કામો કરવાના છે. તેમજ છેલ્લે ભાજપના ચૂંટણી લડતા દરેક ઉમેદવારોને કર્મઠ કાર્યકર્તાઓ જંગી બહુમતી થી જીતાડી ભાજપનું કમળ ખીલવવા આહ્વાન કર્યુ હતું. છેલ્લે ભાજપના યુવા પ્રમુખ મયુર પંચાલે સભા સમાપ્તિ પ્રસંગે ઉદ્બોધન કરતા કહ્યું કે કોંગ્રેસ હોય કે આપ સહુના કરીશું સુપડા સાફ. આ ત્રણેય સભાનું સુંદર સંચાલન ભરત શ્રીમાળી દ્વારા કરવામાં આવ્યું હતું.

### દેડિયાપાડા તાલુકાના રાંભવા ગામના

# ખેડૂત ચીમનભાઈ વસાવાનું બે વર્ષથી પ્રાકૃતિક ખેતી તરફ પ્રયાણ, સુરતી પાપડીની ખેતી કરી આત્મનિર્ભર બન્યા

## મિશન મંગલમ્ અને ICCOA સંસ્થાના અમૂલ્ય યોગદાન થકી ચીમનભાઈ વસાવાને પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રેરકબળ મળ્યુ

। (માહિતી) નર્મદા, તા.૧૦ ।

નર્મદા જિલ્લામાં ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવી રહ્યાં છે. ત્યારે દેડિયાપાડા તાલુકાના રાંભવા ગામે રહેતા ખેડૂત શ્રી ચીમનભાઈ ગોવિંદભાઈ વસાવા છેલ્લા ૨ વર્ષથી પ્રાકૃતિક ખેતી તરફ પ્રયાણ કરી સુરતી પાપડીની ખેતી કરીને આત્મનિર્ભર બન્યા છે. તેઓની દોઢ એકર જમીનમાં વર્મિકમ્પોષ્ટ, સેન્દ્રીય ખાતરનો ઉપયોગ કરી પ્રાકૃતિક ખેતી કરે છે. તદ-ઉપરાંત પાકમાં જીવાત નિવારણ માટે નિમસ્ત્ર દ્રાવણ બનાવી નાના જીવજંતુને દૂર કરવા પંપથી છંટકાવ કરે છે.

માત્ર દોઢ એકરમાં ખેતી કરતા ખેડૂત શ્રી ચીમનભાઈ વસાવાએ એક વાતચિતમાં જણાવ્યું હતું કે, દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિમાં નિમસ્ત્ર દ્રાવણ બનાવવા માટે પાંચ કિલો લીમડાના પાન, પાંચ કિલો સીતાફળના પાંદડા, ત્રણ કિલો આંકડાના પાન, દશ કિલો દેશી ગાયનું છાણ, દશ લીટર ગૌમૂત્રનું મિશ્રણ તૈયાર કરી તેને પાતળા કાપડમાં ઝારી લઈ, ત્યારબાદ પંપ સેટથી ખેતીમાં છંટકાવના ઉપયોગમાં લેવામાં આવે છે. નિમાસ્ત્ર દ્રાવણનો ઉપયોગ કરવાથી નાના જીવજંતુથી સરળતાથી પાક બચાવી શકાય છે. ખેડૂત શ્રી ચીમનભાઈ વસાવાને પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રેરકબળ પુરૂ પાડવામાં અમૂલ્ય યોગદાન આપનારી સંસ્થા ICCOA (ઈન્ટરનેશનલ કોમ્પીટંન્સ સેન્ટર ફોર ઓર્ગેનિક)



અને રાજ્ય સરકારની મિશન મંગલમ્ યોજના થકી ઓર્ગેનિક વિલેજ ક્લસ્ટર (પી.જી.એસ.પ્રોગ્રામ) હેઠળ તાલીમ મેળવી પોતે ખેતી પાકોમાં જીવાત નિયંત્રણ માટે કુદરતી સંપદામાંથી જ ઉપલબ્ધ વિવિધ પાંદડાનો ઉપયોગ કરી દ્રાવણ બનાવી પાકમાં જંતુનાશક તરીકે ઉપયોગ કરે છે. મિશન મંગલમ અને ઈકોવા સંસ્થાના માર્ગદર્શન થકી શ્રી ચીમનભાઈના ધર્મપત્ની શ્રીમતી મીનાબેન વસાવાને વર્મી કમ્પોસ્ટ શેડ, દ્રાવણ બનાવવા માટે ૨૦૦ લિટરના બે ડ્રમ સહાય પેટે મળ્યા છે. તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતેથી વિના મૂલ્યે બિયારણ અને ઓર્ગેનિક પાવડર પણ આપવામાં આવે છે. સમગ્ર રાંભવા ગામમાં મિશન મંગલમ અને ઈકોવા સંસ્થાના સહયોગ થકી કુલ ૬૭ બહેનોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી છે. જેના થકી મહિલાઓ જીવામૃત અને નિમસ્ત્ર દ્રાવણ બનાવે છે. જેમાં ખાસ કરીને સીતાફળ, લીમડાના પાન, આંકડાના પાન, દેશી ગાયનું છાણ, ગૌમુત્ર ભેગા કરીને દ્રાવણ બનાવે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થવાણી શક્યતાઓ છે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. આજે જો તમે કોઈને સલાહ આપશો-તો તે મેળવવા માટેની તૈયારી પણ રાખજો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો છો એ દિશામાં પ્રયાસ કરતા નથી. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારી જાતને કોઈક રચનાત્મક કાર્યમાં વાળો.નવરા બેસી રહેવાની તમારી ટેવ તમારી માનસિક શાંતિ માટે જોખમી પુરવાર થઈ શકે છે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. તમે તમારા સંતાન પાસેથી કોઈક પાઠ શીખવાના છો. તેમનો સૂક્ષ્મ તેજપુંજ ખૂબ જ પવિત્ર હોય છે અને તેમના આસાપાસના લોકોને તેમની નિર્દોષતા, આનંદીપણું તથા નકારાત્મકતાના અભાવ દ્વારા બદલી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દૃષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.

**સિંહ (મ,ટ) :**

આજે તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? પરિવાર સાથેની સામાજિક પ્રવૃત્તિઓ ખૂબ જ આનંદપ્રદ હશે. કોઈક ખાસ વ્યક્તિનું ધ્યાન તમે તમારી તરફ ખેંચી શકશો-જો તમે તમારા ગ્રુપ સાથે રહેશો તો. તમારી માટે પ્રેમ પવનમાં છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો? પરિવારના સભ્ય તમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. ચેતતા રહેજો કોઈક તમારી સાથે ખોટી પ્રણયચેષ્ટાઓ કરશે.

**તુલા (ર,ત) :**

આજે તમારૂં ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. પારિવારિક સમસ્યાઓને ઉચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ. વધુ મોડું કર્યા વિના તમારે એ વિશે ચર્ચા કરવી જોઈએ કેમ કે એકવાર આ બાબત ઉકેલાઈ જશે પછી-ઘરના મોરચે જીવન એકદમ સરળ થઈ જશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે જો શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કેમ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. પરિવારની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરશો કેમ કે કામના સ્થળે તમે વધુ પડતું શ્રમ લઈ રહ્યા છો.

**મકર (ખ,જ) :**

આજે તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો?

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. આજે જો તમે કોઈને સલાહ આપશો-તો તે મેળવવા માટેની તૈયારી પણ રાખજો. આજે તમે તમારા કોઈ વાયદા ને પૂરો નહિ કરી શકો જેના લીધે તમારો પ્રેમી ગુસ્સે થયી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે.

# તમામ ધર્મોને મળતા દાન માટે એક સમાન કાયદો લાવવા VHPની માંગ



। (એજન્સી) મહાકુંભનગર, તા.૧૦ ।

વિશ્વ હિંદુ પરિષદ (વીએચપી)ના આંતરરાષ્ટ્રીય પ્રમુખ આલોક કુમારે તમામ ધર્મોને મળતા દાનને સ્પર્શતી તમામ બાબતો માટે એકસમાન કાયદો લાવવા રવિવારે કેન્દ્ર સરકારને અનુરોધ કર્યો હતો. વિશ્વ હિંદુ પરિષદની અહીં યોજાયેલી ત્રણ દિવસની બેઠકના સમાપન બાદ પત્રકારોને સંબોધતા કુમારે જુદા જુદા ધર્મોના દાન માટે હાલ પ્રવર્તતા કાયદા પ્રત્યે આશંકા વ્યક્ત કરી હતી. જ્યારે મુસ્લિમો પોતાના અલ્લાહને જમીનનું દાન કરે છે ત્યારે તે જમીન વક્ફ બોર્ડની માલિકીની બની જાય છે, પરંતુ જ્યારે હિંદુ કોઈ જમીન મંદિરને દાનમાં આપી દે, ક્રિશ્ચિયન કોઈ જમીન ચર્ચને આપી દે અથવા શીખ કોઈ જમીન ગુરૂદ્વારાને આપી દે ત્યારે શું સમજવું? શા માટે ધાર્મિક દાન માટે અલગ અલગ કાયદા હોવા જોઈએ? એમ કુમારે વક્ફ એક્ટ-૧૯૫૪નો સંદર્ભ ટાંકતા પ્રશ્ન કર્યો હતો. તે સાથે તેમણે દાવો કર્યો હતો કે જ્યારે કાયદો ઘડાયો ત્યારે મુસ્લિમો માટે અલગ કાયદો ઘડવા બદલ રાજ્યસભાના કોંગ્રેસના બે સાંસદોએ તત્કાલિન કાનૂન મંત્રીની દાનત પ્રત્યે શંકા વ્યક્ત કરી હતી. તે સમયે કાનૂન મંત્રીએ કહ્યું હતું કે તે તમામ ધર્મો માટે એકસમાન કાયદો લાવવાનું વિચારી રહ્યા છે.હવે આ પ્રકારના કાયદાનો અમલ શરૂ કરવા કેન્દ્ર સરકાર માટે સમય પાકી ગયો છે એમ કુમારે કહ્યું હતું. કાશી અને મથુરાના મંદિરો ઉપર પુનઃ કબ્જો મેળવી લેવાના મુદ્દે પૂછાયેલાં પ્રશ્નના જવાબમાં આલોક કુમારે કહ્યું હતું કે અમે હિંદુ સમાજને ખાતરી આપી છે કે આ મંદિરો ઉપર પુનઃ કબ્જો મેળવી લેવા તમાં બંધારણીય પગલાં લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ મિટિંગમાં સરકારના અંકુશમાંથી મંદિરોને મુક્ત કરાવવાના મુદ્દાની પણ ચર્ચા થઈ હતી. કુમારે કહ્યું હતું કે દેશના વિવિધ રાજ્યોમાં આવેલાં મંદિરો ઉપર છેલ્લા ૨૦૮ વર્ષોથી સરકારોનો અંકુશ રહેવા પામ્યો છે, અને તેમાં કણ મંદિરની આવકમાંથી ૧૨ ટકા રકમ વહિવટી ખર્ચ પેટે સરકારી તિજોરીમાં જમા કરાવવાનો કાયદો અમલમાં મૂકાયો છે.

### તપાસ બીજી એજન્સીને સોંપવા ફક્ત કોરા આક્ષેપ પૂરતા નથીઃ દિલ્હી હાઈકોર્ટ

# અપવાદ કિસ્સામાં જ ક્રિમિનલ કેસની તપાસ બીજી એજન્સીને સોંપોઃ HC

### એક એજન્સી પાસેથી તપાસ આંચકી અન્યને સોંપવાથી પોલીસના મનોબળ પર અસર થાય છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

ક્રિમિનલ કેસમાં ચાલી રહેલી તપાસને ખુબ જ અપવાદરૂપ હોય એવા કિસ્સામાં જ બીજી એજન્સીને ટ્રાન્સફર કરવી જોઈએ, કેમ કે તેમ કરવાથી પોલીસનું મનોબળ તૂટી જતું હોય છે જેને કોઈપણ ભોગે ટાળવું જોઈએ એમ દિલ્હી હાઈકોર્ટે પોતાનું અવલોકન વ્યક્ત કર્યું હતું, અને વધુમાં કહ્યું હતું કે તપાસને એક એજન્સી પાસેથી આંચકી લઈને બીજી એજન્સીને સોંપવા માટે ફક્ત કોરા આક્ષેપ પૂરતા ન હોઈ શકે.જે કેસમાં કોઈ રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારી સંડોવાયેલા હોય એવા જવલ્લેજ જોવા મળતા અને અપવાદરૂપ કિસ્સામાં જ ક્રિમિનલ કેસની તપાસ બીજી એજન્સીને ટ્રાન્સફર કરી શકાય. ક્રિમિનલ




કેસની તપાસ કરી રહેલો અધિકારી આરોપીઓ સાથે સાંઠગાઠ ધરાવે છે એવુ પૂરવાર કરતાં પૂરતા ભૌતિક પૂરાવા રજૂ ના કરાયા હોય એવા સંજોગોમાં કેસની તપાસ બીજી એજન્સીને સોંપવા માટે ફક્ત કોરા આક્ષેપ પૂરતા ના હોઈ શકે એમ ન્યાયમૂર્તિ શ્રી સુબ્રમનિયમ પ્રસાદે કહ્યું હતું. દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા છેતરપિંડીના કેસની તપાસ ચાલી રહી છે, પરંતુ આ કેસમાં સંડોવાયેલા આરોપીઓએ ગત ૬ ફેબ્રુઆરીના રોજ એક અરજી દાખલ કરીને તેમની વિરુદ્ધ ચાલી રહેલી તપાસને દિલ્હી પોલીસ પાસેથી આંચકી લઈને સીબીઆઈ કે સ્પેશિયલ સેલ જેવી ઉચ્ચ એજન્સીઓને સોંપવાની દાદ માંગી હતી. આ ફોજદારી કેસમાં એવો આરોપ મૂકાયો છે કે ઘર ખરીદનારા અને રોકાણકારોના નાણાં તફડાવી લેવાયા છે જેથી આ નાણાં ક્યાં ક્યાં ગયા અને હાલ ક્યાં રોકાણ કરાયું છે તે બાબતનો પર્દાફાશ કરવા દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા હાલ તપાસ ચાલી રહી છે.

### લોકોના જીવનશૈલી પર પણ અસર

# કેન્દ્ર બંધારણ, લોકશાહીને નબળી પાડી રહી છે : પ્રિયંકા

### કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કેન્દ્ર સરકાર પર બંધારણ અને લોકશાહીને નબળા પાડવાનો આરોપ મુક્યો છે

। (એજન્સી) વાયનાડ, તા.૧૦ ।

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કેન્દ્ર સરકાર પર બંધારણ અને લોકશાહીને નબળા પાડવાનો આરોપ મુક્યો છે. વાયનાડ સાંસદ પ્રિયંકાએ મનન્થવાડી વિધાનસભા મતવિસ્તારમાં બૂથ-સ્તરના નેતાઓની બેઠકમાં દાવો કર્યો હતો કે, દેશ એવા સમયગાળામાંથી પસાર થઈ રહ્યો છે જ્યાં કેન્દ્રની સરકાર 'ભારતમાં બંધારણ અને લોકશાહીને નબળા પાડવા બધું કરી રહી છે. તેમણે કહ્યું કે આજે પણ વાયનાડ જિલ્લાના જે લોકો ગયા વર્ષે પૂર અને ભૂસ્ખલનથી પ્રભાવિત થયા હતા તેમને પૂરતું વળતર મળ્યું નથી.પ્રિયંકાએ વધુમાં ઉમેર્યું કે, લોકસભામાં કોંગ્રેસના પ્રયાસોને કારણે જ કેન્દ્ર સરકારે વાયનાડમાં ભૂસ્ખલનને ગંભીર 'આપત્તિ' જાહેર કરી છે.'' તેમણે આશા વ્યક્ત કરી કે અસરગ્રસ્ત લોકોને પુનર્વસન માટે વધુ ભંડોળ મળશે. તેમણે વાયનાડ જિલ્લામાં જંગલી પ્રાણીઓના હુમલાને કારણે થયેલા જાનમાલના નુકસાનનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આ માનવ અને પ્રાણીઓ વચ્ચેના સંઘર્ષને કારણે થઈ રહ્યું છે. તે લોકોના જીવનશૈલી પર પણ અસર કરી રહ્યું છે.વાયનાડ સાંસદે કહ્યું કે, ''ગઈ વખતે જ્યારે હું વાયનાડ આવી હતી, ત્યારે જિલ્લા વહીવટીતંત્રે કહ્યું હતું કે માનવ-પ્રકૃતિ સંઘર્ષ ઘટાડવા અને લોકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે તેમને વધુ ભંડોળની જરૂર છે.

# 'કેજરીવાલને ધરપકડ બાદ રાજીનામું આપી દેવું જોઈતું હતું' : પ્રશાંત કિશોર

### પ્રશાંત કિશોરે કહ્યું કે આમ આદમી પાર્ટીની હારનું સૌથી મોટું કારણ ૧૦ વર્ષનો સત્તા વિરોધી માહોલ હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટી (AAP) ની કારમી હાર પર જન સૂરજ પાર્ટીના વડા અને ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે દારૂ નીતિ કેસમાં જામીન મળ્યા બાદ અરવિંદ કેજરીવાલનું મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવું એ એક મોટી વ્યૂહાત્મક ભૂલ હતી, જેનાથી પાર્ટીને ભારે નુકસાન થયું.એક ઈન્ટરવ્યુમાં, પ્રશાંત કિશોરે જણાવ્યું હતું કે તાજેતરના વર્ષોમાં કેજરીવાલની બદલાતી રાજકીય વ્યૂહરચના, જેમ કે પહેલા ઈન્ડિયા બ્લોકમાં જોડાવું અને પછી એકલા દિલ્હી ચૂંટણી



લડવાનો નિર્ણય લેવો, તે પણ AAPના નબળા પ્રદર્શનનું એક મુખ્ય કારણ હતું. ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે કહ્યું કે આમ આદમી પાર્ટીની હારનું સૌથી મોટું કારણ ૧૦ વર્ષનો સત્તા વિરોધી માહોલ હતો. બીજી અને કદાચ સૌથી મોટી ભૂલ કેજરીવાલનું રાજીનામું હતું. વાસ્તવમાં, દારૂ નીતિ કેસમાં ધરપકડ થતાં જ કેજરીવાલને રાજીનામું આપવું જોઈતું હતું, પરંતુ જામીન મળ્યા પછી અને ચૂંટણી પહેલા, બીજા કોઈને મુખ્યમંત્રી બનાવવું તેમના માટે એક મોટી વ્યૂહાત્મક ભૂલ સાબિત થઈ. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ ૨૭ વર્ષ પછી સત્તામાં પાછી ફરી છે. ભાજપે ૭૦ માંથી ૪૮ વિધાનસભા બેઠકો જીતીને આમ આદમી પાર્ટીના ૧૦ વર્ષના શાસનનો અંત લાવ્યો. તે જ સમયે, AAP ફક્ત ૨૨ બેઠકો પર સમેટાઈ ગઈ છે. જ્યારે કોંગ્રેસ સતત ત્રીજી વખત ખાતું ખોલવામાં નિષ્ફળ રહી. પ્રશાંત કિશોરે કહ્યું કે કેજરીવાલની સતત બદલાતી રાજકીય વ્યૂહરચનાઓ તેમની વિશ્વસનીયતાને નબળી પાડે છે.

### અબજો સંપત્તિના વિવાદમાં હત્યારા પૌત્ર કીર્તિ તેજાની ધરપકડ

# આંધ્રપ્રદેશમાં પૌત્રે ૭૩ ઘા ઝીંકી ઉદ્યોગપતિ દાદાની હત્યા કરી

### પોલીસના કહેવા મુજબ, સરોજિની દેવી અને તેમનો પૌત્ર કીર્તિ ગુરુવારે જનાર્દન રાવના નિવાસસ્થાન પર ગયા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

આંધ્રપ્રદેશના ઉદ્યોગપતિ વેલમતી ચંદ્રશેખર જનાર્દન રાવના પૌત્ર કીર્તિ તેજાની સંપત્તિ વિવાદમાં તેમની હત્યા કરવાના ગુનામાં ધરપકડ કરવામાં આવી છે. પોલીસના કહેવા મુજબ વેલજન ગ્રુપ ઓફ કંપનીના ચેરમેન જનાર્દન રાવની ગુરુવારે રાત્રે હૈદરાબાદ સ્થિત તેમના નિવાસસ્થાન પર હત્યા કરવામાં આવી છે. આ ઘટનાનો ખુલાસો શનિવારે રાત્રે ત્યારે થયો, જ્યારે પોલીસે આરોપી સંબંધી (પૌત્ર)ની ધરપકડ કરી લીધી છે. અમેરિકાથી પરત આવેલા તેમના પૌત્ર કીર્તિ તેજા સાથે કથિત રીતે



સંપત્તિ વિવાદને લઈને ભારે ઝઘડો થયો અને તેણે પોતાના દાદા જનાર્દન રાવ પર ચાકુથી ૭૩ વખત ઘા કર્યા હતા. આંધ્રપ્રદેશના એલુરુના રહેવાસી ૮૬ વર્ષીય જનાર્દન રાવ છેલ્લા કેટલાક મહિનાથી અહીં સોમાજીગુડા સ્થિત નિવાસસ્થાન પર રહેતા હતા. જનાર્દન રાવે તાજેતરમાં પોતાની સૌથી મોટી પુત્રીના પુત્ર શ્રીકૃષ્ણને વેલજન જૂથના ડાયરેક્ટર પદે નિયુક્તિ કરી હતી.

### તપાસમાં દબાણ કરતા હોવાથી નેતાઓ સામેના કેસોનો અંત આવતો નથી

# સાંસદો-ધારાસભ્યો વિરુદ્ધ પેન્ડિંગ ૫૦૦૦ કેસનો ઝડપી નિકાલ લાવવા સુપ્રીમને અપીલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

દેશના હાલ ચાલુ અને ભૂતપૂર્વ એવા સંસદસભ્યો અને ધારાસભ્યો વિરુદ્ધ છેલ્લાં કેટલાંય સમયથી પેન્ડિંગ રહેલાં ૫૦૦૦ કેસને ધ્યાનમાં લેતા આ તમામ કેસના ઝડપી નિકાલ માટે આદેશ કરવા સુપ્રીમ કોર્ટને અપીલ કરાઈ છે. સંસદસભ્યો અને ધારાસભ્યો વિરુદ્ધ નોંધાયેલા ક્રિમિનલ કેસોના ઝડપી નિકાલની દાદ માંગતી કરાયેલી જાહેર હિતની અરજીઓના કિસ્સામાં કોર્ટ મિત્ર તરીકે નિયુક્ત થયેલા સિનિયર એડવોકેટ વિજય હન્સારીએ એવી દલીલ સાથે એક અરજી દાખલ કરી છે કે મોટાભાગે ધારાસભ્યો કે સાંસદો પોતાની વિરુદ્ધ



ચાલી રહેલી તપાસમાં ખુબ દબાણ અને પ્રભાવ ઉભો કરે છે જેના કારણે તેઓ વિરુદ્ધ ચાલી રહેલી કોર્ટની કાર્યવાહી પૂરી થતી નથી.'નામદાર કોર્ટને વિનંતી કરુ છું કે દેશની આ સર્વોચ્ચ અદાલત દ્વારા જુદા જુદા સમયે આદેશ કરાયા હોવા છતાં અને હાઈકોર્ટ દ્વારા ચાંપતી દેખરેખ રખાઈ હોવા છતાં હજુ પણ સાંસદો અને ધારાસભ્યો વિરુદ્ધ ખુબ મોટી સંખ્યામાં કેસ પેન્ડિંગ રહેવા પામ્યા છે જે આપણા લોકતાંત્રિક માળખા ઉપર એક મોટો ઘા છે. કેટલાંક કેસ તો દાયકાઓથી પેન્ડિંગ રહ્યા છે જે દર્શાવે છે કે ધારાસભ્યો અને સાંસદો પોતાની સામે ચાલી રહેલી તપાસમાં દબાણ કે પ્રભાવ ઉભો કરે છે જેના પગલે તેમની વિરુદ્ધ ચાલી રહેલી અદાલતી કાર્યવાહીનો અંત આવતો નથી' એમ એફિડેવિટમાં કહેવામાં આવ્યું હતું. દોષિત કે ગુનેગાર ઠરેલાં રાજકારણીઓ ઉપર આજીવન પ્રતિબંધ મૂકી દેવાની અશ્વિન ઉપાધ્યાય દ્વારા ૨૦૧૬માં ફાઈલ કરાયેલી જાહેર હિતની અરજીની સુનાવણી ન્યાયમૂર્તિ દિપંકર દત્તા અને મનમોહન સોમવારથી હાથ ધરશે.

## પહેલીવાર માણસમાં જોવા મળ્યો કેમ્પ હિલ વાયરસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

વિશ્વ સમક્ષ નવા રોગચાળાનો ભય ઉભો થયો છે. કોરોના, નિપાહ બાદ નવો ખતરનાક વાયરસ આવ્યો છે. ઉંદરોથી માણસમાં ફેલાતો સીએચવી વાયરસ અમેરિકામાં પ્રથમ વખત જોવા મળ્યો છે. ઉંદરોથી માણસોમાં ફેલાતો ખતરનાક કેમ્પ હીલ વાયરસ (સીએચવી) અમેરિકાના અલબામામાં પ્રથમ વખત જોવા મળ્યો છે. વૈજ્ઞાનિકો આ ઘટનાને ચિંતાની નજરે જોઈ રહ્યા છે. વિશ્વમાં માનવોમાં આ વાયરસ ખતરનાક રીતે ફેલાય તેવી ભીતિ છે. આ વાયરસ ગંભીર શ્વસન બિમારી અને મગજમાં એક પ્રકારનો સોજો પેદા કરી શકે છે જેને એન્સેફાલીટીસ તરીકે ઓળખવામાં આવે છે. કેમ્પ હિલ વાયરસ અમેરિકામાં પ્રથમ વખત ઓળખવામાં આવ્યો હતો, જે હેનીપ ાવાયરસ પરિવારનો હોઈ શકે છે. આ વાયરસ ઉંદરોથી માણસોમાં ફેલાઈ શકે છે, જેણે વૈજ્ઞાનિકોમાં ચિંતા વધારી છે. હેનીપા વાયરસમાં અત્યંત ઘાતક નિપાહ વાયરસનો સમાવેશ થાય છે, જેણે દક્ષિણ-પૂર્વ એશિયામાં ડરનો માહોલ પેદા કર્યો હતો.

### શ્રીલંકામાં ફરી એક વાર વીજળી સંકટ

# શ્રીલંકાના વિદ્યુત સ્ટેશનમાં વાંદરો ઘૂસી જતાં દેશભરમાં વીજળી ડૂલ

। (એજન્સી) કોલંબો, તા.૧૦ ।

ભારતના પડોશી દેશ શ્રીલંકામાં ફરી એક વાર વીજળી સંકટ પેદા થયું છે. પરંતુ આ વખતે વીજળી સંકટ ગત વખતની જેમ ઊર્જા સંકટને લીધી નહીં, પરંતુ એક વાંદરાને લીધે સર્જાયું છે. હકીકતમાં, શ્રીલંકાના વિદ્યુત ગ્રીડ સબ સ્ટેશનમાં સવારે ૧૧-૩૦ કલાકની આસપાસ એક વાંદરો ઘૂસી ગયો, જેના કારણે આખા શ્રીલંકામાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો અને અંધારપટ છવાઈ ગયો હતો. પ્રાથમિક માહિતી પ્રમાણે સતત ચાર કલાકની મહેનત પછી પણ વીજ પુરવઠો રાબેતા પ્રમાણે ચાલુ કરી શકાયો નથી.શ્રીલંકાની સરકારના ઊર્જા મંત્રી કુમારા જયકોડીએ ઘટનાની જાણકારી આપતાં કહ્યું કે, દક્ષિણ કોલંબોના ઉપનગરમાં એક વાંદરો અમારા ગ્રીડ ટ્રાન્સફોર્મરના સંપર્કમાં આવી ગયો હતો. જેના કારણે આખી સિસ્ટમમાં અસંતુલન પેદા થઈ ગયું હતું. એન્જિનિયરોની ટુકડી સંપૂર્ણ તાકાત સાથે તેને બરાબર કરવામાં લાગી છે. અમને આશા છે કે જલદીમાં જલદી વીજ પુરવઠો ચાલું કરવામાં આવશે.એક રિપોર્ટ પ્રમાણે હમણાં સુધી કેટલાક ક્ષેત્રોમાં વીજ પુરવઠો ચાલું કરી દેવામાં આવ્યો છે. પરંતુ બાકીના ક્ષેત્રોમાં વીજળી કયાં સુધી કપાયેલી રહેશે તેની કોઈ જાણકારી સામે આવી નથી. સીલોન ઈલેક્ટ્રિસિટી બોર્ડે પણ પોતાની વેબસાઈટ પર આ ઘટનાને લઈને નોટિસ મૂકીને કહ્યું કે અમે આખા દેશમાં વીજ પુરવઠો ચાલું કરવા શક્ય તમામ પ્રયાસો કરી રહ્યા છીએ. દેશવાસીઓને આ મામલામાં અસુવિધા પેદા થઈ એ માટે માફી માંગીએ છીએ.

**વિશેષ** | કેન્દ્રીય રેલ્વે મંત્રી અને રેલ્વે બોર્ડના અધ્યક્ષે ૧૨ ફેબ્રુઆરીના રોજ માઘી પૂર્ણિમાના આગામી અમૃત સ્નાન પહેલા ભીડની સ્થિતિ અને રેલ્વેની તૈયારીઓની સમીક્ષા કરી

# ચાલી રહેલા મહાકુંભ દરમિયાન શ્રદ્ધાળુઓ સરળતાથી આવે અને પરત જાય તે માટે ભારતીય રેલ્વે યુદ્ધના ધોરણે કામ કરી રહી છે

### પ્રયાગરાજ જંક્શન સહિત પ્રયાગરાજ વિસ્તારના તમામ આઠ સ્ટેશનો સંપૂર્ણ રીતે કાર્યરત છે; યાત્રાળુઓના સતત ધસારાને ઓછો કરવા માટે રેલવેએ રવિવારે ૩૩૦ ટ્રેનો અને આજે બપોરે ૩ વાગ્યા સુધીમાં ૧૯૧ ટ્રેનો દોડાવી

। (પીઆઈબી) નવી દિલ્હી ।

સતત ભારે ધસારો હોવા છતાં, ભારતીય રેલ્વે ચાલી રહેલા મહાકુંભ દરમિયાન ભક્તોને લાવવા અને તેમના ઘરે પરત લઈ જઈને તેમની સેવા કરવા યુદ્ધના ધોરણે કામ કરી રહી છે. એક દિવસ પહેલા એક ખોટા મીડિયા રિપોર્ટનું ખંડન કરતા કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે મીડિયાનાં માધ્યમથી દેશને માહિતી આપી હતી કે, પ્રયાગરાજ વિસ્તારના આઠ અલગ-અલગ સ્ટેશનોથી લગભગ ૩૩૦ ટ્રેનો ૧૨ લાખ ૫૦ હજાર યાત્રીઓને પોતાના ઘરે પરત લઈ ગઈ હતી. ધસારો ઓછો થઈ રહ્યો નથી, ત્યારે ભારતીય રેલ્વે ફક્ત ૪ મિનિટથી વધુ સમયમાં આ સ્ટેશનો પરથી એક-એક ટ્રેન ચલાવીને સુનિશ્ચિત કરી રહી છે કે ભક્તોને તેમના પવિત્ર સ્નાન પછી રાહ જોવી ન પડે. માઘી પૂર્ણિમાના આગામી પવિત્ર અમૃત સ્નાન પહેલા, આ ટ્રેનોની એક રેક એક જ સફરમાં સરેરાશ ૩૭૮૦ મુસાફરોને પૂરી પાડે છે તે દર્શાવે છે કે ધસારો ઓછો થઈ રહ્યો નથી. ઝોનલ અને ડિવિઝનલ રેલવે અધિકારીઓ સાથેની બેઠકમાં સ્થિતિની સમીક્ષા કરતાં રેલવે બોર્ડના ચેરમેન અને સીઈઓ શ્રી સતીશ કુમારે અધિકારીઓને જણાવ્યું હતું કે, તેઓ અસરકારક રીતે અને સંપૂર્ણ ક્ષમતા સાથે લોકોની સેવા કરવાના તમામ પ્રયાસોને માધ્યમોના ધ્યાન પર લાવે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, પ્રયાગરાજ જંક્શનની સાથે ૭ અન્ય સ્ટેશનો પ્રયાગરાજ છેઓકી, નૈની, સુબેદારગંજ, પ્રયાગ, ફફામાઉ, પ્રયાગરાજ રામબાગ અને ઝુસી સંપૂર્ણપણે કાર્યરત છે. સતત ધસારો હોવા છતાં પ્રયાગરાજ વિસ્તારના આ ૮ સ્ટેશનો પરથી વિશેષ અને નિયમિત ટ્રેનો સંપૂર્ણ ક્ષમતા સાથે દોડી રહી



છે. શ્રી સતિષ કુમારે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કોઈ પણ અમૃત સ્નાનના બે દિવસ અગાઉ અને તેના બે દિવસ પછી માત્ર એક જ સ્ટેશન પ્રયાગરાજ સંગમને બંધ કરવું એ એક રોજિંદી પ્રથા છે. વધુમાં, આ કામ પ્રયાગરાજ જિલ્લા વહીવટીતંત્રના સૂચન પર કરવામાં આવે છે અને તે અગાઉના પવિત્ર સ્નાન, અમૃત સ્નાન દરમિયાન કરવામાં આવ્યું હતું. એમાં કશું નવું નથી. તેમણે ભારતીય રેલવેનાં જનસંપર્કનાં મીડિયા, ઝોનલ અને ડિવિઝનલ ઓફિસોને ખાસ કરીને આસપાસનાં વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યાનાં અહેવાલને ધ્યાનમાં રાખીને શ્રદ્ધાળુઓને મહાકુંભ શહેર સુધી પહોંચવામાં મદદ કરવાનાં તેનાં વ્યાપક પ્રયાસો પર પ્રકાશ પાડવા વિનંતી કરી હતી. હકીકત એ છે કે આજે બપોરે ૩ વાગ્યા સુધીમાં ૮ લાખથી વધુ યાત્રાળુઓને લઈ જતા મહત્વપૂર્ણ પ્રયાગરાજ જંક્શન સહિત ૮ સ્ટેશનો પરથી ૧૯૦ થી વધુ વિશેષ અને નિયમિત ટ્રેનો રવાના થઈ ચૂકી છે.

દિવસની શરૂઆતમાં સીઆરબી અને સીઈઓ શ્રી સતીશ કુમારે કેન્દ્રીય રેલ મંત્રી શ્રી અશ્વની વૈષ્ણવને પ્રયાગરાજ વિસ્તારમાં રેલવેની સેવાઓની સુચારૂ કામગીરી વિશે માહિતી આપી હતી. જ્યાં તમામ રેલવે સ્ટેશનોના સીસીટીવી કેમેરા ફૂટેજ પ્રાપ્ત થયા હતા. બંનેએ ધસારાની ચાલી રહેલી સ્થિતિની સમીક્ષા કરી હતી અને માઘી પૂર્ણિમાના આગામી અમૃત સ્નાન પહેલા રેલવેની તૈયારી અંગે ચર્ચા કરી હતી. બાદમાં રેલવે બોર્ડના અધ્યક્ષ, રેલવે બોર્ડે મીડિયા અને સામાન્ય જનતાને વિનંતી કરી હતી કે તેઓ નિર્ણાયક પ્રયાગરાજ જંક્શન પર સેવાઓને અસર થઈ રહી છે, તે સંબંધિત અલગ-અલગ મીડિયા અહેવાલોનો શિકાર ન બને. તેમણે કહ્યું કે, મહાકુંભના લોગોથી રંગાયેલી મેળા સ્પેશિયલ ટ્રેનો જે ૮ રેલવે સ્ટેશનો પર જઈને દિવસ-રાત ચાલી રહી છે, ત્યાં જઈને તથ્યોની સરળતાથી ચકાસણી કરી શકાય છે. ભારતીય રેલ્વે મારફતે સામાન્ય દિવસે ૩૩૦ ટ્રેનો ચલાવવી એ ભારતના લોકો પ્રત્યેની રેલવેની અવિરત પ્રતિબદ્ધતાનો પુરાવો છે. આ સંખ્યા લગભગ ૩૬૦ ટ્રેનોની બરાબર છે, જે ગયા મહિને મૌની અમાવસ્યા પર ચલાવવામાં આવી હતી, જ્યારે ધસારો તેની ઐતિહાસિક ટોચ પર હતો.

મુસાફરોને નવીનતમ અપડેટ્સ માટે અને ગેરમાર્ગે દોરતી માહિતી ટાળવા માટે રેલ્વેના સત્તાવાર સ્ત્રોતોનો સંદર્ભ લેવાની સલાહ આપવામાં આવે છે.

**મુખ્યમંત્રીના વરદ હસ્તે મહોત્સવનો આરંભ | સ્વસ્થ સંસ્કારિત અને સમર્થ ભારત બનાવવાની આ અવિરત ચાલતી યાત્રાને વર્ષ ૨૦૨૪ને ૫૦ વર્ષ પૂર્ણ થયા**

# ભારત વિકાસ પરિષદના સુવર્ણ જયંતી મહોત્સવનો શુભારંભ

| (એજન્સી) ગાંધીનગર, તા.૧૦ |

સંપર્ક, સહયોગ, સંસ્કાર, સેવા અને સમર્પણ આ પાંચ આયામોને આધીન વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના નિર્માણનું કાર્ય ભારત વિકાસ પરિષદ પાછળ કેટલાય સમયથી સમગ્ર દેશમાં કરતુ આવ્યું છે. ગુજરાતમાં આ યાત્રા વર્ષ ૧૯૭૪માં "સમુત્કર્ષ" એવા નામથી શરુ થઈ હતી. સ્વસ્થ સંસ્કારિત અને સમર્થ ભારત બનાવવાની આ અવિરત ચાલતી યાત્રાને વર્ષ ૨૦૨૪ને ૫૦ વર્ષ પૂર્ણ થયા. આ ગૌરવશાળી અવસરે ભારત વિકાસ પરિષદ દ્વારા "સુવર્ણ જયંતિ મહોત્સવ"નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના અખિલ ભારતીય કાર્યકારિણી સદસ્ય માનનીય શ્રી ડૉ મનમોહન વૈધ હાજર રહ્યા હતા. સુવર્ણ જયંતિ મહોત્સવએ ભારત વિકાસ પરિષદના દરેક સદસ્ય માટે સેવા, સંસ્કાર અને સમર્પણનો ઉત્સવ બની રહ્યો. સમગ્ર ગુજરાતમાં આવેલ વિવિધ શાખામાંથી આવેલ ૩૦૦૦થી વધુ સદસ્યોએ પ્રત્યક્ષ હાજર રહીને આ ભવ્ય કાર્યક્રમને માણ્યો. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે કેટલાય સદસ્ય ૨૦૦ કિમિથી વધુનો પ્રવાસ કરીને પહોંચ્યા. કાર્યક્રમની શરૂઆતમાં "દશાઅવતાર"ની ભારત નાટ્યમ દ્વારા શીતલબેન મકવાણાની દિવ્ય રજુઆતથી હાજર સૌ મંત્રમુગ્ધ થયા ત્યારબાદ ભારત વિઅક્સ પરિષદની ગુજરાતમાં યાત્રા દર્શાવતી એક ફિલ્મ રજુ થઈ. કાર્યક્રમનો આરંભ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, અમદાવાદના મેયર પ્રતિભાબેન જૈન, સુરેન્દ્રભાઈ પટેલ, દિનેશભાઈ અમીન, ચૈતન્ય ત્રિવેદી અને અન્ય ગણમાન્ય અતિથિઓએ દીપ પ્રાગટ્ય કરીને કરાવ્યો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ સમાજસેવા ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન બદલ અજિતભાઈ શાહ, રાજકુમાર ભગત, વિનોદભાઈ શાહ, વલ્લભભાઈ રામાણી, હિમતસિંહ રાઠોડ, સતિષભાઈ ઠક્કર, ભરતભાઈ ઠક્કરને સન્માનિત કર્યા હતા. આ કાર્યક્રમમાં હસમુખભાઈ પટેલ, દિનેશભાઈ કુશ્વાહ, દેવાંગભાઈ દાણી, સુજયભાઈ મહેતા, જયેશભાઈ ત્રિવેદી, મહેશભાઈ પરીખ, શૈલેષભાઈ પટેલ, વિજયભાઈ ઠાકર, ભાનુભાઈ ચૌહાણ, કમાન્ડન્ટ (AOL), ૧૦૦ બટાલિયન RAF અને અન્ય સામાજિક અગ્રણીઓ વિશિષ્ઠ અતિથિરૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રહિત પ્રથમની ભાવના પ્રબળ બની છે. સેવા અને સમર્પણના ભાવ દ્વારા ઉન્નત સમાજ થકી વિકસિત રાષ્ટ્રના નિર્માણની ભાવના આજે સાકાર થઈ રહી છે. આ અંગે વાત કરતાં સેવાભાવ, સંસ્કાર અને સેવાદાયિત્વથી પણ રાજકારણ કરી શકાય એ તેમણે સાબિત કર્યું છે. સેવા અને સમર્પણભાવ થકી આજે સંસ્કૃતિ અને વિરાસતનું જતન થઈ રહ્યું છે. તેના દ્વારા વિકસિત અને વૈભવશાળી ભારતના નિર્માણનો પાયો નંખાઈ રહ્યો છે, એમ તેમણે ઉમેર્યું હતું. સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં ભારત વિકાસ પરિષદના યોગદાન વિશે વાત કરતાં મુખ્યમંત્રીએ કહ્યું કે આજે દેશ અમૃતકાળમાંથી પસાર થઈ રહ્યો છે, ત્યારે ભારત વિકાસ પરિષદ જેવી સંસ્થાઓ સરકાર અને વહીવટી તંત્રને પૂરક બનીને સમાજના દરેક વર્ગને આગળ લાવીને આગવી સમાજસેવા અને કર્તવ્યનિષ્ઠાનાં દર્શન કરાવી રહી છે.

## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદ એરપોર્ટને ઉડાવી દેવાની ધમકી

| (એજન્સી) અમદાવાદ, તા.૧૦ |

જેદાહથી અમદાવાદમાં લેન્ડિંગ કરેલ ઈન્ડિગો એરલાઈન્સની એક ફ્લાઈટમાં એક હસ્તલિખિત ચિઠ્ઠી મળી આવી હતી. જેમા અમદાવાદ એરપોર્ટને ઉડાવી દેવાની ધમકી મળતા સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી હતી. જોકે એજન્સી દ્વાકા તમામ મુસાફરોને ફ્લાઈટમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતા. તેમજ ચિઠ્ઠી લખનારને શોધી કાઢવા માટે દરેકના રાઈટીંગ સેમ્પલ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. અમદાવાદ એરપોર્ટ પર આવેલી ઈન્ડિગોની ફ્લાઈટમાંથી મુસાફરો બહાર નીકળ્યા બાદ ફ્લાઈટની સફાઈ દરમિયાન આ ચિઠ્ઠી મળી આવી હતી. જેમાં એરોપોર્ટને ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. એરપોર્ટ ઓથોરિટીએ પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ પહોંચી હતી અને મળેલી ચિઠ્ઠીને એફએસએલમાં મોકલી આપવામાં આવી હતી. હાલમાં એરપોર્ટ પર સીઆઈએસએફ દ્વારા પણ કડક ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યુ છે. નોંધનીય છે કે ત્રણ મહિના પહેલા પણ ઈન્ડિગોની ફ્લાઈટને ઉડાવી દેવાની ધમકી મળી હતી. પરંતુ તે સમયે કંઇ હાથ ન લાગતા એજન્સીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

### વડોદરામાં વરઘોડામાં ડી. જે.ના તાલથી ગાય ભડકી

| (એજન્સી) વડોદરા, તા.૧૦ |

વડોદરા શહેરને ઢોર મુક્ત કરવાની વાતો માત્ર કાગળ પર જ સુંદર લાગે છે બાકી તંત્ર માત્ર જુદી-જુદી સ્કીમો જ કાગળ પર ઘડતી રહે છે. શહેરના કલાલી વિસ્તારમાંથી તાજેતરમાં અગાઉ રંગે ચંગે પસાર થતા વરઘોડામાં ભડકેલી ગાય ઘુસી જતા જાનૈયાઓમાં ગભરાટભરી નાસભાગ મચી ગઈ હતી. જેમાં ડઝન જેટલા જાનૈયાઓને બીજા પહોંચી હતી આ જાનૈયાઓ પૈકી ચારને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે શહેરના દક્ષિણ વિસ્તારના પરિવારમાં લગ્ન પ્રસંગ યોજાયો હતો. રંગે ચંગે વરરાજાની જાન ડીજેના તાલે જાનૈયાઓના નાચ ગાન સાથે સાંજે પ્રસ્થાન થઈ હતી. મહિલાઓ સહિત બાળકો વરઘોડામાં ઉલ્લાસબેન નાચગાન કરી રહ્યા હતા. મેઈન રોડ પરથી બેન્ડવાજા અને ડીજેના તાલે પસાર થતી જાન આગળ જતી હતી. દરમિયાન રસ્તા પરથી નીકળેલી ગાય અચાનક ડીજેના અવાજથી એકદમ ભડકી હતી અને જાહેર રોડ પર દોડાદોડ કરવા માંડી હતી.

# નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે વન ડે મેચ રમાશે

## આ ટિકિટનો ભાવ તાજેતરમાં ૫૦૦થી લઈને ૧૨૫૦૦ સુધીનો ભાવ છે : ટિકિટ ખરીદવા માટે લોકોને ઉમટ્યા

| (એજન્સી) અમદાવાદ, તા.૧૦ |

ક્રિકેટના ચાહકો માટે ૧૨ તારીખનો દિવસ અમદાવાદમાં મજાનો સાબિત થવાનો છે. કારણ કે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે વન ડે મેચ રમાવા જઈ રહી છે. આ મેચ જોવા માટે યુવાનો અને ખાસ તો ક્રિકેટના રસિયાઓએ ૧૨ ફેબ્રુઆરીની આ મેચ માટે ટિકિટની વેતરણમાં પડ્યા હશે. ત્યારે આ મેચ જોવા માટે ટિકિટ ક્યાંથી ખરીદવી તે સૌથી મોટો સવાલ હોય છે, તો આવો તેના વિશે તમામ વિગતો આપને જણાવી દઈએ.







ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની આ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાવા જઈ રહી છે. જેના માટે ટિકિટ ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે ખરીદી શકાશે. સૌથી મોટી વાત એ છે કે આ ટિકિટનો ભાવ તાજેતરમાં ૫૦૦થી લઈને ૧૨૫૦૦ સુધીનો ભાવ છે. ત્યારે હાલમાં આ ટિકિટ ખરીદવા માટે લોકોને સ્ટેડિયમ ખાતે ઉમટી રહ્યા છે અને ઊંચા દામ આપીને પણ ટિકિટ ખરીદી આ મેચનો આનંદ માણવા માગતા અનેક લોકો આપને સ્ટેડિયમ બહાર જોવા મળી જશે. અહીં ઉલ્લેખનિય છે કે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પ્રથમ વન ડે ૬ ફેબ્રુઆરીના રોજ નાગપુરમાં રમાઈ હતી, જ્યારે બીજી વન ડે મેચ કટકમાં ૯ ફેબ્રુઆરીના રોજ રમાઈ હતી. જ્યારે હવે ત્રીજી વન ડે મેચ ૧૨ ફેબ્રુઆરીના રોજ અમદાવાદમાં રમાવાની છે. આ મેચ જોવા માટે કેટલાય ક્રિકેટના ચાહકો અત્યારથી આતુર છે. અમદાવાદના મોટેરા ખાતે આવેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આ મેચ જોવા માટે ટિકિટ લઈને જેવું પડશે. તેના માટે ટિકિટનું વેચાણ ૯ ફેબ્રુઆરીથી શરુ થઈ ગયું છે. સ્ટેડિયમ ખાતેથી પણ લોકો ઊંચા દામ આપીને ટિકિટ ખરીદી રહ્યા છે. ગુજરાત ક્રિકેટ એસોસિએશનની જાહેરાત અનુસાર, આ મેચની ટિકિટનું ઓનલાઈન વેચાણ ૪ ફેબ્રુઆરીથી બુક માય શો એપ પર શરુ થઈ ગયું છે. આ ટિકિટ ખરીદવાના લોકોને ટિકિટ તેમના આપેલા સરનામા પર પહોંચાડવામાં આવશે.

જ્યારે આવી જ રીતે તમારે ફિઝિકલ ટિકિટ ખરીદવા હોય તો ૯-૧૧ ફેબ્રુઆરીની વચ્ચે ખરીદી શકાય છે.જ્યાં સવારે ૧૦ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી સ્ટેડિયમ ખાતેથી ટિકિટ મળી રહેશે. ત્યારે આ ટિકિટ ખરીદવા માટે હજુ કાલના દિવસનો સમય છે. કેમ કે ૧૨ તારીખે મેચ રમાવાની છે.

**૩૦ લકઝરી કાર સાથે નબીરાઓના સિનસપાટા**

# સુરતમાં ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓનો કાર રેલી સાથે કાયદાનો ભંગ કર્યો

| (એજન્સી) સુરત, તા.૧૦ |

સુરતમાં ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓએ ફેરવેલ પાર્ટીની ઉજવણી માટે ૩૦ જેટલી લકઝરી કાર સાથે રેલી કાઢી કાયદાનો ભંગ કર્યો હોવાનું સામે આવ્યું છે. ઓલપાડ તાલુકામાં આવેલી ફાઉન્ટન હેડ સ્કૂલના વિદ્યાર્થીઓ આ રેલીમાં જોડાયા હતા. વિદ્યાર્થીઓએ મ્સ્ઉ, મર્સિડીઝ, સ્કોડા જેવી મોંઘી કાર સાથે જહાંગીરપુરાના ડી-માર્ટથી ફાઉન્ટન હેડ સ્કૂલ સુધી રેલી કાઢી હતી. મળતી માહિતી મુજબ, સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કુંકણી ગામની ફાઉન્ટન હેડ સ્કૂલમાં ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓની ફેરવેલ રાખવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ સ્કોડા, મર્સિડિઝ, બીએમડબ્લ્યુ જેવી ૩૦ જેટલી લકઝરી કાર લઈને પહોંચ્યા હતા. સોશિયલ મીડિયામાં જે વીડિયો વાઈરલ થયો છે તેમાં વિદ્યાર્થીઓ કારના રૂફટોપમાંથી બહાર નીકળી સ્ટંટ કરતા જોવા મળી રહ્યા છે. એકસાથે રસ્તા પર ૩૦ જેટલી કાર દોડાવતા અન્ય વાહનચાલકો પણ મુશ્કેલીમાં મુકાયા હતા.આ રેલી દરમિયાન વિદ્યાર્થીઓએ હાથમાં ફાયર ગન જેવા હથિયારો સાથે કારના દરવાજા પર લટકીને સ્ટંટ કર્યા હતા. જેના વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. આ ઘટનાથી સુરત પોલીસની કામગીરી પર પણ સવાલો ઉભા થયા છે. પોલીસને આ રેલીની જાણ હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. વિદ્યાર્થીઓએ જાહેર માર્ગો પર સ્ટંટ કરી ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું. જેના કારણે અન્ય વાહનચાલકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ પ્રકારની બેફામ ડ્રાઈવિંગ અને સ્ટંટના કારણે અકસ્માત થવાની પણ શક્યતા છે. હવે જોવાનું એ રહેશે કે પોલીસ આ વિદ્યાર્થીઓ વિરુદ્ધ શું કાર્યવાહી કરે છે. સુરતના જહાંગીરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારના ફાઉન્ટેન હેડ સ્કૂલ નજીક વિદ્યાર્થીઓના ગાડીઓના કાફલા સાથેના વીડિયો વાયરલ થયા બાદ, સુરત ટ્રાફિક પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી. DCP અમીતા વાનાણી એ જણાવ્યું કે, પોલીસ સ્ટેશન દ્વારા સંપૂર્ણ તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે. સુરત ટ્રાફિક પોલીસ દ્વારા તમામ કાર નંબર અને માહિતી મંગાવવામાં આવી છે.

**પાટણના ચાણસ્મામાં ભયંકર દુર્ઘટના**

# એક જ પરિવારના ૫ લોકોના તળાવમાં ડૂબી જવાથી મૃત્યુ

| (એજન્સી) પાટણ, તા.૧૦ |

પાટણના ચાણસ્મામાં તળાવમાં ડૂબી જવાથી પાંચના મૃત્યુ થયા છે. વડાવલી ગામમાં તળાવમાં એક જ પરિવારના પાંચ લોકો ડૂબી જતાં અરેરાટી વ્યાપી ગઈ છે. ઉલ્લેખનિય છે કે, પશુ ચરાવવા જતા સમયે દુર્ઘટના બની હતી. દુર્ઘટના એવી રીતે ઘટી કે બાળકને ડૂબી જતાં જોઈને મહિલા સહિત ત્રણ લોકો બાળકને બચાવવા તળાવમાં કૂદ્યાં હતા. જેના પગલે માતા-પુત્ર, પુત્રી અને અન્ય બે બાળકોના મોત થયા છે. મૃતકમાં ૨૫ વર્ષીય ફિરોઝા બાનુ, ૧૦ વર્ષીય માહીરા બાનુ મલેક, ૮ વર્ષીય અબ્દૂલ કાદરી મલેક, ૧૪ વર્ષીય સીમુ પઠાણ, અને ૧૬ વર્ષીય સોહીલ રહીમ કુરેશીનો સમાવશે થાય છે. બાળકને બચાવવા જતાં તળાવમાં આખો પરિવાર ડૂબી ગયો. એક પરિવારના ચાર બાળકો અને એક મહિલાનું મોત થતાં સમગ્ર વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. રવિવારના સાંજે માતા-પુત્ર અને પુત્રી સાથે અન્ય બે બાળકો પશુ ચરાવવા માટે ગયા હતા.જ્યાં તળાવમાં પગ લપસી જતા એક બાળક ડૂબવા લાગ્યો.બાળકને બચાવવા મહિલા ગઈ બાદ અન્ય બાળકો પણ તળાવના પાણીમાં ગરકાવ થયા.જો કે પશુઓ એકલા જ ઘરે આવતા પરિવારના લોકોની સાથે ગામના લોકો એકત્ર થયા.તળાવ પાસે પગરખા જોવા મળતા લોકોએ શોધખોળ શરૂ કરી.જેમાં તળાવમાંથી ચાર બાળક સહિત એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો.જો કે સમગ્ર ઘટનાને લઈ ગામમાં શોકનો માહોલ ફેલાયો. પાંચેય મૃતદેહને ચાણસ્મા રેફરલ હોસ્પિટલમાં ખસેડાયા.સાથે જ સ્થાનિક પોલીસ સહિત ચાણસ્મા પ્રાંત અધિકારી પણ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા... અને તમામ મૃતદેહને પોસ્ટમોર્ટમમાં મોકવાયા છે .જ્યાં પણ ગામના સરપંચ સહિત લોકો એકત્ર થયા હતા. એક જ પરિવારના ૫ લોકોના મોતથી ગામમા ગમગીની છવાઈ ગઈ છે. એકજ પરિવારના ત્રણ લોકો જેમાં માતા પુત્ર અને પુત્રી સહિત અન્ય બે બાળકોનો સમાવેશ થાય છે. તેઓ બપોરે બકરા ચરાવવા માટે બપોરે ગયા હતા અને ત્યાર બાદ બકરા ઘરે પહોંચ્યા પરંતુ સાથે એકપણ વ્યક્તિ ના દેખાતા શોધખોળ કરતા માલુમ પડ્યું કે, બાળકનો તળાવમાં પગ લપસવાથી ડુબ્તાયો હતો જેને બચાવવા જતા વારાફરતી એક બાદ એક પાંચે જણા તળાવમાં કૂદ્યા હતા.

**મેયરનો પ્રયાગરાજ પ્રવાસ વિવાદમાં**

# રાજકોટના મેયર સરકારી ગાડી લઈને મહાકુંભના પ્રવાસે ગયા

| (એજન્સી) રાજકોટ, તા.૧૦ |

રાજકોટના મેયરના પ્રયાગરાજ પ્રવાસને લઈને વિવાદ સર્જાયો છે. શહેરના વિકાસના કામો અને પ્રજાની સુખાકારી માટે ચૂંટાયેલા મેયર મહાકુંભમાં સ્નાન કરવા અને પાપ ધોવા માટે ગયા હોવાનું સામે આવ્યું છે. એટલું જ નહીં, તેમની સાથે મહિલા મોરચાના અધ્યક્ષ પણ પ્રવાસમાં જોડાયા હતા. આ પ્રવાસ માટે મેયરે પ્રજાના પૈસાથી ખરીદેલી સરકારી ગાડીનો ઉપયોગ કર્યો હતો. મળતી માહિતી અનુસાર, રાજકોટના મેયરે પ્રજાના પૈસે ચાલતી સરકારી ગાડીમાં મહાકુંભ પ્રવાસ કર્યો. તેની સાથે મહિલા મોરચાના અધ્યક્ષને પણ સાથે લઈ ગયા. પ્રયાગરાજથી રાજકોટ મેયરની કારના ફોટો સામે આવ્યા હતા. જેમાં સરકારી કાર પર મહિલાઓના કપડાં સુકાતા ફોટો સામે આવ્યા હતા. આ ફોટાઓ વાયરલ થતા અનેક ચર્ચાઓ ચાલી રહી છે. પ્રયાગરાજથી રાજકોટ મેયરની કારના ફોટો સામે આવ્યા છે, જેમાં સરકારી કાર પર મહિલાઓના કપડાં સુકાતા જોવા મળી રહ્યા છે. આ તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં મેયરની ટીકા થઈ રહી છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે શું મેયરે સરકારી કાર પ્રયાગરાજ લઈ જવાની મંજૂરી લીધી હતી ? શુ સરકારી ગાડીનો ઉપયોગ અંગત પ્રવાસ માટે કરી શકાય ? આ મામલે મેયરનો સંપર્ક કરવા પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ તેઓ ઉપલબ્ધ થઈ શક્યા નહોતા.

# બનાસકાંઠાના થરાદમાં તસ્કરોનો ત્રાસ, બે બંધ મકાનના તાળા તૂટ્યાં

| (એજન્સી) બનાસકાંઠા, તા.૧૦ |

બનાસકાંઠાના થરાદમાં તસ્કરો બેફામ બન્યા છે. સત્યમનગરમાં મકાનના તાળા તૂટ્યા હતા. તેના લીધે મકાનમાંથી ૧.૩૪ લાખ રૂપિયાની ચોરી થઈ હતી. એક જ સોસાયટીમાં બે મકાનના તાળા તૂટ્યા હતા. આ બતાવે છે કે તસ્કરો કેટલા બેખોફ છે. થરાદના સત્યમનગર સોસાયટીમાં એક જ રાત્રે તસ્કરોએ બે ઘરોને નિશાન બનાવ્યા બાદ વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ગેરેજનો વ્યવસાય કરતા રમેશભાઈ રાજપૂત તેમના પરિવાર સાથે બંધિયાવાસમાં લગ્નમાં હાજરી આપવા ગયા હતા. તે દરમિયાન તસ્કરોએ તેમના ઘરમાં લૂંટ ચલાવી હતી. પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, રમેશભાઈ ૫ ફેબ્રુઆરીના રોજ તેમના પરિવાર સાથે એક લગ્નમાં ગયા હતા. સાતમી ફેબ્રુઆરીના રોજ સાંજે છ વાગ્યે, તે ઘરે આવ્યા અને ગાડીની આરસી બુક લેવા ગયા અને પાછા ફર્યા. બીજા દિવસે સવારે સાડા આઠ વાગ્યે, તેમના પાડોશી જાલમસિંહ બારોટે ફોન કરીને જાણ કરી કે તેમના ઘરનું તાળું તૂટેલું છે. તસ્કરોએ લોખંડની તિજોરી તોડીને કુલ રૂ.૧.૩૪ લાખ રૂપિયાની ચોરી કરી હતી, જેમાં ૫૦૦ ગ્રામ વજનની ચાંદીની બાર (રૂ. ૨૫,૦૦૦), ૧૪ ગ્રામ વજનની બે સોનાની વીંટી (રૂ.૭૭,૦૦૦), બે ચાંદીના છાવટીયા (રૂ.૨,૦૦૦) અને ૩૦,૦૦૦ રૂપિયા રોકડાનો સમાવેશ થાય છે. આ જ સોસાયટીમાં બીજી ચોરી ઉત્તર પ્રદેશના હરિ સિંહ પાલના ભાડાના ઘરમાં થઈ. ઉલ્લેખનીય છે કે ચોરીના દિવસે હરિ સિંહ પોતાના વતન જવા રવાના થયા હતા. રમેશભાઈ રાજપૂતે થરાદ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે બંને ચોરીનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. આમ તસ્કરોએ લગ્નમાં ગયેલા પરિવારોના ઘર પર હાથફેરો કર્યો હતો. ચોરીઓ થતાં પોલીસ પેટ્રોલિંગ સામે સવાલ ઉઠ્યા છે.